વૈશાખ
ઓગણીસસો
સત્યાશીનું

કુમાર

તંત્રી રવિશંકર રાવળ

અંક ૮૯



આવતી કાલની આશાઓનું માસિક



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



જીવન-પ્રભાત
ચિત્રકાર : રવિશંકર રાવળ

વૈશાખ ઓગણીસ સો સત્યાશીનું

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

જવાન

• ઉપજાતિ–વંશસ્થ •

હિમાદ્રિ કેરા દધિ·શુભ્ર શૃંગ,
નિશા તણાં કાજળ ચીર આવરે,
દિશા દિશા વ્યોમ સમસ્ત છાવરે;
ને ગાજતા મૂક વ્યથામૃદંગ.

નિઃશબ્દ આખું જગ પોઢતું હતું,
નિઃશબ્દ શૃંગો નિરખે નિગૂઢતા,
ધરા પરે છાય અગમ્ય મૂઢતા;
અને વ્યથાનું બળ વાધતું જતું.

અંધારના કોઇ અગમ્ય આરે,
ભેંકાર રોતા સ્વર છાય માડીના,
ઊઠે ધ્રૂજંતા પડછંદ પ્હાડીમાં;
આંસુ સરે ઉષ્ણ રૂધિરધારે.

ઊઠે ધડાકો ચીરતો વિતાન,
આકાશથી ખપ્પર એક ઊતરે,
કિલ્લોલતાં સર્વ ગૃહે ફરી વળે;
આહ્લેક ગાજે 'નવ કો જવાન?'

ગિરિ તણા પથ્થર વજ્ર શા રડ્યા,
દ્વિત્રીંશકોટિ સુત–મા રડી રહે,
હિમાદ્રિનાં હિમ ઉનાં થઇ વહે;
જવાન તો યે નવ થાય કો ખડા.

ધ્રૂજે દિશાના દિગપાલ ને ધરા,
આકાશના સર્વ ગ્રહો ધ્રૂજી રહ્યા,
કાલિંદી–ગંગા જલ સ્તબ્ધ તો થયાં;
ધ્રૂજે ગિરિશૃંગ, ધ્રૂજંત કંદરા.

'પાછાં ફરો મા! અશકૂન કો નડ્યાં,
ન પુષ્પશય્યા પર વીર લેટતા;
તુરંગના પથ્થરદેહ ભેટતા,
ધરાસણાના અગરે જઈ પડ્યા!'

ઘરે પડ્યા તે નવ કો જવાનડા!
જીવી રહ્યાં દીન–ગરીબ જીવડાં!

કૃષ્ણલાલ શ્રીધરાણી



ઈંગ્લંડમાં અભ્યાસ માટે ગએલા મારા એક મિત્ર ત્યાં વસી રહેલા એક હિંદી ગૃહસ્થને મળવા ગયા. તેમના દીવાનખાનામાં એક ટેબલ ઉપર બે સુંદર લોટાઓ હતા. તે બતાવીને ગૃહસ્થે મારા મિત્રને પૂછ્યું, 'કહો જોઇએ, આ કયા દેશના છે?' મારા મિત્રને ધાટ વિશે બહુ અનુભવ નહોતો, છતાં એ લોટાઓ જોઇ તરત કહી શકયા કે 'તે હિંદી ઘાટના છે ને જરૂર હિંદુસ્તાનના કોઇ પ્રાંતના હશે.' તે સાંભળી તે ગૃહસ્થે જરા હસીને કહ્યું,'બેશક તે હિંદી ઘાટના છે, પણ બનાવટ હિંદી નથી.' ઇંગ્લંડમાં અમુક ગામડામાં એક કારખાનું છે તે ગમે તે મુલકનો ઘાટ યંત્રો મારફતે જથ્થાબંધ તૈયાર કરી, તે જે મુલકના હોય ત્યાંની બજારોને પૂરા પાડે છે'

આ એક જ વાતની પાછળ જે ઘટના બની રહી છે તેનો ખ્યાલ આ દેશમાં કેટલાને હશે? કોઇ એક પ્રાંતના હજારો કંસારા કે ઘાટ ઘડનારાની કોમની રોજી પડાવી લેનાર યંત્રની બનાવટોનો ઘસારો કેવી ઠંડી ધારથી આપણાં અંગો કાપી રહ્યો છે તેનું થોડુંકે ભાન આપણા દેશના ખરીદનારાઓને થતું હોય તો? આ વાસણો લઇ બજારમાં બેસનારા ધર્માત્મા(?) હિંદુઓએ કદી રોટલા કે વસ્ત્રો વિના ટળવળતા ગરીબ કારીગરોને યાદ કર્યા હશે ખરા? જીવદયા ખાતર અને પરોપકાર માટે પોકારો મારતા હિંદુ મહાજનો પ્રામાણિક મહેનત આપીને રોટલો માગનારા તરફ જરાકે રહેમદિલી કે ઉદારતા બતાવી તેમના ધંધા કે કામોને આશ્રય આપવા આગળ પડે છે ખરા?

મજૂર, કડિયા, સુતાર કે ધાતુકામ કરનારા પાસેથી કસીને કામ લેનારા મહેરબાનોને એકાદ નવી બનાવટની

રહું સદા ઉન્નત મસ્તકે વા
નિર્માની થૈને ચરણે નમું હું?
સૂઝ્યું સદા અંતરનું સ્વીકારૂં
કે જાળવું એક અખંડ શ્રદ્ધા?

આદેશ તારા શિર સૌ ચડાવું
શોધું વિવેકે મુજ માર્ગને વા?
વિલીન થાઉં તુજમાં હું નિત્ય
આ જિંદગીનો બનું વા પ્રવાસી?

(તનસુખ ભટ્ટ)

મોટર ખરીદતી વખતે અથવા નવી ફેશનનાં વિલાયતી સાધનો લેતી વખતે કોથળી ખોલતાં જુઓ તો નાણાંનો ધોધ વિલાયતમાં શી રીતે પહોંચે છે તે સમજતાં વાર નહિ લાગે. નાણાંનો વિનિમય સમાજ અને દેશને ટકાવી રાખનાર જીવતો પ્રવાહ છે. પણ છેવટે એ પ્રવાહ સમાજ કે દેશની બહાર જઈ ખાલી થાય તો અંતે સમાજ અને દેશ લોહી વિના તરફડીને મૃત્યુ જ પામે. આપણા દેશના શ્રીમાનો હજુ વેપારના સરવૈયામાં અથવા પરદેશ સાથેની આપલેમાં ખોટના જ ધંધા કરી રહ્યા છે. તેઓ કયાં સુધી દેશના જનસમુદાય પાસેથી પૈસા ખેંચી શકશે? કયાં સુધી પરદેશના વૈભવો ખરીદવાને નાણાં ફાજલ પાડી શકશે? પોતાની પાસે એકઠા થયેલા ધનપ્રવાહને જેઓ પાછો સમુદાય તરફ વાળી શકયા નથી તેઓને સમુદાય તરફથી એક દિવસ નિરાશા મળશે જ. સમુદાયનાં ખિસાં ખાલી થતાં જ ધનિકોનો આશ્રય ટળી જશે ને તેઓ પરદેશની નાણાંવ્યવસ્થા આગળ મગતરાં બની ફના થશે. ઘણા થયા છે ને થતા જાય છે.

જેઓ પરદેશી ચીજોને સાધન કરતાં શોખના હેતુથી જ વાપરે છે કે વધારે છે તેઓ દેશની નુકસાનીમાં વધારો કરે છે. તેમના ખર્ચથી દેશના કોઇ માણસને રોજી મળતી હોય અથવા દેશની સંપત્તિમાં વધારો કે ઉગારો થતો હોય ત્યાં સુધી એ ખર્ચ હક્ક ગણી શકાય. પણ જ્યારે દેશનાં સાધનો કે વસ્તુઓની ખાલી હરીફાઇ કરવામાં કે બીજા ઘણાને બેસાડી દઈ પોતાનો સ્વાર્થ ઉપર લાવવામાં તેઓ પરદેશને ખટાવે છે ત્યારે દેશના અંગ ઉપર પ્રહાર કરવાનું પાતક તેઓ જાણ્યે કે અજાણ્યે કરે છે જ. દુશ્મનો ગોળીથી મોત લાવે છે ત્યારે દ્રોહીઓ છૂપી યોજનાથી દેશબાંધવોને મોતના મોં આગળ ધરી દે છે. દારિદ્રય મોતનો ચોપદાર છે. ગોળીથી તરત મોત નીપજે છે; દારિદ્રય ધીરેધીરે સંતાપીને પ્રજાનો ક્ષય કરે છે. જેમણે પેલા હિંદી ઘાટના વિલાયતી લોટાઓ દેશમાં આયાત કર્યા હશે તેમણે દેશના કેટલા ઘાટ ઘડનારાને રોજી વિનાના કરી મૂકયા હશે? એમની વેપારી હરીફાઇએ બજારોમાંથી કેટલાને નસાડયા હશે? કેટલાને ઘેર દુઃખ અને ખોટના ઘા ફેંકાયા હશે તે તો જેને વાગ્યા હશે તે જ જાણતા હશે.

ખરી વાત છે કે આપણે પરદેશી યંત્રોને પહોંચી શકીએ; ખરી વાત છે કે આપણે કદાચ તેની ઝડપ અને સફાઈ પણ લાવી ન શકીએ; ખરી વાત છે કે આપણા વેપારીને વેપાર માટે અવનવી વસ્તુઓ જોઇએ જ. પણ આપણે જો ધારીએ કે જ્યાં સુધી દેશમાં વસ્તુઓ બનાવી આપનારા મળે ત્યાં સુધી તેમના જ હાથની વસ્તુઓ વાપરવી છે, તો આપણે આપણા શ્રમજીવીઓને ઘણા ઊંચા લાવી શકીએ. કોઇ પણ માણસ શોખની કે આનંદની એકાદ વસ્તુ બનાવી વેચવા આવે તો તેની આપણને ખાસ જરૂર ન હોય છતાં પણ પોતાની સંપત્તિ પ્રમાણે તેને જીવતો

રાખવા ખાતર તેની એ વસ્તુ લઇએ અથવા ખપાવીએ; અને હજારો નવરા પડતા માણસોને પાછું કંઇક કામ મળતું હોય તો આપણી ઉદારતા સહજ લંબાવીને પરદેશ કરતાં ભલે મોંઘા ભાવની પણ સ્વદેશી વસ્તુનો જ પહેલો આદર કરીએ. પરદેશથી આવતા રંગબેરંગી ગાલીચાઓ, પાથરણાંઓ, ભીંતમાં જડવાની છાપેલી ચીનાઇ ચોરસીઓ, ફર્નીચરો વિના આપણે નિભાવી શકીએ અને આપણા જ કારીગરો તથા શ્રમજીવીઓને નિર્વાહની ઘણી તક આપી શકીએ એમ છે. છતાં આપણાં દેવાલયો, જાહેર સંસ્થાઓ, શ્રીમાન ધાર્મિકો વગેરેને એ વસ્તુઓ છૂટથી વાપરીને પોતાની સંપત્તિનું અહોગાન કરતા જોઇને કોઇ પણ દેશજનનું દિલ દુભાયા વિના રહે નહિ. પરદેશથી આવતી આવી વસ્તુઓની કારીગરી અને સુંદરતા માટે પ્રશ્ન જ નથી, પરંતુ જે વખતે એવી વસ્તુઓ તૈયાર કરનારો આપણા દેશનો મોટો વર્ગ ભૂખે ટળવળતો હોય, પ્રામાણિક કામને માટે ફાંફાં મારતો હોય, તેમનાં ઓજારો કાટ ખાતાં હોય, શક્તિઓ લુપ્ત થતી હોય અને આપણી શિલ્પવિદ્યા અલોપ થવાની તૈયારીમાં હોય તે વખતે તેમના સમુદ્ધારનો પ્રયત્ન છોડી પોતાનો શોખ માત્ર પૂરો પાડવા એવી વસ્તુઓ વસાવીએ તો આંગણામાં માતાની ચિતા ખડકીને ઘરમાં દીવાળી કરવા જેવું છે.

આપણે આપણા ઘરને, વાતાવરણને સ્વદેશમમતાનું પૂર્ણ પ્રતીક ન બનાવી શકીએ તો આપણા સંસ્કાર શા કામના? આપણે દેશદેશના ઇતિહાસનો સાર શો સમજ્યા? આપણે સ્વધર્મ અને સ્વાભિમાનનો અર્થ કેટલો જાણ્યો? જો એક વખત સ્વદેશની બનાવટ તથા સ્વદેશના ઘાટ ઉપર મમતા પ્રકટાવી શકીએ તો એક મહાસાગર જેવડો શિલ્પીઓનો વર્ગ પુનરુત્થાન પામી શકે, કાશ્મીરથી કન્યાકુમારી સુધીનાં ગામડેગામડે સુંદર વસ્ત્રો અને ઘાટ પાછા સર્જાવા માંડે, આપણાં શહેરોની બજારો અનુપમ વસ્ત્રાલંકારો, વાસણો અને બેનમૂન શિલ્પકૃતિઓથી ઉભરાઈ જાય; આપણી ઇમારતો વિશ્વકર્માની વિભૂતિથી ઝળકી ઊઠે, દેશવિદેશ ખ્યાતિ પામેલાં પુરાણાં દેવાલયો, રાજમહેલો, નગરો, તાજમહાલો અને મકરબા ઘડનારા ફરીવાર જન્મ લે અને ભારતની સંપત્તિ ભારતવાસીના હાથમાં જળવાઈ રહે. સોનારૂપાથી માંડી માટી અને ચામડાની અવનવી અપૂર્વ શિલ્પસમૃદ્ધિ માટે હિંદ એકવાર જગતભરમાં જેમનાથી પંકાયું હતું તે નિઃશબ્દ શિલ્પકાવ્યો રચનારાં આંગળાં પાછાં ગતિમાન થાય. એ માટે પ્રત્યેક ભારતવાસી આજ પોતાના ધનની ગતિ બદલે તો આ આશા જરૂર સફળ થશે.

ૐ

પાટણના સાહસિક વિદ્યાર્થીમંડળે ગઇ તા. ૨૯–૩૦મી એપ્રિલે ડૉ. હરિપ્રસાદના પ્રમુખપણા નીચે પોતાનું પાંચમું સંમેલન ભરીને કળા-કારીગરીના નમૂનાઓનું સંરક્ષણ કરવા એક કાયમી સંગ્રહસ્થાન કરવાનું ઠરાવ્યું છે અને તે માટે એક સમિતિ નીમી છે. તેમણે કેટલાક સુંદર નમૂનાઓ એકઠા પણ કર્યા છે ને વખત જતાં તેમનો પ્રયત્ન બહુ લોકોપયોગી બનશે એમ લાગે છે. ગામેગામના યુવાનોએ તેમનું દૃષ્ટાંત લઇ એ દિશામાં કંઇક આદર કરવો જોઇએ.

કામ કરો

જો તમે ગરીબ હો તો—કામ કરો.

જો તમને નિરાશા થાય તો તો જરૂર કામ કરો.

જો તમે ધનવાન હો તોપણ કામ કરવાનું તો ચાલુ જ રાખો.

જો તમે સુખી હો તો યે પહેલાંની માફક કામ કરતા જ રહો.

તમને ગમે તેટલું દુઃખ થતું હોય તેની દરકાર ન રાખતાં કામ કરો.

જો સત્ય ડગમગતું હોય અને વિચારશક્તિ નબળી પડતી હોય તો યે કામ તો કરો જ.

જો ગેરવાજબી લાગતી જોખમદારી તમારા ઉપર આવેલી જણાતી હોય તો પણ કામ કરી છૂટો.

ઘડેલા મનોરથો અફળ ગયા હોય અને તમારી આશાઓ ભંગ થએલી જણાય ત્યારે તો અવશ્ય કામ કરો.

(બોધક)

દાટેલું ધન

બાપે મરતી વખતે ખેતરમાં ધન દાટેલું હોવાનું કહેવાથી ચારે દીકરાઓએ આખું ખેતર ઊંડે સુધી ખોદી જોતાં કાંઇ નીકળ્યું નહિ, પણ એ રીતે સારૂં ખેડાણ થવાથી બીજે વર્ષે લચાલૂમ પાક ઉતર્યો ને ચારે ભાઇઓ પૈસાદાર થઇ ગયા એ વાતનો મર્મ મોટપણે સમજાયો (કે ધન ખેતરમાં નહિ પણ મહેનતમાં દાટેલું હતું) ત્યાં સુધી, નાનપણમાં વાંચેલી અરેબિયન નાઇટ્સની અને બીજી પરીઓની કલ્પના-કથાઓમાં જેમ કોઇને અચાનક ધનના દાટેલા ચરૂ મળી જતા તેમ મને પણ એકાદ મળી જાય એવી ઘણી વાર બાળમનને ઇચ્છા થયા કરતી. હજી પણ હું જાણું છું કે માત્ર બાળકોને નહિ, પણ એવા બાળ-મનસવાળાં ઘણા મોટાઓને સુદ્ધાં, એમ અકસ્માતે ધનિક થઇ જવાનો કલ્પનાલોભ થઇ આવે છે, તો તમને થતો હોય એમાં નવાઇ નથી. ઓરડાની પછીતને ખૂણેથી, ઘર પાછળના વાડામાં ઊભેલી જમરૂખી નીચેથી કે ખેતરમાંના વડની પાંચ વડવાઇઓના ઝૂમખા તળેથી એકાદ ચરૂ મળી આવે એવી કલ્પના કરવા દોડતા તમારા મનને વધારે સંગીન અને ફલદાયી કલ્પના પર દોડાવજો કે ધનનો ચરૂ એવી અવડ જગ્યાએ ન પણ પ્રામાણિક ઉત્સાહની ઝલકથી ઓપતા અને પરસેવાનાં ટીપે નીતરતા પરિશ્રમમાં દાટેલો હોય છે. તમારે ઘર, વાડો કે ખેતર હોય કે ન હોય, પણ ખડતલ શરીર, મજબૂત બાવડાં ને શ્રમ ખેડવાને તત્પર પ્રફુલ્લિત મન તો છે જ.

અને એમાં જ તમારૂં ધન દાટેલું છે.



સાકરનો શોધનારો



નામ		ઓળખ	વય
અંજન	:	ભાઈ–બહેન	૧૦
કિન્નરી	:	ભાઈ–બહેન	૮
નિખિલરાય	:	એમના પિતા	૩૫
સુરેન્દ્રનાથ	:	ડાક્તર	૩૦
ભાસ્કરરાય	:	નિખિલરાયના મિત્ર	૩૪

ચિત્ર પહેલું

[અંજનનો અભ્યાસખંડ જોવા જેવો છે. ખુરશી પર, બાજઠમાં, જોડા સાથે, જ્યાં ને ત્યાં ચોપડીઓ ને નોટબુકો રખડતી પડી છે. ટેબલ ઉપર મેંજાં છે. મેલાં અને ધોએલાં કપડાં પણ એક જ ઢગલામાં દેખાય છે. એકબે કિત્તા, બેત્રણ પેનસિલ, રબ્બર વગેરે વતરણાં છૂટાંછવાયાં રખડે છે. અહીં અંજન આવે છે]

અંજન: લાલમાં વાદળી રંગ મેળવીએ એટલે જાંબુડો થાય. પીળામાં લાલ મેળવીએ એટલે નારંગી થાય. વાદળીમાં લીલો મેળવીએ એટલે . . .

[એ સંભારવાની મહેનત કરે છે માથું ખજવાળે છે, પણ કાંઇ ફાવતો નથી.]

(ચીડાઇ) માસ્તર આમ ગોખાવ્યા કરે એ ખોટું. યાદ તે કેટલું રહે? હું તે ગણિત ગોખું કે ઇતિહાસ ગોખું? એક પાકું કડકડાટ કરૂં છું ત્યાં બીજું મગજમાંથી ખાલીખમ થઇ જાય છે! (મુઠ્ઠી પછાડી) અમારે ભણવું તે કેટલુંક? રમવાનું તો જાણે નામ જ ન લેવું! હું તો હેરાન થઈ ગયો! આવું ભણતર તે કોણે કર્યું હશે?

[નિરાશ થઇને એ ખુરશીમાં પડે છે. એવામાં ટેબલ પર હાથ અથડાતાં લાલ શાહીનો ખડિયો જરા ઢળે છે. અંજન બ્લોટિંગ વડે ડાઘા સાફ કરે છે. એથી એનાં આંગળાં ખરડાય છે.]

(બ્લોટિંગ પરના ડાઘ સામે જોઇ) આ બરાબર ઉપાય છે. એક વાર આ લાલ ડાઘામાં ભૂરી શાહી ભેળવું એટલે પછી કોઇ દહાડો નહિ ભૂલું કે લાલ રંગમાં વાદળી રંગ ભેળવ્યાથી કયો રંગ ઉત્પન્ન થાય છે?

[વાદળી શાહીનો ખડિયો બ્લોટિંગ ઉપર ઊંધો વાળે છે. એને ખબર નથી રહેતી કે એથી એના હાથ તો શું પણ કપડાં પણ ઠીક ખરડાય છે]

બરાબર. જાંબુડો! જાંબુડો!

[ઉત્સાહથી એ કૂદકા મારવા માંડે છે]

(એટલમાં ફિકરથી) પણ પીળા રંગનું શું થશે?

[એ વિચારવા લાગે છે. એટલામાં એની નાની બહેન કિન્નરી પ્રવેશ કરે છે.]

કિન્નરી: ભાઇ, ભાઈ, સત્તર સત્તાં કેટલાયાં સો?

અંજન: (ડાઘા સંતાડતો) પણ હું વાંચું છું ત્યારે કેમ આવી? જા; નથી કહેતો.

કિન્નરી: તું તો હમણાં કૂદકા મારતો હતો.

અંજન: તેમાં તારૂં શું ગયું? જા; તું તારૂં કામ કર.

કિન્નરી: પણ . . .

અંજન: પણ ને બણ. માથું ન પકવ. વાંચવા દે.

કિન્નરી: કે કૂદકા મારવા દઉં?

અંજન: (ગુસ્સે થઇ) ગરબડ નહિ. જા; હું કૂદીશે ય ખરો, લે. પણ તને તો કાંઇ કહેવાનો નથી.

[અંજન ખરેખર ફરી કૂદવા લાગે છે. કિન્નરી શાહીના ડાઘા જોઇ જાય છે]

કિન્નરી: (તાળી પાડી) બાપુને બોલાવવા દે. કપડાં કાળાં કર્યાં છે તો લગીર ગાલ લાલ કરે.

[કિન્નરી જવા જાય છે. અંજન તેનો હાથ ઝાલે છે.]

કિન્નરી: મને જવા દે.

અંજન: કિન્નુ, સત્તર સત્તાં ઓગણીસું સો.

[કિન્નરી જતી અટકે છે. અંજનને હાશ થાય છે. પણ ત્યાં તો એમના બાપુ આવે છે.]

નિખિલરાય: કેમ રે?-શાના ધમપછાડા ચલાવ્યા છે?

અંજન: આ કિનુ મને ક્યારની પજવે છે.

નિખિલરાય: કેમ રે કિનુ?

કિન્નરી: મસ્તી તો અંજુ કરે છે. એના હાથ જુઓ, એનાં કપડાં જુઓ.

[અંજને આંગળાં અને કપડાંનાં ડાઘા સંતાડવાની મહેનત લીધી હોય છે તે નકામી જાય છે. ડાઘા જોતાં નિખિલરાયનો મિજાજ બગડે છે. એ જોતાં કિન્નરી ત્યાંથી સરકી જાય છે.]

નિખિલરાય: (અંજનનો કાન પકડી) ગદ્ધા, તું તો સુધરવાનો જ નહિ ને? રોજ ને રોજ તારા સામે ફરિયાદ હોવાની! એક દિ' બારીના કાચ ભાંગે છે તો બીજે દિ' દવાની બાટલી ફોડે છે! આજે શાહી ઢોળી, કપડાં બગાડ્યાં, આખા ઘરમાં ડાઘ પાડ્યા . . .

[ગુસ્સો ઊભરાતાં નિખિલરાય અંજનને થપ્પડ ચોડી દે છે. અંજન ઢીલોઢફ બન્યો હોય છે.]

નિખિલરાય: બોલ, કેમ કરતાં શાહી ઢળી? ટેબલ પર નાચ કરતો હતો?—કે ખડિયો ઉછાળતો હતો?

અંજન: હું લાલ શાહીમાં વાદળી ભેળવવા ગયો.

નિખિલરાય: ત્યારે તો કહેને કે હુન્નર કરતો હતો!

અંજન: ના. હું ખાતરી કરતો હતો કે એ બેની મેળવણીથી જાંબુડો રંગ થાય છે કે નથી થતો.

નિખિલરાય: કેમ?—કોઇ રંગારાને ત્યાં નોકરી કરવી છે કે શું? (માથામાં ટપલી મારી) બેસ; વાંચવાનું વાંચ. દસ વાગ્યા પહેલાં જો આ ખુરશીમાંથી હલ્યો કે ચલ્યો તો પગ જ વાઢી નાખીશ.

[અંજન ચુપચુપ ખુરશીમાં ગોઠવાય છે. નિખિલરાય પગ ઉપાડે છે ત્યાં કિન્નરી એમને રોકે છે.]

કિન્નરી: બાપુ, મા કહે છે કે તમે અંજુને મારશો મા.

નિખિલરાય: એણે જ એને બગાડ્યો છે ને? તદ્દન રેઢિયાળ છોકરો થઇ ગયો છે! કાલે એના માસ્તર પણ કહેતા હતા કે ભાઇ પહેલા નંબરના ઠોઠ છે. માસ્તર ભણાવે ત્યારે ભાઇનું મન ભીંતોમાં ભમતું હોય છે. ફાવે છે તો ઊંઘી જાય છે. નથી ઊંઘતા ત્યારે આંકડા બગાડે છે! વર્ગના બાંકડેબાંકડે એમનું નામ કોતરાઇ ગયું છે! તારી માને મોટાભાઇનાં પરાક્રમો તો કહે. પછી ભલે એનું ઉપરાણું તાણે.

[કિન્નરી જતી રહે છે. અંજન જરા પાછળ નજર કરે છે.]



કિન્નરી : બાપુ, અમને આંચકો તો લગારે નહોતો લાગતો.

નિખિલરાય: વળી ચોપડીમાંથી માથું ઊંચું કર્યું? આજે તારે માથે મોત ભમતું લાગે છે. મને એમ કે બાળકને કોણ કલેશ કરાવે; એટલે હું મૂંગો રહ્યો હતો. પણ તમે તો મોંમાં આંગળાં નાખીને બોલાવો એવાં છો! માવતરનું માવતરપણું રહેવા ક્યાં દો છો?

[અંજન વળી પાછો વાંચવામાં પડે છે. એની આંખો પાનામાં છે, પણ ધ્યાન ઠપકામાં છે.]

કિનુ કહેતી હતી કે કાલે તું વીજળીના પંખાને અપડપલું કરતો હતો. કોઈ દિવસ આંચકો લાગશે. . . .

[કિન્નરી દાખલ થાય છે.]

કિન્નરી: પણ બાપુ, અમને આંચકો તો લગીરે નહોતો લાગતો.

નિખિલરાય: હવે તું એની વહારે ધા. બધાં એને બગાડવામાં સમજ્યાં છો. મને લાગે છે કે હવે મારે કડક થયા વિના નહિ ચાલે. અંજુ, ચાલ ઊભો થા.

[અંજન ઊભો થાય છે. કિન્નરી ગભરાય છે.]

નિખિલરાય: (આંખો ફેરવી) આમ આવ.

[અંજન પાસે આવે છે. કિન્નરી દોડી જાય છે.]

નિખિલરાય: (કડકાઇથી) તારે તોફાન કરવું હોય તો મોસાળ પાછો ચાલ્યો જા. અહીં તો ભણવાનું, ભણવાનું ને ભણવાનું. મસ્તી કરી છે તો માર્યા વગર નહિ મૂકું. આજથી બધું બંધ છે. પૈડું, ભમરડો, લખોટા, મને સોંપી દે. સાઇકલ પર બેઠો છે તો તારી વાત તું જાણજે. ચાલ બધું બહાર કાઢ.

[ટેબલનું ખાનું ઉઘાડી અંજન પૈડું અને સળિયો, ભમરડો અને જાળ નિખિલરાયને સોંપે છે.]

નિખિલરાય: લખોટા ક્યાં ?

અંજન: ખોવાઇ ગયા.

નિખિલરાય: કે મોટા ભા થઇને કોઇને દઇ દીધા ?

[અંજન ચૂપ રહે છે.]

નિખિલરાય: બીજું શું શું છે ?

અંજન: કશું નથી.

નિખિલરાય: જોવા દે.

[નિખિલરાય ટેબલનાં ખાનાં તપાસે છે. ઊંડાણમાંથી થોડીક ખીલીઓ અને એક નાની હથોડી નીકળે છે.]

નિખિલરાય: કેમ અંજુભાઇ, આતું શું કામ પડયું હતું ?—એકાદ મગજમાં ખોડ એટલે ચસ્કી ન જાય.

[અંજન મૂંગો રહે છે.]

નિખિલરાય: (ફાટતે અવાજે) બોલતો કેમ નથી ?—મોંમાં મગ ભર્યાં છે ?—હથોડી કેમ લીધી હતી ?

અંજન: (રડતે સાદે) આ ખુરશીના પાયા જરા ઢીલા થઈ ગયા છે તે...

નિખિલરાય: તે તું સમા કરવાનો હતો કેમ ?—સુતારને ઘરે જન્મવું હતું ને ?—આવો હજામ જેવો તું ક્યાં લગી રહીશ ?—મારે તે તારા નામનો કેટલો કકળાટ કરવો ?

[અંજનની આંખમાંથી આસુ ખરતાં હોય છે. કિન્નરી ડરતે ડગલે આવે છે.]

કિન્નરી: અંજુ, ચાલ મા બોલાવે છે.

નિખિલરાય: જા; એની સોડમાં સંતા.

[કિન્નરી અંજનને ખેંચી જાય છે.]

નિખિલરાય: (જતાં જતાં) બાળકોનાં ભવિષ્ય એમની માતાઓ જ રગદોળે છે ? પ્રભુ, પ્રભુ !

ચિત્ર બીજું

[માંદલો અંજન પથારીમાં પડ્યો છે. એનો પ્રફુલ્લ ચહેરો પીળો પડી ગયો છે; આંખોનું તેજ હણાયું લાગે છે. એને પડખે, ઇસ ઉપર કિન્નરી બેઠી છે. અંજનના કપાળપર, માથાપર, હૃદયપર એ પોતાનો સુંવાળો હાથ ફેરવે છે. બીચારી તાકીતાકીને અંજન સામું જોતી હોય છે. એટલામાં અંજન પડખું બદલે છે.]

કિન્નરી: (પંપાળતી) અંજુ, ભાઇ, કાંઇ જોઇએ છે ?

અંજન: ના, કિન્નુ. મારે કાંઇ નથી જોઇતું, તારે રમવા જવું હોય તો જા.

કિન્નરી: ના, અંજુ. હું તો અહીં બેસી રહેવાની.

અંજન: શું કામ ?—હું માંદો તેમાં તારે શું કામ



કિન્નરી : અંજુ, ભાઇ, કાંઇ જોઈએ છે ?

ન રમવું ?—જા, બહેન.

કિન્નરી: ના, ભાઇ. હું કયા મોંએ રમું ? (નીચું જોઇ) મારે વાંકે તું માંદો પડ્યો. મારે જ તને સાજો કરવો જોઇએ.

અંજન: તારે વાંકે ?—ના, ના. હું તડકામાં ખૂબ કૂદ્યા કરતો. પછી તાવ ચડે એમાં શી નવાઇ ?

કિન્નરી: ના ના, અંજુ. આજે સવારે મા બાપુને કહેતી હતી કે તેમણે જ તને માંદો પાડ્યો છે. પેલે દિવસે તને બાપુ એટલું બધું ધખ્યા ન હોત તો તારી તબિયતને કશું ન થાત.

[અંજન કિન્નરીને જોઈ રહે છે]

પછી મા મને વઢતીતી કે મેં તને પજવ્યો ન હોત તો બાપુને કંઇ ખબર પડત નહિ. એટલે વાંક મારો છે.

[કિન્નરી અંજનની છાતી પર પોતાનું માથું ઢાળી દે છે. હેતાળ હાથે અંજન કિન્નરીનું માથું ઊંચું કરે છે. પછી તેના વાળ પર હાથ ફેરવે છે.]

અંજન: કિન્નરી, એમ ઢીલી ન થા. વાંક તારો ય નથી અને મારો ય નથી. મા ઘડીઘડી નસીબનો વાંક કાઢ્યા કરે છે ને ? મારૂં યે નસીબ વાંકું હશે.

[અંજન હસવાનો પ્રયત્ન કરે છે. હસી પણ શકે છે. પરંતુ એના હાસ્યમાં ઉત્સાહ નથી, રંગ નથી, ચેતન નથી.]

કિન્નરી: ભલે, ભાઇ. એ જે હોય તે ભલે રહ્યું. આપણે બીજી વાત કરીએ. તારે દવા પીવાનો વખત થયો છે. પીશ, અંજુ ?

અંજન: જવા દે. મને બહુ કડવી લાગે છે. એ પીઉં છું એટલે આંખે અંધારાં આવે છે. જવા દે.

કિન્નરી: પણ ભાઇ, દવા પીધા વિના કાંઇ ચાલે?

[અંજન ઉત્તર નથી આપતો. કિન્નરી વિચારમાં પરોવાય છે. એવામાં નિખિલરાય સુરેન્દ્રનાથ સાથે પ્રવેશ કરે છે]

નિખિલરાય: દાક્તર સાહેબ, અઠવાડિયામાં તો છોકરો લેવાઇ ગયો. હવે તો બરાબર થઇ જાય એવું કાંઇક કરો. રોજ તો કેટલો તાવ છે, ક્યારે ઊતરે છે વગેરે ચિઠ્ઠીમાં લખી મોકલતો. પણ આજે તો ઘરમાંથી હઠ લીધી કે તમને તેડાવવા. મને ય થયું કે વાત વિચારવા જેવી છે.

સુરેન્દ્રનાથ: સારૂં કર્યું. આવા આળસમાં કોઇ વખત માણસ બાળક ખોઇ બેસે છે. ઠીક છે કે આને એવું કશું નથી. બાકી મામલો ગંભીર થઇ જાય પછી તો અમારે સુધારવો યે કેમ?

[સુરેન્દ્રનાથને હસવું આવે છે. નિખિલરાય એનાથી ચીડાય છે. પણ શું કરે?]

સુરેન્દ્રનાથ: સાહેબ, છોકરો દવા બરાબર પીએ છે કે?

[નિખિલરાય શીશી સામે જુએ છે. કિન્નરી તે જ પળે દવા કાઢી અંજનને આપે છે. અંજન એ ગટગટાવી જાય છે. મોં ન બગડે તેને માટે ઘણો પ્રયત્ન કરે છે. તો ય લગાર એમ થઇ જાય છે.]

સુરેન્દ્રનાથ: (હાથ પહોળા કરી) લ્યો! દવા પીવી નહિ ને તબિયત સુધારવી! એ તે કદિ બનતું હશે?—હરિ ભજ્યા વિના વૈકુંઠ મળતું હશે? હહહહા!

નિખિલરાય: દાક્તર સાહેબ, હવે તું ધ્યાન રાખીશ. અંજુ, સાંભળ્યું ને?—દવા વખતસર પીવાની છે અને કિન્નુ, સાંભળ્યું કે?—દવા નિયમસર પાવાની છે.

કિન્નરી: હો, બાપુ.

સુરેન્દ્રનાથ: તો ચાલો હું લખી આપું.

[નિખિલરાય અને સુરેન્દ્રનાથ પાછા ફરે છે.]

કિન્નરી: અંજુ, દાક્તર સાહેબે તો તારી નાડે ન તપાસી!

અંજન: હશે. હવે હું દવા ઢોળી નાખવાનો છું.

કિન્નરી: અરે! એવું તે થાય?

[એટલામાં અંદરથી અવાજ આવે છે.]

અવાજ: કિન્નુ, અહીં આવ તો?

કિન્નરી: આ આવી, મા.

અંજન: જા જોઉં, શું કહે છે? તું અહીંની અહીં બેસી રહે છે અને એને તો કાઇ યે મદદ કરતી જ નથી!



ભાસ્કરરાય : એ કોલસામાંથી સાકર શોધનારો કોઇક દિવસ જગતને નવું અજવાળું આપશે.

[કિન્નરી જલદી જાય છે. અંજન ધીમેથી પથારીમાં બેઠો થાય છે.]

અંજન: (કંકાસથી) હું હસતો નથી એટલે મા રડ્યા કરે છે! હું બોલતો નથી એટલે બહેન ગમગીન બને છે!—પણ હું શું કરૂં?—મારો આનંદ મરી ગયો છે! જાણે જીવન જ જતું રહ્યું!

[હાંફતી, હસતી કિન્નરી આવે છે.]

કિન્નરી: ભાઇ, ભાઇ! ભાસ્કર કાકા આવ્યા!

અંજન: (હોંશથી) હેં? ચાલ; ક્યાં બેઠા છે?

કિન્નરી: હમણાં અહીંઆં આવશે. મા તેમને તારી જ વાત કરતી હતી.

[અંજનના હોઠ પર હાસ્ય ફરકે છે.]

કિન્નરી: અને એમની પેટીમાં તો શાંશાં રમકડાં લાવ્યા છે! જાણે રાત ને દિવસ રમ્યા જ કરીએ.

[આ સાંભળતાં અંજનનો ચહેરો ઊતરી જાય છે. કિન્નરીને તેનું કારણ નથી સમજાતું. પાછળથી નિખિલરાય અને ભાસ્કરરાય આવે છે. પણ ભાઇબહેનને તેની ખબર ન પડે એમ એઓ છાનામાના ઊભા રહે છે.]

અંજન: ભાસ્કર કાકા ભલે આવ્યા; ભલે રમકડાં લાવ્યા. પણ એમને ક્યાં ખબર છે કે બાપુએ એની બંધી કરી છે?

કિન્નરી: (હસતી જતી) તું જોજે તો ખરો? એઓ બાપુને કહી દેવાના છે કે આપણને કદી વઢે નહિ, મારે નહિ, પણ બસ રમવા જ દે. હું અહીં આવી ત્યારે એઓ માને એમ જ કહેતા હતા.

અંજન: (આતુર આંખોએ) તું સાચું કહે છે કિન્નુ? અરે! તો તો બીજું જોઇતું'તું શું?

[ઉલ્લાસભર્યો અંજન કિન્નરીને બાઝી પડે છે. તેઓની નજર પડે એ પહેલાં ભાસ્કરરાય નિખિલરાયને લઇ ચાલ્યા જાય છે]

ચિત્ર ત્રીજું

[નિખિલરાય અને ભાસ્કરરાય દીવાનખાનામાં આવે છે. ખંડ સુશોભિત છે. નિખિલરાય આરામ ખુરશીમાં અદ્ધર બેસે છે. ભાસ્કરરાય ઝૂલતી ખુરશીમાં હીંચકે છે.]

ભાસ્કરરાય: જોયું ને, નિખિલભાઇ ? એટલી વારમાં અંજન કેટલો ખુશમિજાજમાં આવી ગયો ? એને તમારી બીકનો તાવ આવતો હશે.

[પહેલાં તો નિખિલરાય ભાસ્કરરાય સામે જોઇ જ રહે છે. પણ પછી બચાવ તરીકેનું બહાનું કાઢે છે.]

નિખિલરાય: ભાસ્કરભાઇ, તમે મને ખોટો દોષ દો છો. અંજુનાં લક્ષણ તમે જાણતા નથી. મહિના દહાડા પહેલાં કોલસાનો મોટો કકડો લઇ એના એ ભૂકા કરતો હતો.

ભાસ્કરરાય: શા વાસ્તે ?

નિખિલરાય: મેં પૂછયું ત્યારે કહે કે કોલસામાંથી સાકર બને છે એવું તેણે વાંચ્યું છે એટલે એ સાકર બનાવતો હતો! આવું એક વાર નથી બન્યું. નિત્ય નવા હુન્નર! કેટલા કહું ?—મારે તે ક્યાં સુધી આંખ આડા કાન કરવા ? (હવામાં હાથ વીંઝી) એમાં ભણવાનું તો નામ જ ન મળે ! અને નક્કામાં થોથાં જડે તો એની પાછળ ઉજાગરા કરે !

ભાસ્કરરાય: ભાઈ, તમારી ભૂલ થાય છે. ભણવાની ચોપડીઓ મોઢે કરનારાઓએ પણ એમનું કેટલું દળદર ફીટાડયું ? એવા ય ચૌટેચૌટે રખડે છે ! આપણા વર્ગમાં કાયમ પહેલા પાંચની અંદર નામ રાખનારા રાજારામને મહિને માંડ પાંત્રીસ રૂપરડી મળે છે ! પેલા છેલ્લે બાંકડે પડી રહેનાર રામલાલે લોખંડના ધંધામાં બંગલા બંધાવ્યા છે ! બધું આપણી આંખ આગળ છે.

નિખિલરાય: (ગરમ થઇ) એટલે ? મારે એને લોઢાના કારખાનામાં મોકલવો, એમ ?

ભાસ્કરરાય: (હસી) ગુસ્સે ન થશો. પણ હું માનું છું કે અંજનમાં બુદ્ધિ છે, શક્તિ છે. એટલે હું માગું છું કે એને તમે રૂંધી ન નાખો. એને સાચા માર્ગે વળવા દો. અંજનનું જીવન જ્યાં હણાય નહિ પણ પ્રફુલ્લે ત્યાં તેને જવા દો. એ કોલસામાંથી સાકર શોધનારો કોઇક દિવસ જગતને નવું અજવાળું આપશે.

[નિખિલરાય પર આની અસર થઇ જણાય છે, કારણકે એઓ તદ્દન મૌન જાળવે છે. ભાસ્કરરાયને આથી સંતોષ ઉપજે છે. ખુરશીમાંથી ઊભા થઇ, એઓ બારણે પહોંચે છે.]

ભાસ્કરરાય: (બૂમ મારી) અંજુ, કિનુ, અહીં આવો.

[કિન્નરી આવી પહોંચે છે.]

કિન્નરી: શું કહ્યું, કાકા ?

ભાસ્કરરાય: અંજન ક્યાં ? [અંજન આવે છે.]

કિન્નરી: (જોરથી) આ આવ્યો.

ભાસ્કરરાય: (ધીરેથી) જાઓ. લતા ભાભીને કહો કે તમને રમકડાં વહેંચી આપે.

[કિન્નરી ઊપડી જાય છે. અંજનની આંખો નિખિલરાય ભણી હોય છે. જાણે જવાની રજા ન માગતી હોય!]

નિખિલરાય: જા. [ઉમંગથી ઊછળતા પગલે અંજન કિન્નરીને પકડી પાડે છે.]

ભાસ્કરરાય: (એ બતાવતાં) જોયું ?

[નિખિલરાય આડું જોઈ જાય છે. ભાસ્કરરાય પડખે પડેલું છાપું ઉપાડે છે. અંદરથી આવતો અંજન અને કિન્નરીનો મીઠો કિલકિલાટ બંનેના કાને અથડાય છે.]

યશવંત પંડ્યા

જીવનનું પ્રભાત

· વસંતતિલક—સૉનેટ ·

આજે સખે ! નવલ એ જ પ્રભાત ઊગે
જેવાં અઢાર ઊગતાં નિરખ્યાં અનૂપ;
કિંતુ દીઠો કદી ન જીવનયજ્ઞ ધૂપ
જે કંકુરંગ ધરી આજ દિગંત પૂગે.

આકાશની સરસ પુષ્પિત ડાંખળીએ
રૂંહેતું હતું ટહુકી આતમપંખી નાનું,
રેલી મીઠું ભીતર દર્દ દ્રવંત ગાણું,
—એ જેમ સારસ અજોડ સશોક રૂએ.

ને આજ તો ગરુડપાંખ ધરી ઉમંગે
વીંધે વિશાલ નભ કેરી ઊંડી ગુહાય;
ને સીંચી રક્ત ક્ષિતિજે પૂરતું સુભાત,
શું નાચતું નયન રંગિત કૈંક રંગે !

શું નંદતું હૃદય શૌર્યભર્યું સુહાય !
આજે ઊગંત નવજીવનનું પ્રભાત !

ઉમાશંકર જોષી

સોના-નાવડી



જીવનનું એક જ રહસ્ય સમજાવવાની કવિ અને ફિલસૂફની ભાષા જુદી જુદી હોય છે. ફિલસૂફ લુખ્ખી હકીકત, ડોળ વિનાનું સત્ય કે ઘાટ વિનાની ધાતુ રજુ કરે છે. કવિ કોઇ સુમધુર કલ્પનાચિત્રના ગર્ભમાં કોઇ અલંકાર બનાવીને કે સુરમ્ય કથાચિત્ર ઉપજાવીને આકર્ષણ કરી પ્રેમલ વાણીમાં હૃદયનો અનુભવ કે દશા વર્ણવે છે. આ નીચેના કાવ્ય ‘ સોના–નાવડી ’માં કવિવર રવિબાબુએ જગતનું એક સનાતન રહસ્ય ગોપાવ્યું છે. એ કાવ્યમાં ધ્વનિત થતું ચિત્ર આત્માના કરુણ એકાકીપણાની કહાણી છે. આખું યે જીવન ‘ ધાન વાઢી ઢગલા કર્યાં ’, ‘ સામા કાંઠા પરના વ્હાલા ગામડા ’નો વિયોગ સહ્યો પણ છેવટે તો એ ઢગલા ‘ પેલી નૌકાના નાવિકને મન માને ત્યાં વાવરવાને ’ આપી દીધા ! અને જીવનનું સંઘરેલ સર્વસ્વ વીણીવીણીને આપી દીધા પછી તેને જ માત્ર નાવમાં બેસવાની જગ્યા ન મળી ! નાવ દૂરનાં ગામતરાં કરવા ચાલી જાય છે, અને નાના ખેતરને શેઢે એ આત્મા વકાસી રહે છે.

ૐ

સુમધુર દર્દભરી વાણીમાં લખાએલું આ કાવ્ય કેટલો ગંભીર જીવનસ્વર ઉપાડે છે એ ઘણાને એકાએક ન પણ સમજાય. પણ કવિ પાસે મિત્રોએ આગ્રહ કરી તેનો ભાવ પકડવાની કૂંચી માગી ત્યારે તેમણે ઇશારાપુરતો ખુલાસો આપ્યો કે ‘ નાવ લઇ સંચરતો કર્મનો દેવતા મનુષ્યની ઉપાસના સંઘરી લે છે ને સૃષ્ટિમાં વાવરે છે. ઉપાસના ગમે એટલી હોય તેને હોડીમાં જગ્યા મળે છે, પણ મનુષ્યના વ્યક્તિત્વને સ્થાન મળતું જ નથી. આદિકાળથી જગતના વિકાસક્રમમાં કેટલાં યે માનવોનો પુરુષાર્થ આજ સુધી ફાળો પૂરી રહ્યો હશે, પણ કોણ તેમને ઓળખે છે ? જગત આખાનું જીવન જેના પર નિર્ભર છે તે ધાન્ય ઉગાડવાની આટલી સંપૂર્ણ વિધિ જેણે સૃષ્ટિમાં પહેલી તૈયાર કરી હશે તે આદિ મનુષ્યનું મહત્ત્વ આજના શોધકોને મુકાબલે પણ અતિઘણું છે; છતાં આપણે તેમના વિશે શું જાણીએ છીએ? માત્ર તેમની ઉપાસનાનાં ફળ જેમનાં તેમ આજ જગતના કલ્યાણમાં વપરાય છે.

[મારાં નયણાંની આળસ રે–એ ગીતનો ઢાળ]

ગાજે ગગને મેહુલિયા રે, વાજે વરસાદ ઝડી;
ગાંડાં નદી–પૂર છલિયાં રે, કાંઠે બેઠી એકલડીઃ
મારા નાના ખેતરને રે, શેઢે હું તો એકલડી.

મેં તો ધાન વાઢી ઢગલા કરિયા,
ડૂંડાં ગાંસડીગાંસડીએ ભરિયાં;
ત્યાં તો વાદળ ઘોર તૂટી પડિયાં.

ભીંજું ઓથ વિનાની રે, અંગેઅંગે ટાઢ ચડી;
મારા નાના ખેતરને રે, શેઢે હું તો એકલડી.

સામે કાંઠે દેખાયે રે, વ્હાલું મારૂં ગામડિયું;
ગોવાલણ શી’ વાદળીએ રે વીંટચું જાણે ગોકળિયું.

મારે ચૌદિશ પાણીડાં નાચી રહ્યાં,
આખી સીમેથી લોક અલોપ થયાં;
દિનાનાથ રવિ પણ આથમિયા.

ગાંડી, ગોરજ–ટાણે રે, નદી અંકલાશ ચડી;
એને ઉજ્જડ આરે રે, ઊભી હું તો એકલડીઃ
મારા નાના ખેતરને રે, શેઢે હું તો એકલડી.

ૐ

પેલી નૌકાનો નાવિક રે, આવે ગાતોઃ કોણ હશે !
મારા દિલડાંનો માલિક રે, જાણે જૂનો બંધુ દિસે.

એની નાવ ફૂલ્યે શઢ સંચરતી,
એની પંખી શી ડોલણહાર ગતિ;
નવ વાંકીચૂંકી એની દૃષ્ટિ થતીઃ
આવે મારગ કરતી રે, પ્રચંડ તરંગ વિષે;
હું તો દૂરેથી જોતી રે, જૂનો જાણે બંધુ દિસેઃ
પેલી નૌકાનો નાવિક રે, આવે ગાતોઃ કોણ હશે!
કિયા દૂર વિદેશે રે, નાવિક! તારાં ગામતરાં?
તારી નાવ થંભાવ્યે રે! આહીં પલ એક જરા!
તારી જ્યાં ખૂશી ત્યાં તું જજે સુખથી,
મારાં ધાન દઉં તુંને વ્હાલપથી,
મન માને ત્યાં વાવરજે હો પથી!
મારી લા'ણી * લેતો જા રે! મોઢું મલકાવી જરા!
મારી પાસ થાતો જા રે! આહીં પલ એક જરા!
કિયા દૂર વિદેશે રે, નાવિક! તારાં ગામતરાં?
'લે! લે! ભારા ને ભારા રે!' છલોછલ નાવડલી.
'બાકી છે? વા'લા મારા રે! હતું તે તો દીધ ભરી.
'મારી જૂની પછેડી ને દાતરડી,
'મારાં ભાતની દોણી ને તાંસલડી;—
'તૂંને આપી ચૂકી બધું વીણીવીણીઃ
'રહ્યું લેશ ન બાકી રેઃ રહ્યું નથી કાંઈ પડી;
'રહી હું જ એકાકી રેઃ આવું તારે નાવ ચડી.
'લે! લે! ભારા ને ભારા રે!'—છલોછલ નાવડલી.
હું તો ચડવાને ચાલી રે નાવિક નીચું જોઈ રહે,
નવ તસુ પણ ખાલી રે, નૌકા નવ ભાર સહે.
મારી સંપત વ્હાલી રે, શગોશગ માઈ રહે.
નાની નાવ ને પથિક પંથે પળ્યાં,
ગગને દળવાદળ ઘેરી વળ્યાં,
આખી રાત આકાશેથી આંસુ ગળ્યાં.
સૂની સરિતાને તીરે રે, પડી રહી હું એકલડી;
મારી સંપત લઇને રે ચાલી સોના–નાવડલી
મારા નાના ખેતરને રે શેઢે હું તો એકલડી!

ઝવેરચંદ મેઘાણી

(શ્રી રવિબાબુના 'સોનાર તરી' નામના બંગાળી કાવ્ય પરથી)

* કાઠિયાવાડમાં 'કાપણી'ને—'લણણી'ને 'લા'ણી' કહે છે.

પુરાણ કાળથી પ્રસિદ્ધ વિદ્યાતીર્થ કાશી નગરીમાં એક નરમણિને પિતૃપુણ્યે ભારતીય કલાલક્ષ્મીનો અનેરો પ્રસાદ મળ્યો તથા તેનું અનુપમ રસસૌખ્ય પ્રાપ્ત થયું. પરિણામે તેને મહદ વાંછના થઈ આવી કે પોતાને જે રસરૂચિ, સુખ અને આનંદનો અનુભવ થયો તે ભારતનાં સૌ જનોને સુલભ થાય. આ અભિલાષા પૂર્ણ કરવા માટે તેણે પોતાની ગાંઠની સંપત્તિ ખર્ચીખર્ચીને જિંદગીની આજની પળ સુધી એકઠી કરેલી સર્વ કલાસામગ્રી ભારતની પ્રજાને અર્પણ કરી દઇને જીવન ધન્ય માન્યું છે.

વીસવીસ વર્ષની કલા પાછળની પોતાની અવિશ્રાંત ઉપાસના, મહેનત અને સંગ્રહનું ફળ જનસમસ્તના કલ્યાણ તથા આનંદ માટે હિંદી પ્રજાને અર્પણ કરી દેનાર એ શ્રી રાય કૃષ્ણદાસ પોતાની આ કલાભક્તિથી કાંઇ પહેલી વાર જનપરિચયમાં નથી આવતા. કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની 'ગીતાંજલિ'ની બરોબરી કરી શકે તેવા ઉત્કૃષ્ટ ગદ્યકાવ્યના હિંદી પુસ્તક 'સાધના'ના કર્તા તથા હિંદી સાહિત્યરસના મિમાંસક તરીકે ઘણા કાળથી હિંદી સાહિત્યસૃષ્ટિમાં તેમનું નામ આદર પામ્યું છે. સરસ્વતીના એ સાધકના આ મહદ કલા-અર્પણથી તો એમના યશમંદિરને કળશ ચડે છે; 'ભારતીય કલાના અનન્ય ભક્ત'નું એ બિરદ પામે છે.

ઇ.સ. ૧૮૯૨ના નવેમ્બરની પાંચમી તારીખે અગ્રવાલ વૈશ્ય કુળમાં એમનો જન્મ થયો. એમના વંશના મૂળ પુરુષને સમ્રાટ અકબર તરફથી 'રાય'નો ઇલકાબ અને બીજા હકો મળ્યા હતા. તેમજ એ કુટુંબની બુદ્ધિપ્રતિભા, કૌશલ તથા યોગ્યતાને લીધે ઘણી સંપત્તિ એકઠી થઇ હતી. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કાળમાં એ કુટુંબ ઘણી વાર લૂંટાએલું અને ધનવર્જિત થઇ ગએલું, પણ એક પછી એક સવાયા પાકતા એ કુટુંબના નબીરાઓએ સ્વપરાક્રમથી પોતાની સ્થિતિ પહેલાં જેવી કરી લીધી હતી. લક્ષ્મીભંડારના વારસા ઉપરાંત એ કુટુંબમાં લાખો રૂપિયાની કિંમતનો પુસ્તકભંડાર પણ હતો; પરંતુ એ પુસ્તકાલયની રક્ષા થઈ શકી નથી.

રાય સાહેબના પિતાશ્રી રાય પ્રહ્લાદદાસજી હિંદીના મહાન સાક્ષર 'ભારતેન્દુ હરિશ્ચન્દ્ર'ના થોડા સગપણના ભાઇ હતા. સંસ્કૃત સાહિત્ય અને કવિતાકલા પર તેમને સવિશેષ રૂચિ હતી. તેની અસર કૃષ્ણદાસજી ઉપર ખાસ થઇ. સાત વર્ષની નાની ઉમરે કૃષ્ણ-

‘ચિત્રો મનુષ્યને સંસ્કાર આપી શકે છે એ વાત આજના ભારતીય નાગરિકના માનસમાં ઉતારવી મુશ્કેલ છે. યુરોપનાં પુસ્તકોના ભંડારો ભરવા પાછળ પોતાની આમદાનીની બચત ખર્ચી નાખનારા વિદ્વાનો અને શ્રીમાનોએ કલા મારફત મળતાં રસાસ્વાદ, આનંદ કે સુરૂચિની કદર કરી હોત તો આજે ભારતની કલાસમૃદ્ધિ પરતીના ભાવે યુરોપનાં સંગ્રહાલયો ખેંચી ન જ જાત. લાખોના ખર્ચે ચાલતી કૉલેજો અને હાઇસ્કુલોએ દેશની કલાલક્ષ્મીનો દર્શન પુરતો યે સંગ્રહ વસાવ્યો હોત તો આજનો યુવાન તેનો પ્રસાદ પામ્યા વિના રહ્યો ન હોત. દર સાલ રદ થતાં અનેક પુસ્તકોનો ખર્ચ અને બીજી બાજુ ભંગાર કે પરતીના ભાવે મળતી અમૂલી કલાપંક્તિઓની કિંમત વિચારીએ તો આપણી નાદાર કેળવણીનું માપ સહજ નીકળશે.’



હિંદી કલાના અનન્ય ભક્ત શ્રી રાય કૃષ્ણદાસજી



‘ભારત કલા ભવન’ની ધ્યાનસંજ્ઞા

દાસજીને ચિત્રાંકનનો શોખ લાગ્યો હતો; આઠ વર્ષની વયે તેમણે પહેલવહેલી છંદરચના કરી હતી.

ચિત્ર કરવાના અતિ નાદથી તેમની તબિયતને હાનિ પહોંચવા લાગી, એટલે વડીલો તરફથી તેની તેમને મના થઇ. પણ એ શોખમાંથી જન્મેલી કલાભક્તિ તો વિકસતી જ રહી. કલાના તે ઉત્તમ આલોચક બન્યા. કલાનિરીક્ષણથી આનંદ મળે છે અને મનોવૃત્તિ ઉચ્ચ બનીને જીવન સાર્થક થાય છે એમ તેઓ માને છે.

પહેલાં તો તેમને એવી આકાંક્ષા થઇ કે આપણા દેશમાં એક મહાન રાષ્ટ્રીય કળાશાળા થવી જોઇએ, જેમાં આપણા દેશનાં પૌરાણિક, ઐતિહાસિક અને સૃષ્ટિસૌંદર્યનાં ચિત્રોનો સુંદર સંગ્રહ થાય. તે વખતે તેમને તૈલચિત્રો તરફ વધારે આકર્ષણ હતું. પરંતુ ઈ.સ. ૧૯૧૦માં હિંદના મહાન શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર સાથે એમને મુલાકાત થઇ, અને તેમના પરિચયથી તેમને હિંદી કળાનો મર્મ સમજાયો. પહેલી જ મુલાકાતે તેમને ખાતરી થઇ કે જેમ પૂર્વ અને પશ્ચિમની અનેક વાતોમાં ફરક છે તેમ બંનેની કલા પણ જુદી જ છે. પાશ્ચિમાત્ય કલાના આશ્રય દ્વારા આપણે આપણા ભાવોની વિશેષતા ઠીક રીતે વ્યક્ત કરી શકીએ તેમ નથી. તે વખતથી જ તેમણે આપણા દેશનાં ચિત્રોનો સંગ્રહ કરવા માંડ્યો અને હિંદની ભાવિ મહાન કળાશાળાનો સંકેત રચ્યો.



ભારત કલા પરિષદનું ધ્યાનચિત્ર

૧૯૨૦ના જાન્યુઆરીની પહેલી તારીખે આચાર્ય ભગવાનદાસજીના નિર્દેશથી તથા શ્રી સીતારામ સાહા અને શ્રી શિવેન્દ્રનાથ વસુના સહકારથી ‘ભારત કલા પરિષદ’ની સ્થાપના થઇ. તેના વિવિધ ઉદ્દેશોમાં સંગીતવિષયક પ્રવૃત્તિને પણ સ્થાન હતું. એ પરિષદના સભાપતિ તરીકે વિશ્વકવિ શ્રી રવીન્દ્રનાથ ઠાકુર અને ઉપસભાપતિઓ તરીકે શિલ્પાચાર્ય શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર તથા શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ હતા.

ભારત કલા પરિષદની સ્થાપના થતાંની સાથે જ રાય કૃષ્ણદાસજીએ પોતાને ત્યાં ચિત્રો, મૂર્તિઓ વગેરે જે જે કલાસામગ્રી હતી તે બધી પરિષદને અર્પણ કરી દીધી. એ સુંદર અને મોંઘો સંગ્રહ એકત્ર કરવા પાછળ રાય કૃષ્ણદાસજીએ પોતાનો ઘણો સમય અને અનહદ દ્રવ્ય ખર્ચ્યાં હતાં અને તેની કિંમત લગભગ એક લાખ રૂપિયા જેટલી થવા જતી હતી. એટલી મૂલ્યવાન સામગ્રી સંઘરવાને તથા તેની સુવ્યવસ્થિત ગોઠ-

વણુ કરવાને વિશાળ મકાનની જરૂરત હતી, એટલે તેને માટે ફાળો મેળવવા તેઓ હિંદનાં મુખ્યમુખ્ય નગરોમાં બધે ફરવા નીકળ્યા હતા. અમદાવાદ પણ તેઓ આવ્યા હતા. પરંતુ એજ વખતે અસહકાર-યુગ ચાલતો હતો અને બારડોલીની પહેલી લડત જાહેર થવાની તૈયારી હતી. એટલે પ્રતિકૂળ સંજોગો લાગવાથી કામ અધૂરૂં મૂકી તેઓ તરત પાછા ગયા હતા. એ સમયે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી તેમણે એક સુંદર પ્રવચન આપ્યું હતું, જે તેમની સુમધુર સંસ્કારી ગદ્ય શૈલિના ઉત્તમ નમૂનારૂપ હતું. હિંદી ભાષાના નામાંકિત કવિ શ્રી મૈથિલીશરણુ ગુપ્ત તથા હિંદીના લોકવાર્તાવિશારદ મુન્શી અજમેરીજી પણ તેમની સાથે હતા. 'બારડોલી' પર રચેલું કવિ મૈથિલીશરણજી-નું જે હિંદી કાવ્ય એ સમયે 'નવજીવન'માં પ્રકટ થએલું તે તેમના એ પ્રવાસના અમર સ્મરણ રૂપે રહ્યું છે. અજમેરીજીએ એ સમયે સંભળાવેલી હિંદી લોક-વાર્તા 'હેમલો જાટ' પણ 'હેમલા ભૂત'ના નામે 'કુમાર'માં નોંધાઇ ચૂકી છે.

રાય શ્રી કૃષ્ણદાસજીનાં તે વખતનાં અધૂરાં રહેલાં એ સ્વપ્ન છેક હમણાં સિદ્ધ થયાં છે અને તેમાં કાશીની સુવિખ્યાત 'નાગરી પ્રચારિણી સભા'એ એમને સારો સહકાર આપ્યો છે. એ સભાએ પોતાના વિશાળ ભવનમાં એ સંગ્રહાલય માટે પૂરતી જગ્યા કાઢી આપી છે, અને તેમાં એ સમસ્ત કલાસંગ્રહની પ્રતિષ્ઠા કરીને 'ભારત કલા ભવન'ના નામથી તે જાહેર કરવામાં આવ્યું છે. તેમાં રાજપૂત, મોગલ તથા કાંગડી વગેરે કલમનાં લગભગ એક હજાર ચિત્રોનો સમૃદ્ધ અને બહુ મહત્ત્વનો સંગ્રહ છે. ચિત્રો બધાં ચૂંટીચૂંટીને સંઘરેલાં અને નાદર કલમના નમૂના છે. તે ઉપરાંત જૂના કાળની પાષાણમૂર્તિઓ, ગુપ્ત કાળની સુવર્ણમુદ્રાઓ, મોગલ સમયના સિક્કા, જહાંગીરના સમયનાં રાશિચિત્રો, ચાંદી, હાથીદાંત તથા પિત્તળની કળામય વસ્તુઓ તેમજ સાહિત્યનો ત્યાં અપૂર્વ સંગ્રહ છે.

આ ભારત કલા ભવનનો ઉદ્‌ઘાટન મહોત્સવ તા. ૩જી માર્ચ ૧૯૩૦ ને દિવસે ઊજવવામાં આવ્યો હતો. તે પ્રસંગે, એશિયાભરમાં ભારતીય કલાની સમા-લોચના માટે અગ્રપદ ધરાવતા 'રૂપમ્' પત્રના સમર્થ કલામર્મજ્ઞ તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ સભા-પતિપદ ધારણ કરીને એ ઉદ્‌ઘાટન ક્રિયા કરી હતી. તેમનું એ વખતનું પ્રવચન આખા યે ભારતવર્ષને અમૂલી શિક્ષાવાણી થઈ પડે એવું છે.

આ કલાભવનમાં શ્રી રાય કૃષ્ણદાસજીને અનેક સન્મિત્રોનો મોંઘો સહકાર મળ્યો હતો. તેમાં તેહરી (ગઢવાલ)ના કુંવર વિચિત્રશાહ, જુઆનપુરના રાજા સાહેબ, શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા, કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્ત, શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, શ્રી છોટુભાઇ દેસાઇ, શ્રી સીતારામ સાહા, શ્રી શિવલાલ શાહ અને શ્રી જયશંકર પ્રસાદનાં નામ તેઓ ખાસ ગણાવે છે. આમાં ત્રણ તો ગુજરાતના સિવિલિયન વિદ્વાનો છે એ અતિ આનંદની વાત છે. ખુદ ગુજ-રાતમાં વસી રહેલા વિદ્વાનોમાં કોઇ એક પણ તેમના જેટલી મહેનત અને સહકાર કલાને આપે તો શ્રી રાય કૃષ્ણદાસ જેવાનું કાર્ય કેટલો વિશાળ પરિપાક પામે?

બાલ્યકાળથી રાય શ્રી કૃષ્ણદાસજીએ જે ચિત્રાં-કન પ્રવૃત્તિ પોષી હતી તે આજે 'ભારત કલા ભવન'ના રૂપમાં સમગ્ર ભારતવર્ષનું એક કેન્દ્ર કલાધામ બની રહી છે. તેઓ પોતે અત્યંત નમ્ર, ભાવિક ને સહૃદય ગૃહસ્થ છે, અને એવા મધુર સ્વભાવવાળા છે કે સહજ પરિચયમાં કોઇને પોતાના બનાવી લે છે. તેમની જીવનભાવના ઘણી ઉચ્ચ છે. પ્રાચીન નીતિનિષ્ઠાને સંસ્કારીને તેઓ પોતાના જીવનમાં પ્રકટાવી રહ્યા છે. પ્રત્યેક પ્રવૃત્તિમાં તેઓ સુઘડતા, રસ અને સૌંદર્યની ભાવનાભરી કાળજી રાખે છે. સૌંદર્ય અને કલાના એ સાચા પૂજારી છે.

તેમના જ વાક્યમાં કહીએ તો 'કળા એ રાષ્ટ્ર-જીવનનું મુખ્ય અંગ છે, કારણકે તેથી જીવનને રસ-સ્નિગ્ધતા, સહૃદયતા આદિનો પુષ્ટિકારક આહાર મળે છે.' 'ભારત કલા ભવન' એ તેમની જીવનભરની સાધના-નું ફળ છે. શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ તેમના વિષે યોગ્ય જ કહ્યું છે કે ભારતની નવીન જાતીય કલાશાળાના પ્રથમ ઉત્પાદક અને સાચા સહાયક તરીકે તેમનું નામ ઇતિહાસને પાને ચિરસ્મરણીય બનશે.

આવી કલાભક્ત વ્યક્તિઓથી ભારતની ભૂમિ ઊભરાતી બનો એ વાંછના. **ર.મ.રા.**

(**શ્રી** શંકરદેવ વિદ્યાલંકાર તથા **શ્રી** શાંતિપ્રિય દ્વિવેદી તરફથી 'કુમાર' માટે મળેલી લેખસામગ્રી ઉપરથી.)

ભારતીય કલાનો રહસ્ય-સંદેશ

શ્રી રાય કૃષ્ણદાસજીએ ભારતની પ્રજાને અર્પણ કરેલો એમનો બહુમૂલ્ય કલાસંગ્રહ કાશીની 'નાગરી પ્રચારિણી સભા'એ પોતાના મકાનમાં 'ભારત કલા ભવન'ના નામથી ખુલ્લો મૂકયો એ ઉદ્‌ઘાટન-ઉત્સવ પ્રસંગે 'રૂપમ' માસિકના વિદ્વાન અને સમર્થ કલામર્મજ્ઞ તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગંગોપાધ્યાયે આપેલું ભારતીય કલાનાં રહસ્ય, લક્ષ્ય અને સામર્થ્ય સમજાવતું વ્યાખ્યાન.

'નાગરી પ્રચારિણી સભા'ની ધ્યાનસંજ્ઞા

હિંદની કલાનાં જે ઉપેક્ષા અને અપમાન આજના શિક્ષિત હિંદીઓ આજે પણ સહન કર્યા કરે છે તેનો જો વિચાર કરીએ તો આજનું આ શુભ અનુષ્ઠાન હિંદીઓનો તેમજ હિંદની સંસ્કૃતિ તથા આધ્યાત્મિક જીવનનો એક સ્મરણીય અને ગૌરવવંતો દિવસ કહેવાય. એ ગૌરવનો સ્પર્શ પામી હું વિપુલ આનંદ અને ગર્વ અનુભવું છું.

મારી ક્ષુદ્ર શક્તિથી બની શકે તેટલે અંશે હિંદના ધૂલિમલિન આકાશમાં હિંદી કલાની લીલી પતાકા ઊંચી ઊડતી રાખી ચાલવાનો પ્રયત્ન મેં કર્યા કર્યો છે. હું કોઇ એવા શક્તિવાન, પ્રતિભાવાન, કળાના ઉપાસક મહા પુરુષના આગમનની આશાએ આશાએ હૈયે હામ ધરી રહ્યો છું, કે જે આપણા દેશની કલાની ઉપાસનાનો વિજયધ્વજ મારા હાથમાંથી લઇ લઇને તેને આકાશમાર્ગે મેઘલોકમાં અતિ ઉચ્ચ સ્થાને ફરકાવશે, જેથી આખા હિંદની—બલ્કે જગસમસ્તની દૃષ્ટિ આકર્ષાશે. કેમકે હિંદી કલાઉપાસનાનું શ્રેષ્ઠ ફળ એ માત્ર હિંદની જ સંપત્તિ નથી. પણ એ તો સમગ્ર જગતની આકાંક્ષાની વસ્તુ છે ને અમૂલ્ય રત્નભંડાર છે.

દેશમાં ચિત્રશાળાની આવશ્યકતા શી છે તથા રાષ્ટ્રીય શિક્ષણમાં રાષ્ટ્રીય કલાકારીગરીને કયું સ્થાન હોય, એ આજના જમાનામાં એક હિંદુસ્તાન સિવાય બીજા કોઇ પણ દેશમાં ભાષણો આપીને સમજાવવું પડે એમ નથી. અમેરિકા અને જર્મનીમાં તો જેમ જાહેર બાગ કે જાહેર વાચનાલય વિનાનાં શહેર નથી તેમ કળાશાળા વિનાનાં શહેર પણ થોડાં જ છે. હિંદનાં દુર્ભાગ્યવશાત્ આપણે ત્યાંની પ્રચલિત શિક્ષણપદ્ધતિ અને ઉચ્ચ શિક્ષણના નિયામકોના કાવત્રાંને લીધે આપણે કલા અને કારીગરીનો મર્મ સમજવાની શક્તિ તથા લાયકાત ખોઈ બેઠા છીએ; એટલું જ નહિ પણ આપણાં મન સદાને માટે કલાલક્ષ્મીના રત્નમંદિર સામે વિમુખ ભાવ ધારણ કરી બેઠાં છે, તેની રત્નવેદિની ઉજ્જ્વલ અને નિર્મલ પાવક શિખાના સ્પર્શથી આપણી જાતને વંચિત રાખી, સૌંદર્યજ્ઞાનનું સિંહદ્વાર જાણે સદાને માટે બંધ કરી મૂકયુંછે.

આપણા દેશમાં પુસ્તકિયા વિદ્યાનું અતિશય સન્માન અને પ્રભાવ હોવાને લીધે, વિદ્યાલેખનની કે વાચનની ભાષામાં જે સમાઇ ન શકે તે વિદ્યાને આપણે બહુજ અવજ્ઞા તથા શંકાની નજરે જોતાં શીખ્યા છીએ, અને લેખન–વાચનની ભાષાને જ જ્ઞાનનો એકમાત્ર માર્ગ આપણે માની લીધો છે. આપણે એ વાત ભૂલી ગયા છીએ કે શબ્દના કારીગરની પેઠે જ સૂરના કારીગર, રૂપરસના કારીગર –દરેક પોતાને અનુકૂળ અને સંપૂર્ણરીતે પોતાની તથા પોતાને આધીન એવી ભાષાનું અવલંબન લઇને આત્મપ્રકાશ કરે છે. આ દરેક કારીગરની ભાષા એટલી તો સ્વકીય હોય છે કે એમાંના એકના ભાવને બીજાની ભાષામાં ઉતારવા એ લગભગ અસંભવિત છે એમ કહીએ તોપણ ચાલે. એટલે જ્યારે શબ્દ-સાહિત્યના આપણા શ્રદ્ધેય અવતારી પુરુષો તેમના પુસ્તકિયા પહાડના ઊંચા આસન ઉપરથી બૂમો પાડીપાડીને કોલાહલપૂર્વક ચારે દિશાઓ ગજાવી મૂકે છે અને આપણા રૂપના કારીગરની નીરવ સાધનાની ભાષા—જે રેખા અને રંગના નિ:શબ્દ વ્યાખ્યાનથી જીવંત અને વાણીમય બનેલી હોય છે—તેને તેમના ઉત્કટ આત્મગૌરવના મદમાં સમજવા ઈચ્છતા નથી, (મને તો કહેવાનું મન થઇ જાય છે કે સમજી જ શકતા નથી!) ત્યારે તેઓ માનવ સંસ્કૃતિ ને સાધના-

ની એક વિશિષ્ટ તેમજ મૂલ્યવાન આધ્યાત્મિક શક્તિનાં સાહિત્ય અને સાહચર્યનો અસ્વીકાર કરી આત્મવંચના કરે છે.

એ રૂપશિલ્પની ભાષા શીખીને જો રૂપશિલ્પીનાં મર્મ અને વાણી સમજવાની યોગ્યતા આપણે મેળવીએ તો આપણે એક નવું જ સત્ય સમજી શકીએ. એ રૂપશિલ્પીઓની ભાષા આપણી બોલવાની ભાષા કરતાં અનેકગણી વધારે શક્તિશાળી અને વાણીમયી છે. શિલ્પીના ત્રૈમુખી(Three Dimensioned) સર્જનના રૂપકૌશલમાં, ચિત્રકારના રૂપ અને રેખાના સુલલિત શબ્દવિન્યાસમાં, સંગીતકારના અલૌકિક વર્ણસંગીતના સુમધુર વૃંદવાદનની ઇન્દ્રજાળમાં,—એ બધામાં માનવહૃદયના ગુહ્યતમ અને ઉચ્ચતમ ભાવનાપ્રકાશને લેશ પણ આયાસ વિના સ્થિર રૂપ આપવાની નવી જ શક્તિ અને સામર્થ્ય છે. બીજી રીતે વિચાર કરીએ તો માલૂમ પડશે કે ચિત્ર અને શિલ્પ જેવી મૂર્ત કળાઓમાં જે એક પ્રકારનું નવું જ જોમ, સાર્થક્ય અને સ્વાતંત્ર્ય હોય છે તેનો આપણી પુસ્તકિયા ભાષામાં અનુવાદ થઇ શકતો નથી; અને આપણે જો એ કલા–શિલ્પના મૂળાક્ષર ન શીખીએ અને એ રૂપસૌંદર્યનો કક્કો શીખવાનું વિસારી મૂકીએ તો આપણે એક એવા નવા જ પ્રકારના ભાવરાજ્યથી દૂર રહીશું, માનવસાધનાના----એવા એક વિશાળ પ્રદેશમાંથી હદપાર થઈશું—કે જેનાં પ્રવેશદ્વાર અને મિલનમંદિર એ રૂપરેખાના અનુપમ ઉપાદાનનાં જ બનેલાં છે

આપણામાંના ઘણાને એક આ વાત ગળે પણ ઊતરતી નથી કે ઇશ્વર અને બ્રહ્મતત્ત્વ સંબંધે પ્રાચીન આર્યઋષિઓના મત-સિદ્ધાંતો વેદ તથા ઉપનિષદ સાહિત્યમાં જે દુર્ગમ અને નકારાત્મક 'નેતિ નેતિ' શબ્દોમાં લખેલા છે તે જ ઇશ્વર અને બ્રહ્મની સત્તા તથા ભાવનાનો સંકેત હિંદી સ્થાપત્ય પોતાની નવી જ ભાષામાં–પ્રાચીન પથ્થરની કારીગરીનાં અનુપમ નિદર્શનોમાં–પ્રમાણમાં વધુ પ્રત્યક્ષ અને બોધગમ્ય રૂપે અને આકારે પ્રકાશિત કરે છે.

માણસના ભાવ અને સાધનાનાં વાહનરૂપે આપણી પાંગળી બોલવાની ભાષા કરતાં તેનામાં અનેકગણી વધુ શક્તિ છે, એવો એ રૂપશિલ્પીઓ તરફથી હું આપની આગળ હિંમતપૂર્વક દાવો કરવા માગું છું. મારો એ દાવો જો ખોટો ન હોય તો સ્વીકારવું પડશે કે આપણી ચિત્રશાળાઓ ને મૂર્તિશાળા, એ આપણી શાળા મહાશાળાઓની અધ્યાપનશાળા તથા વાચનાલયોની હરીફ છે. તોપણ અહીં હું સૌંદર્યનાં કલામંદિરમાં શ્રદ્ધાની અંજલિ દેવાને આવ્યો છું એટલે લેખનવાચનની વિદ્યાના મંદિરની દેવતા તથા આદર્શને અશ્રદ્ધાથી મલિન નહિ કરૂં. આપણી શાળાના પંડિત અને મહાશાળાના અધ્યાપકોનું ગૌરવ અખંડ રાખ્યા છતાં પણ આપણા રૂપશિલ્પીનું કાર્યક્ષેત્ર હમેશાં પૂરતું વિશાળ અને બહોળું જ રહેવાનું.

આપણા ઇતિહાસકારો હજુ એવું પુરવાર કરી શક્યા નથી કે હિંદના ઇતિહાસના કોઈ પણ એક યુગમાં કેવળ પ્રાથમિક શિક્ષણના પ્રયત્નને પરિણામે જ દેશમાં સર્વત્ર અક્ષરજ્ઞાનનો બહોળો પ્રચાર થએલો હતો. મને લાગે છે કે બહુમુખી અને નાના પ્રકારની વિચિત્ર શિલ્પવિદ્યાએ જ પ્રાચીન ભારતમાં પ્રાથમિક શિક્ષણનું સ્થાન લીધું હતું. એ રીતે જોતાં લાગે છે કે ભારતની પ્રાચીન શિલ્પકળા એ પુરાતન કાળમાં હિંદમાં જ્ઞાન, શિક્ષણ અને સાધનાનું સહજ પ્રાપ્ય અને ઓછી કિંમતનું સુંદર વાહન હતું. ભારતની એ સર્વોત્કૃષ્ટ સાર્વજનિક ભાષા હતી.

ઇલોરાની ગુફાનાં મંદિરોની પ્રદક્ષિણા કરી અલ્પબુદ્ધિ નિરક્ષર જાત્રાળુઓ એક પહોરમાં જેટલું મેળવતા તેટલું પંડિતો તેમનાં અઢારે પુરાણોનું વરસો સુધી અધ્યયન કરીને પણ મેળવતા હશે કે કેમ એ વિષે શંકા છે. બૌદ્ધ સમયના આપણા દેશના મહામોટા પંડિતો, શ્રમણો, શાસ્ત્રીઓ અને ધર્મગુરુઓનાં મોટાંમોટાં પુરાણ તથા ધર્મશાસનની વાણી અને કથાઓ તેમની પોથીઓમાં જ સદાકાળને માટે બંધાઇ રહેત—જો શિલ્પકળાની નીરવ ભાષામાં અનુવાદિત થઇને જે બોરોબુદુરની ભીંતો ઉપર કોતરેલાં જીવંત અને વાણીમય શિલ્પ તથા અજંતાની ગુફામાં સૈકાઓ સુધી મૌન કથા કહેતી ચીતરાએલી ધર્મકથાઓ લાખો–નિરક્ષર યાત્રાળુઓનાં મર્મસ્થાનમાં અનાયાસે ન પહોંચી ગઇ હોત તો. એટલે આપણે હિંમતપૂર્વક એવો દાવો કરી શકીએ કે આપણી કલાલક્ષ્મીનું મંદિર, આપણી કારીગરીનું સંગ્રહસ્થાન એ આપણા દેશના નિરક્ષર અભણ લોકોનું વગર લવાજમનું સર્વસામાન્ય વિશ્વ-

વિદ્યાલય (University of the Illiterate) છે, જ્યાં શક્તિમાન કે સાધારણ, અધિકારી કે અનધિકારી સૌકોઇ વિના આંસુ સાર્યે જ્ઞાન મેળવી શકે, વિના મહેનતે સાધના અને સંસ્કૃતિના અધિકારી થઇ શકે. આપણે એથી પણ જરા વધુ દાવો કરવા ઇચ્છીએ છીએ. ચિત્રશાળાના 'વાચનાલય'માં, મૂર્તિમંદિર (Sculpture Gallery)ની 'વ્યાખ્યાન સભામાં, ચિત્રના 'આરાધનાપત્ર'માં પથ્થરની 'સ્તવ–કવચ–માલા' દ્વારા, આપણા વિદ્યાલયના પંડિતો અને વિદ્યાર્થીઓ તેમની વિદ્યાપીઠની પુસ્તકિયા વિદ્યાને શિલ્પકળાની પરા વિદ્યાના અમૂલ્ય મણિમાણેકવડે જડાવીને ઉજ્જવળ બનાવી લઈ શકશે. શિલ્પવિદ્યાપીઠની વિચિત્ર પોથીમાં અને મૂર્તિકળાના વિશ્વકોશમાં તેમને એવી અનેક વસ્તુઓ મળશે જેનું નામનિશાન પણ તેમને છાપેલી પોથીઓ ને વિરાટ પુરાણોમાં નહિ મળે.

આપણો દેશ અનેક જુદીજુદી જાતિ, ઉપજાતિ અને સંપ્રદાયો તેમજ અનેક ભાષા અને ઉપભાષાઓની દુર્ભેદ્ય દીવાલોના આંતરાથી શતધા વિભિન્ન અને વિભક્ત થએલો છે. આવા અનેક રીતે વિભક્ત થએલા દેશમાં સૌ સંપ્રદાય તથા શ્રેણીના લોકોને વિચાર તથા ભાવ એકસરખાં સમજાવવાનો એકમાત્ર સમર્થ માર્ગ તે નેત્રગ્રાહ્ય (Visual) કલાશિલ્પ છે. ચિત્ર કે શિલ્પ એ એક જ એવી સર્વસામાન્ય ને સમર્થ ભાષા છે જે અનેક ભાષા બોલનારાઓને એકસરખું જ્ઞાન આપી શકે. તામિલ ભાષામાં લખાએલા 'મણિમેખલ'નાં મણિકાંચનથી આપણા ઉત્તરના બંધુઓ જેમ સદાને માટે વંચિત રહ્યા છે, તેમ હિંદી ભાષામાં લખાએલા 'રામચરિત માનસ'ના માનસિક રત્નભંડારથી આપણા દક્ષિણના બંધુઓ વંચિત રહ્યા છે. બંગાળીઓને હમેશાં એ વાતનો ખેદ રહ્યા કરે છે કે ચંડીદાસ ને વિદ્યાપતિનાં અપૂર્વ સંગીતઝંકારનાં ઉલ્લાસ અને આનંદનો ભાગ તેઓ મહારાષ્ટ્રનાં ભાઈબહેનોને આપી શકતા નથી; તેમજ તેઓ પણ કમભાગી બંગાળવાસીઓને તુકારામનાં અભંગનો સુધાભંડાર વહેંચી શકતા નથી તેથી તેમને પણ અનંત દુઃખ રહ્યાં કરે છે. આવા સંજોગોમાં નેત્રગ્રાહ્ય શિલ્પકળા (Visual Arts)જ સાર્વજનિક અને સર્વ સાધારણનું અપૂર્વ મિલનસ્થાન છે. જુદીજુદી પ્રાંતીય સંસ્કૃતિ અને સાધનાની સુંદર અને મૂલ્યવાન આપલેનું એ વિનિમયસ્થાન છે. સારનાથનાં સ્તૂપયુગનાં સ્થાપત્યો, વરેન્દ્ર દેશનાં અલૌકિક શિલાશિલ્પ, મહાબલિપુરનાં કોતરેલાં મંદિરો, બૌદ્ધ પોથીઓનાં નાનાંનાનાં ચિત્રો, પ્રાચીન રાગમાળાની ચિત્રમાળા, રાજપુતાનાનાં વિરાટ રેખાચિત્રો, જૈનોના ચીતરેલા

મંજરી

ખોળી ખોળીને કોઇ લાવો રે
 મારે અંગે ધરૂં.

આંબાની મંજરી લાવો રે
 મારે કાને ધરૂં.
આવ્યાં વસંતનાં મીઠાં પરોઢિયાં,
આંબાને ડાળ ઝૂલે કોયલનાં ઘોડિયાં,
ફૂલડાંબિછાને નયન પોઢિયાં રે,
હવે આંબાંની મંજરી લાવો રે
 મારે થાળે ધરૂં.

તુલસીની મંજરી લાવો રે
 મારે શિરે ધરૂં.
સૂરજ ઊગ્યો ને ફૂલ ખીલ્યાં સોહામણાં,
ગૂંથાને હાર વાસ્યાં ઘરનાં મેં બારણાં,
નૈવેદ્યનો થાળ ભરી માંડ્યાં વધામણાં રે,
હવે તુલસીની મંજરી લાવો રે
 મારે થાળે ધરૂં.

સૂરજની મંજરી લાવો રે
 મારે દીવે ધરૂં.
દીવો ધરીને થાળે ચાલી મારગડે,
ખાતા નિસાસા મળ્યા વાયુ વનવગડે,
દીવો હોલાય મારી પૂજા તે બગડે રે,
હવે સૂરજની મંજરી લાવો રે
 મારે દીવે ધરૂં.

જીવનની મંજરી લાવો રે
 મારે હૈયે ધરૂં.
જીવનઓવારે મારા વ્હાલમનાં બેસણાં,
ઊંડા પાણીમાં એની નાવડીનાં ખેડણાં,
આંખો ઘેરાય, મારૂં હૈયું લે રૂસણાં રે,
હવે જીવનની મંજરી લાવો રે
 મારે હૈયે ધરૂં.

'સુન્દરમ્'



શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી

પટો પોતપોતાની મર્મકથા અને સંદેશ શ્રેણી કે સંપ્રદાયના ભેદ વિના, જાતિ તથા ભાષાની દીવાલોને ભેદીને લેશ પણ આયાસ વિના અને એકસરખા સામર્થ્યથી સૌ સમક્ષ પ્રકટ કરે છે.

સાહિત્ય અને કલાશિલ્પની ભાષા તથા પ્રકૃતિમાં રહેલો આ ભેદ, મને લાગે છે કે, જરા વિશેષ ભાર દઈને મારે સમજાવવો પડ્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે આજકાલ શિલ્પ અને સાહિત્ય વચ્ચે જે કૃત્રિમ અને ઊંડો ભેદ કલ્પવામાં આવ્યો છે તે હિંદની સંસ્કૃતિ તથા સાધનાના ઇતિહાસમાં કદી હતો નહિ. હિંદમાં શિલ્પ અને સાહિત્યના ઉજ્જવળ અને મહિમાવાન યુગમાં આ બંને જોડિયા ભાઈઓએ મિત્રતા અને સ્નેહાર્ધના સુમધુર સમાવેશથી મનુષ્યના મનમાં વાસ પૂર્યો હતો અને આનંદપૂર્વક લીલા કરી હતી. તેની સાક્ષી આપણાં જૂના ચિત્રિત ગ્રંથો તથા ઓળિયાં (પટો) પૂરે છે. બૌદ્ધ, વૈષ્ણવ અને જૈન પદ્ધતિની અનેક સુરંજિત (સરસ રીતે રંગેલી) અને સુચિત્રિત પોથીમાં 'લખાણના અક્ષર' અને 'આંકેલી છબિ' બંનેએ પોતપોતાનો સુમધુર કંઠ મેળવીને એક જ સૂરે ગીત ગાયાં છે. આપણાં પ્રાચીન મંદિરોનાં પ્રકાશ વિનાનાં અંધારાં ગર્ભદ્વારોમાં પુરોહિત અને પૂજારીનાં ધ્યાન–આરાધન, સંગીતની સુમધુર આરતી તથા પ્રતિમા ઘડનારના સુરેખ શિલાથર સાથે એકતાન થઈને ઝંકાર કરતાં તથા મંદિરને ઊંબરે ઊંબરે ધ્વનિ અને પ્રતિધ્વનિની લહર જગાવી એ પ્રતિમામંદિરોને મુખરિત કરી મૂકતાં હતાં. એ જ પ્રકારે આજે ફરીથી નાગરી પ્રચારિણી સભાના મંદિરમાં શિલ્પ અને સાહિત્યનાં આ નવાં સાન્નિધ્ય અને સમાવેશ થતાં જોઈને હું પૂરેપૂરો આનંદ અનુભવું છું. 'નાગરી પ્રચારિણી સભા'એ 'ભારત કલા સભા'ની આ વહાલની બહેનને પ્રેમનાં આલિંગનથી બાંધી અમારી આશા અને તૃપ્તિ ખૂબ જ વધાર્યાં છે. હું આશીર્વાદ આપું છું કે આ બંને વહાલસોઈ બહેનો પોતપોતાનાં હૃદયનાં પ્રેમ અને પ્રીતિથી એકબીજાને પોષશે; આ સભાપ્રાંગણના મિલનક્ષેત્રમાં લગોલગ, હાથમાં હાથ મિલાવીને, નવીન રમતમાં મત્ત બનીને પહેલાંના વખતની પ્રાચીન લીલાને નવા છંદથી તથા ચંચલ અને નવીન પ્રકારના પ્રકાશથી ઉજ્જવળ બનાવી દેશે.

આપણા શ્રદ્ધેય બંધુઓ (જેઓના જીવનના ઉન્માદ અને દેશને માટેના સ્વાર્થત્યાગને આપણે ભક્તિ તથા શ્રદ્ધાથી શિર ઝુકાવીએ છીએ), જેઓ દેશની ઉન્નતિનાં કાર્યોમાં રાજનૈતિક અને આર્થિક સ્વાધીનતાને સંસ્કૃતિ તથા સાધનાની મુક્તિ (Cultural Emancipatia) કરતાં પહેલું સ્થાન આપે છે તેમણે લાહોરની મહાસભાના મંડપમાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની વિજયપતાકા ઊડાવી છે. તેમની એ પતાકા અવશ્ય તેમના દેશપ્રેમની રંગાએલી અને ફરકતી છે અને સંપૂર્ણ સ્વરાજ મેળવવાનાં તેમનાં પણ અને પ્રતિજ્ઞાનું યોગ્ય પ્રતીક છે એ વિષે શંકા નથી; પરંતુ આપણાં દુર્ભાગ્યવશાત્ એ રાષ્ટ્રીય પતાકા રૂપરસના ગૌરવથી વંચિત છે; એ કલાલક્ષ્મીના અલૌકિક સ્પર્શથી પૂત (પવિત્ર) અને ઉજ્જવળ થએલી નથી.

આપણે આશા રાખીએ કે આપણું 'આ ભારત કલા ભવન'—નવીન ભારતની આ પ્રથમ રાષ્ટ્રીય કલાશાળા (National Gallery of India)—ભારતની અમૂલ્ય રાષ્ટ્રીય સાધનાનું આ નવીન નિકેતન સાધના તથા સંસ્કૃતિનું સ્વરાજ મળવાની આશા, આકાંક્ષા અને સંકલ્પનું જીવંત પ્રતીક તેમજ સ્મૃતિમંદિર બની પૂજા અને શ્રદ્ધાભાજન બનશે. અને

[અનુસંધાન આગળ પાન ૧૮૯મે]

સ્મરણયાત્રા

૨૬][શનિવારની તોપ


કારવારનું બંદર બે બાજુએ ફેલાયેલા પહાડની વચ્ચમાં છે. તેથી બહારથી આવતી આગબોટ ગામમાં વખતસર દેખાતી નથી. એ અગવડ ટાળવા માટે દેવગઢની દીવાદાંડી પર એક વાવટો રાખેલો છે. દૂરથી આગબોટ દેખાય એટલે પોસ્ટ ઑફિસ પાસેના એક ખડક પર એવો જ વાવટો ચડાવવામાં આવે. એ વાવટાથી ગામના લોકોને ખબર પડે કે આગબોટ આવે છે. એ વાવટો જોયા પછી જ લોકો ઘેરથી બંદર જવા ઊપડે. દરિયામાં ભારે તોફાન થાય ત્યારે પણ આ બંને દીવાદાંડીઓ પર વિશિષ્ટ આકારના કાળા વાવટા ચડાવવામાં આવે. આગબોટનો વાવટો લાલ કપડાનો હોય છે. તોફાનના વાવટા ગોળ, ત્રિકોણ કે ચોરસ એવા આકારના પટારા જેવા રહે. શહેર નજીકના વાવટાવાળા પાસે એક મજાનું દૂરબીન રહેતું, કેમકે એને હમેશાં દેવગઢની દીવાદાંડી પર નજર રાખવાની હોય. ત્યાંના જ માણસને દર શનિવારે બપોરે બાર વાગ્યે એક તોપ ફોડવાનું કામ સોંપેલું હતું. કારવારમાં એ સ્થાનને જ 'વાવટા' કહેતા.

એક શનિવારે અમે એ સ્થાન જોવા ઊપડ્યા. વાવટાનો ખડક સમુદ્રમાં ઠીકઠીક અંદર ગયેલો હોવાથી ત્યાં રેતીની સમુદ્રવેલા ન હતી. મોજાં સીધાં ખડક પર અફળાતાં અને પાણીનાં ફીણ તથા છાંટા ખૂબ ઊંચાં ઊડતાં. વાવટાવાળો એક ઘરડો મુસલમાન હતો. મુસલમાન એટલે એને પોતાની પ્રતિષ્ઠાનું ભાન પૂરેપૂરું હોય. અમારા જેવા છોકરાઓ ત્યાં જાય એટલે બંદરઘૂરકી બતાવ્યા વિના રહે નહિ. અમે પણ એ સલામી માટે તૈયાર હતા. તોછડા સવાલજવાબનો પરિચય પૂરો થયા પછી અમે એને કહ્યું, 'દેવગઢની દીવાદાંડી અમારે દૂરબીનમાંથી જોવી છે. જરા બતાવોને.' એણે બંગલાના કબાટમાંથી દૂરબીન કાઢ્યું અને કહ્યું, 'આવો નીચે, હું બતાવું છું.' બંગલા નીચે તોપને પડખે અમારી છાતી જેટલો ઊંચો થાંભલો હતો. એને માથે એક લીસા પથરાની લાદી જડેલી હતી, અને એ લાદી પર ચાર ખૂણે વેંતવેંત ઊંચા ચાર નાના થાંભલા ઊભા કરી એના પર છાપરાની પેઠે ઢળતું પતરું ઠોકેલું હતું. લાદીમાં માત્ર રજ પણ ડાઘ નહોતો. એ બરાબર સમતલ હતી. એના પર એણે દૂરબીન મૂકી અમને જોવાનું કહ્યું.

બપોરનો વખત હોવાથી સમુદ્રનાં મોજાં ખૂબ ચળકતાં હતાં. દૂરનો દેવગઢ જેનો વાવટો મારા જેવો કાકદૃષ્ટિ જ હતો તે દૂરબીનમાં બહુ જ સ્પષ્ટ અને પાસે આવેલો દેખાવા લાગ્યો. દીવાદાંડીનો ઘાટ પહેલવહેલો કોણે નક્કી કર્યો હશે? એ હમેશાં બહુ જ આકર્ષક દેખાય છે. દૂરબીન આમતેમ ફેરવી આસપાસના ડુંગરા પણ મેં જોઇ લીધા. ક્ષિતિજ પરથી પસાર થતી કેટલીક ફતેમારીઓ પણ જોઈ. મછવાઓના ધોળા સઢ જોઇને જળકુકડી યાદ આવી. સમુદ્ર શાંત હોય ત્યારે પણ મોજાંઓનું તાલબદ્ધ નૃત્ય તો ચાલે જ. પાંચ છ માઇલનો સમુદ્રનો વિસ્તાર દૃષ્ટિ આગળ હોય ત્યારે પાસે મોટાં દેખાતાં મોજાં જેમજેમ નજર દૂરદૂર ફેંકતા જઇએ તેમતેમ ઝીણાં થતાં જાય છે. એ દૃશ્ય કોને મોહિત નથી કરતું? દૂરબીનમાં એ જ દૃશ્ય વધારે રેખીલું દેખાય છે.

આ બધું દૃશ્ય જોઇને ધરાયા પછી મારું ધ્યાન એ લાદી પરના ટચૂકડા છાપરા પર ગયું. મેં વાવટાવાળાને પૂછ્યું, 'શું આ લાદી તડકો ખમી ન શકે માટે એના પર છાંયો કર્યો છે? કે દૂરબીન પર તડકો ન પડે એટલા માટે?'

'હમણાં એ નહિ કહું. તમારે દૂરબીનમાં જેટલું



જોવું હોય તેટલું એકસામટું જોઈ લો; પછી બીજી વાત. દૂરબીન અંદર મૂકયા પછી ફરી નહિ કાઢું.'

એની સૂચનાને માન આપવા ખાતર એ દૂરબીન-માંથી હું ફરી જોવા લાગ્યો. એક તરફ મચ્છંદરગઢ અને બીજી તરફ સરૂનું ઉપવન બધું જોઈ લીધું. વાવટા-વાળાએ દૂરબીન અંદર મૂકી દીધું. પછી એ કહેવા લાગ્યો, 'હવે બારનો શુમાર થવા આવ્યો છે. મારે તોપ ફોડવાની તૈયારી કરવી જોઇએ.'

એટલો વખત પથરામોજાંનો સનાતન ઝગડો જોવામાં ગાળવાનો અમે વિચાર કર્યો. માથે તડકો તપતો હતો. પથરાઓને એની જરા યે તમા ન હતી. એમનું અખંડ સ્નાન ચાલુ હતું. મોજું આવીને અથડાય એટલે પાણી ફાટી જઇ પથરાઓનાં માથાં પર ચડતું અને ત્યાંથી પથરાઓની વાંકાચૂંકી બખોલોમાં ઊતરી પડતું. પથરાઓ પણ મોજાંઓની લપડાકો ખાઈખાઇને એવા તો નફટ થયા હતા કે એમનામાં કોઇ પણ બાજુએ અણી કે કાંટો ન મળે. ચીકણા ને લપસણા. મોટા મોટા પથરાની બખોલમાં મોજાંઓની અંદર મોજ કરતા કરચલા આમતેમ ફરતા હતા. એટલા મોટા કે બીક જ લાગે. એ લોકો પોતાના શરીરમાંથી એક જાતનો ચીકણો ગુંદર કાઢી પોતાની છીપો પથ્થર પર ચોડી દે છે. મોજાંથી પથ્થર ઘસાય તો ઘસાય, પણ આ છીપો તો એકવાર ચોંટી તે ચોંટી. આ મોજાંને દિવસરાત, બારે માસ અને અનંત વર્ષો આમ પથરા પર અથડાઇને શું મળતું હશે? આવે અને જાય, આવે અને જાય. મોજાં પાણીનાં જ રહ્યાં, એટલે ગમે તેટલીવાર અથડાય અને ફાટે તો યે એમનું કશું જતું નથી. એ પણ પેલા ખડક જેટલાં જ નફટ. પોતે હારે છે કે જીતે છે એનો વિચાર સરખો ન કરે. નિષ્કામ (નકામા) કર્મમાં વળી વિચાર શાનો? સ્થિર પાષાણ અને ચંચળ પાણીનો આ મેળાપ વિચાર કરવાની ટેવ વિનાના માણસોનાં મનમાં પણ કંઇકંઇ ભાવ પેદા કરે છે.

પાસે જ એક મચ્છીમાર માછલાં પકડવાને એક જાડો ચાબુક હાથમાં ઝાલી નિશ્ચેષ્ટ બેઠો હતો. જાણે ભારે તપ કરતો હતો. ઉપરના તડકા કરતાં એના પેટની ભૂખ વધારે તપેલી હશે. એકાએક ચાબુકની દોરી અંદર ખેંચાઇ ગઈ. ઝટ દઇને એ ઊઠયો. ચાબુકની દોરી કંઇ નાનીસૂની ન હતી. ટચલી આંગળી જેટલી જાડી હશે. એ જોરથી ખેંચવા લાગ્યો. અંદરની માછલીનું જોર પણ ઓછું ન હતું. જયારે એ કંઇક થાકયો ત્યારે મદદની યાચના કરતી દૃષ્ટિથી અમારા તરફ જોવા લાગ્યો. એને પૂછવાની હિંમત ન ચાલે, અને અમને એને મદદ કરવાનું મન ન થાય. ઘડીભર એને થયું કે દોરી હાથમાંથી છટકી જવાની છે. એણે ઝટ દઇને દોરી જરાક ઢીલી મૂકી ફરી પાછી જોરથી ખેંચી. એમાં તો એ ઘણો ફાવ્યો. એણે દોરાને આંગળીએ આંટો દીધો ને ફરી ખેંચવા લાગ્યો. માછલી આગળ જીવનમરણનો સવાલ હતો. એ કંઇ સહેજે જવા દે? અમને લાગ્યું કે દોરી હવે તૂટી જવાની, કેમકે માછલીએ પથરાની બખોલમાં મગનો આશરો લીધો હતો. મારા સાથીથી રહેવાયું નહિ. એ દોડતો ગયો અને એણે દોરી ખેંચવામાં મદદ કરી. એકના બે થયા અને ઘાયલ થએલી માછલી પાણી બહાર આવી પડી. મારા મોઢામાંથી નીકળી ગયું:

'तव अशरीरिणी वदली उत्तर,
धर्मयुद्ध नव्हे हें.'

માછલી કંઇક તાડના પંખા જેવી ગોળ ને ખૂબ જાડી હતી. એની પીઠ પર કરવતના જેવી દાંતી હતી. કેટલી મોટી અને અણીદાર! કરવતની દાંતી તો સ્થિર હોય છે. પણ આ માછલી એની પીઠ પરની દાંતી ઝપાટાબંધ ચલાવી શકતી હતી. મને થયું કે અત્યારે એની પીઠ પર લાકડાનું પાટિયું રાખ્યું હોય તો એને યે એ વહેરી નાંખે. શત્રુના દરબારમાં જેમ બૃહસ્પતિની પણ અક્કલ ન ચાલે તેમ પાણી બહાર માછલીનું જોર કામ ન આવે. માછલીએ તરફડિયાં માર્યાં, પાણી તરફ જવાનો પ્રયત્ન કર્યો, બેચાર ડચકાં ખાધાં અને સચેતન રૂપ છોડી દઇ આહારરૂપ પકડી લીધું. હું એના તરફ જોતો જ રહ્યો. ત્યાં મારો સાથી કહે, 'ચાલ તોપ ફૂટવાનો વખત થયો હશે.'

અમે દોડતાદોડતા ઉપર ગયા. ત્યાં તોપ ફોડવાની તૈયારી ચાલતી હતી. એક લાંબા હાથાને સૂતરના ડૂચા બાંધી તોપનું મોઢું ધોવાનો કૂચો કરેલો હતો. એને પાણીમાં સહેજ પલાળી વાવટાવાળાએ તોપને દાતણ કરાવ્યું. પછી એક બશેરિયા કોથળીમાં તોપનો દારૂ ભરેલો હતો એ બાંધેલી આખી કોથળી તોપના મો-

ઢામાં ખોસી દીધી. ત્યારપછી કાપેલા કાગળના મોટા-મોટા બેત્રણ ડૂચા એણે એના પર ઠોકી બેસાડચા. ડૂચા ઠોકવામાં એને ઠીક કસરત થઇ: પછી એણે એક હાથ લાંબો સોયો લઇને તોપના પાછળના કાણા-માંથી અંદરની કોથળીને કાણું પાડયું પછી જમણા આડિયામાં ઝીણો દારૂ લઇ ઉપરથી એ કાણામાં ઓરી દીધો અને હાથમાં પલીતો લઇ તૈયાર થયો.

પછી મને કહે, 'હવે આવજે અહીં. તું પૂછતો હતોને કે પેલું ટચૂકડું છાપરૂં શા માટે છે? જો, એની વચ્ચોવચ એક કાણું છે. એમાંથી સૂરજનું એક કિરણ નીચલી લાદી પર પડે છે. એ લાદી પર ઉત્તર દક્ષિણ એક લીટી દોરેલી છે સૂરજનું કિરણ જ્યારે આ લીટી પરથી પસાર થાય છે ત્યારે કારવારના બાર વાગે છે અને એ જાહેર કરવા હું આ તોપ ફોડું છું.'

મને એ બધું જોવામાં ખૂબ રસ પડચો. મનમાં થયું કે આ લાદી સમતલ રાખી છે એ તો બરાબર છે. પણ ઉપરનું પતરૂં તો ગમે તેવું બેસાડયું છે. એથી બાર નક્કી કરવામાં કંઈ ભૂલ નહિ થતી હોય?' એટલામાં વાવટાવાળાએ કહ્યું, 'હવે જોજે, વખત થવા આવ્યો.' મેં કહ્યું, 'હા, હા, સુમુહૂર્ત સાવધાન!'

વાવટાવાળાએ એક લાંબી લાકડીને છેડે પલીતો બાંધેલો હતો અને એ સૂરજના કિરણ તરફ જોતો હતો. હવે શું થશે, કેવો અવાજ થશે એની કલ્પના કરતો હું ઊભો. એટલામાં તોપની એક બાજુએ પિરા-મીડના આકારમાં ગોઠવેલા તોપના ગોળાઓ તરફ મારી નજર ગઇ. શત્રુનું જહાજ આવે ત્યારે તોપમાં આ ગોળા ભરી તોપ ફોડતા હશે. પછી જહાજનું પડખું ફૂટી જતું હશે અને અંદર પાણી ભરાઈ જહાજ ડૂબી જતું હશે. એવી કલ્પના હું કરૂં છું એટલામાં તો વાવટાવાળાનો પલીતો તોપના કાણા પરની નાનકડી નીક પર પહોંચી ગયો. તોપના મોઢામાંથી એકદમ ધા....ડ દઇને એવો તો મોટો ધડાકો થયો કે મારા કાન બહેર મારી ગયા. છાતી ધડકવા લાગી. પોતે ક્યાં છું એનું ભાન પણ તે ક્ષણને માટે બધિર થયું. નજર સામે ધુમાડાનો ગોટો નીકળ્યો. ડૂચાના કાગળ-ના કેટલા કકડા થયા ને ક્યાં ઊડી ગયા એની ખબરે ન પડી. માત્ર દારૂની ગંધ ગળામાં ઘૂસી ગઈ. તોપના ધડાકાનો અવાજ એટલો નજીક કદી સાંભળ્યો નહોતો; અને અત્યારે જે અનુભવ થયો તે એટલો અચાનક અને ક્ષણિક હતો કે મને કેવો અનુભવ થયો એનું પાછળથી પૃથક્કરણ કરવાનો વિચાર થઇ આવ્યો.

પણ એ જ ક્ષણે, એટલે કે ધડાકાની બીજી ક્ષણે, એકદમ પાછલી બાજુના પહાડોમાંથી વીજળી જેવા કડડ કડડ કડડ ધ્વનિ સંભળાવા લાગ્યા. જાણે બધી જ ટેકરીઓ શો ઉત્પાત છે એ જોવા દોડતી આવતી ન હોય! અવાજ એટલો મોટો થયો કે આજુબાજુની નાળિયેરીઓ પણ ધ્રૂજવા લાગી. તોપના અવાજ કરતાં આ પહાડના પડકાર જ મને વધારે અદ્ભુત અને આકર્ષક લાગ્યા. મારો શ્વાસ થંભી ગયો. કારણ વગર મૂંઝાઇને હું ચારેકોર જોવા લાગ્યો. પ્રતિધ્વનિ સમુદ્ર પરના વિસ્તીર્ણ આકાશમાં લીન થઈ ગયો, છતાં મારા કાનમા તો એ પ્રતિધ્વનિ ચાલ્યાં જ કરતો હતો. આજે પણ એનું સ્મરણ કરતાંવેંત તે એવો ને એવો જ સંભળાય છે. મેં સમુદ્ર તરફ નીચા વળીને જોયું તો મોજાંઓ કહે, 'અરે શું જુએ છે? કશું થયું નથી. દુનિયા છે તેવી જ છે અને તેવી જ રહેવાની.' પણ મને એ સાચું ન લાગ્યું.

૨૭][ચમારનું પાણી

સાવંતવાડીનું બીજું નામ સુંદરવાડી છે એ તો હું પહેલાં કહી ગયો. પણ સાવંતવાડીની આસપાસના રસ્તા કંઇ ઓછા રળિયામણા નથી. અમે રોજ એકાદ દિશાએ આઘે સુધી ફરવા જતા. એકવાર મારો મિત્ર નારાયણ મને કુડાળને રસ્તે ફરવા લઇ ગયો. ભણ-વામાં એ મારા કરતાં બહુ પછાત; પણ એ છાપાં વાંચતો અને વિચારો ધરાવતો. એ ક્ષેત્રથી હું સાવ અજાણ્યો, એટલે એની કેટલીક વાતો અને ખાસ કરીને એનો આગ્રહ હું સમજી શકતો નહિ.

આજે અસ્પૃશ્યતા કેટલે દરજ્જે યોગ્ય છે એ પર અમારી ચર્ચા ચાલી. બે રસ્તા વચ્ચે આવેલા પુસ્તકા-લયમાં કલાક પહેલાં એ વિષે એ કંઈક વાંચી આવ્યો હતો. એણે ચલાવ્યું, 'હું જાતિભેદને માનતો નથી. કોઇ ઊંચ નથી, કોઇ નીચ નથી. સૌ સરખું છે.

'એમ કેમ બને? ઊંચાનીચાનો ભેદ તો પરમેશ્વરે જ કર્યો છે. એ કેમ તોડાય?'

'પણ ઈશ્વર ક્યારે તમને કહેવા આવેલો કે એ ભેદ મેં કર્યો છે ને તમારે પાળવો જોઇએ? હું શાસ્ત્રોને

માનતો નથી. શાસ્ત્રો મતલબી બ્રાહ્મણોએ રચ્યાં છે.'

'જંગલમાં કંદમૂળ ને ફળ ખાઇ તપશ્ચર્યા કરનાર બ્રાહ્મણોને શી મતલબ હોઇ શકે વારુ? એમને ક્યાં કોઇનું રાજ લૂંટવું હતું?'

'પણ જો જાતિવ્યવસ્થા ઇશ્વરે કરી હોત તો દુનિયામાં બધે તે જોવા મળત.'

'ઠીક, માની લઇએ કે જાતિઓ ઇશ્વરે નથી કરી, માણસે કરી છે. તોયે શું? જેમની રહેણી સરખી નથી તેઓ સાથે કેમ ખાઇ શકે?'

નારાયણ ન્યાતે વાણિયો હતો. રહેણીભેદની વાત એને ખૂંચી. 'અમે ક્યાં તમને અમારી સાથે ખાવાનું કહીએ છીએ? તમને ખવડાવીએ તો નકામું ખર્ચ વધે. પણ હું કહું છું, ઉચ્ચનીચભાવ ન હોવો જોઇએ.'

'ઉચ્ચનીચભાવ અમે ક્યાં પેદા કરીએ છીએ? તમે લોકો જ એ કબૂલ રાખો છો!'

'એમ કે? અમને શી પડી હતી?'

'તમારી વાત નથી કરતો. ધારો કે કોઇ માણસ માંસાહારી છે. પણ એ માને છે કે ઘેટાંબકરાંને મારવામાં પાપ છે, ને છતાં એ માંસાહાર છોડી શકતો નથી. પછી તો એને લાગવાનું જ કેની કે પોતે નીચો છે અને માંસાહાર ન કરનાર લોકો ઊંચા છે?'

'પણ એ માંસાહાર કરવામાં પાપ છે એમ ન જ માનતો હોય તો?'

'તો તો એ હિંદુ જ નથી.'

'એમ કે? અને ધારો કે કોઇ અંત્યજ માંસાહાર ન જ કરતો હોય અને ચોખ્ખો રહેતો હોય તો એને તો તમારા કરતાં નીચો ન જ ગણોને?'

'હું પોતે તો એને નીચ ન ગણું. બીજાની વાત હું શી રીતે કરી શકું?'

અમારી ચર્ચા અહીં સુધી આવી ત્યાં રસ્તા પાસે એક ચમારનું ઘર આવ્યું. એનો ઓટલો ચોખ્ખો ચંદન જેવો હતો. તે જ દિવસે હજામત કરાવેલી હોવાથી એનું માથું પણ ચળકતું હતું. એના ગળામાં તુલસીની માળા હતી; ગાંઠ વાળેલી ચોટલી પાછળ લટકતી હતી.

નારાયણે કહ્યું, 'જો આ અંત્યજ! એનું ઘર કેવું સ્વચ્છ છે! ભગત દેખાય છે. એનું પાણી તું પીશ?'

'એ માંસ ન ખાતો હોય, કોઇનું એંઠું ન ખાતો હોય તો મને વાંધો નથી.'

હું માનતો હતો કે આ તાત્ત્વિક ચર્ચા છે. ત્યાં જે સિદ્ધાંત આપણે એક વાર રજુ કર્યો તેને વળગીને જ વાતો કરવી જોઇએ. પણ નારાયણે તો પેલા ચમારને ઉપર બોલાવ્યો, (એનું ઘર રસ્તાથી કંઇક નીચે હતું.) ને કહ્યું, 'અરે ભાઇ, થોડું પીવાનું પાણી આપશો?'

ચમાર બાપડો આભો બની ગયો. એણે કહ્યું, 'બાપજી, અમે ચમાર છીએ.'

'એનું કાંઇ નહિ.' નારાયણ બોલ્યો.

મેં ઉતાવળે ઉમેર્યું, 'પણ તું માંસ તો જરૂર ખાતો હશે.'

'ના બાપજી, અમારે ત્યાં કોઈ માંસ ખાતું નથી. પણ માછલાં ખાઇએ ખરા.'

'એનો અર્થ એ જ થયો!' મેં કહી દીધું.

'પણ હું પોતે તો માછલાં પણ નથી ખાતો. આ તુલસીની માળા પહેરી છે ત્યારથી માછલાં ખાવાનું છોડી દીધું છે. મારાં છાણાં સ્મશાનમાં પહોંચી ગયાં છે. હવે એ પાપમાંથી છૂટી જઇએ એ જ સારું ને!'

નારાયણ બોલ્યો, 'બસ, ત્યારે તારું પાણી અમને ખપે. સ્વચ્છ વાસણમાં ચોખ્ખું પાણી લાવજે.'

પાણી આવ્યું. અમે બંને એકબીજા તરફ જોવા લાગ્યા. હું તો બરાબર સપડાયો હતો. ના કહેવાની સગવડ હતી જ નહિ. હવે ના પાડું તો કાયર કહેવાઉં. સુધારક વિદ્યાર્થીઓને હું હમેશાં કહેતો કે 'તમે લોકો બોલવે શૂરા.' અત્યારે મારી કસોટીનો વખત હતો. મેં મનમાં ગોઠવ્યું કે ઝાઝો વિચાર કરવા બેસીશ તો મોળો પડીશ. ઝટ દઇને મેં પેલાની તાંસળી હાથમાં લીધી ને પાણી ગટકાવી ગયો. એ વખતે મને શું થયું એની કલ્પના કોણ કરી શકે? ઝેરનો પ્યાલો પણ આના કરતાં સુખેથી પી જાત. એ પાણી ગળામાંથી પેટમાં ઊતર્યું એ જાણે ક્ષણેક્ષણે બોલતું હતું, 'જો તું વટલાયો! જો તું વટલાયો!' પણ મોઢા પર તો મેં મારી બહાદુરી જાળવી રાખી.

મને સ્મરણ છે કે નારાયણે તો પાણી ન જ પીધું. તે એટલું જ બોલ્યો, 'મારે ક્યાં સિદ્ધ કરવાપણું છે? સિદ્ધ તો તારે કરવાનું હતું. તેં સિદ્ધ કર્યું એ હું કબૂલ કરું છું.'

વટલાયાની વાત મનમાં ખટકતી હતી જ. પણ આપણે એકલા જ વટલાયા એનું પણ મને લાગી આવ્યું એવું યાદ છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય

ઓરિસ્સામાં સાતમી સદીનાં બે ભવ્ય મંદિરો છે. તે કોનારક અને ભુવનેશ્વર. જગન્નાથજીની યાત્રાએ જનારે આ બે સ્થળો અવશ્ય જોવાં જોઇએ. સાતમી-આઠમી સદીમાં ગંગા વંશના કેટલાક પ્રતાપી રાજાઓએ આ મંદિરો બાંધી ત્યાં બીજું કાશી કરવા ધાર્યું હતું. કાશીમાં હિંદુ ધર્મનો ઘણુંકરીને બૌદ્ધોએ હ્રાસ કર્યો હતો એટલે ભુવનેશ્વરમાં ફરીથી તે વખતના પ્રચલિત હિંદુ સંપ્રદાયોને એકત્ર કરી જબરદસ્ત સમન્વય સાધવાનો પ્રયત્ન થયો હતો. ત્યાં મુખ્ય મંદિર હરિહરનું છે. એમાં હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શંકર બંનેની એક લિંગમાં ભેગી પૂજા કરવામાં આવે છે. અરધા ભાગપર બિલ્વી અને અરધા પર તુલસી ચડાવાય છે એની જોડે રાજારાણીનું મંદિર છે અને મુખ્ય મંદિરની આસપાસ બીજાં નાનાં દેવાલયો છે બીજાં પણ મુખ્ય હિંદુ દેવદેવતાઓનાં મંદિરો ભુવનેશ્વરમાં છે. પાસે મોટું તળાવ છે.



ભુવનેશ્વરના મંદિર-માંની પાર્વતીની મનોહર મૂર્તિ. સ્કેચ : રવિશંકર રાવળ.

મુખ્ય મંદિરો એકલા પથ્થરનાં બનાવેલાં છે. એમાં ચૂનો પણ નાખ્યા વિના પથ્થરોને ગોળ વાટા જેવા કોતરીને એકબીજામાં સાંધા મેળવીને મજબૂત કરેલા છે. શિખર ૪૦ ફીટ ઊંચું છે અને વિમાન ઘાટનું છે. અમે ઇ.સ. ૧૯૨૬માં ત્યાં ગયા હતા. મંદિરની ભવ્યતા, પૂર્વકાળની એની જાહોજલાલી વગેરે વિષયોની ચર્ચા કરતા હતા, એવામાં ગુજરાતી ભાષા બોલનારા કચ્છી કારીગરોને અમે ત્યાં કામ કરતા જોયા. બહુ નવાઈ લાગી, પણ એ તરફનું રેલવે વગેરેનું બાંધકામ એ જ લોકો કરે છે એમ વાત પરથી જાણ્યું. આ શિખર-ની કારીગરી વિષે અમે એમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. એ કહે. 'પથ્થરો સાથે પથ્થરો મિલાવીને મંદિરો રચવાની વિદ્યા હવે અમે ભૂલી ગયા છીએ. ચૂના વગર આવા સાંધા મેળવવાથી જ આ મંદિરો અગિયારસો વર્ષ થયાં છતાં આવી સારી હાલતમાં છે. જીર્ણોદ્ધારનું કામ તો અમે ચૂના સીમેન્ટથી જ કરીએ છીએ. શું કરીએ? અમે કપૂત ઊઠ્યા છીએ.'

મંદિરની બહારના પ્રદક્ષિણામાર્ગ પર પુષ્કળ પૂતળાં પૂતળીઓ અને પશુ પંખી કોતરેલાં છે. આ બધાં જ લાવણ્યવાળાં ને અજબ કારીગરીથી ભરપૂર છે. અપ્સરાઓ, નર્તકીઓ, દેવદેવી અને ગંધર્વ–કિન્નર લોક પથ્થરમાંથી કોતરીને ભીંતો તથા સ્તંભોની બાજુએ ગોઠવેલાં છે. એમની નીચે કંદોરાઓ તથા કંદોરાઓની નીચે પણ નાનામોટા કદનાં અસંખ્ય પૂતળાં કોતરેલાં છે. એ સૌનું વર્ણન કરવું શક્ય નથી; પણ મંદિરની ડાબી બાજુના એક ગોખમાં ખરી સ્ત્રીના કદની પાર્વતીની એક પુરાણી મૂર્તિ મૂકેલી છે તેનું વર્ણન તો જરૂર યથાશક્તિ કરવું પડશે.

પુરાવિદ્યાવિશારદ સ્વ. રાખાલદાસ બૅનરજીએ દાર્જીલિંગમાં અમને કહેલું કે ઘેર જતાં પહેલાં ભુવનેશ્વર જોઇને જજો. પછી અમને એ કલકત્તે ફરી મળ્યા તે વખતે આ પાર્વતીની મૂર્તિને વિષે કહેતા હતા કે માટીમાં દટાએલી એ પડી હતી. એક મહિના સુધી દરરોજ એને પાણીથી ઘસીઘસીને ધોવડાવી ત્યારે એટલી ચોખ્ખી થઇ છે. રાખાલદાસ સરકારી શોધખોળ **Archeology** ખાતાના એક મોટા, વિદ્વાન ને



પુરાવિદ્યાવિશારદ સ્વ. રાખાલદાસ બૅનરજી

પ્રતિષ્ઠિત અમલદાર હતા. અમદાવાદમાં એ પોતાના કામને અંગે રહી ગયા છે અને ધોળકાના મલાવ તળાવના ગોખની નૃત્ય કરતી મૂર્તિઓ, વીરમગામનું મુનસર તળાવ તથા એના ઉપરની દહેરીઓ અને આકૃતિઓ, અને અડાલજની વાવ વગેરેનાં પુષ્કળ વખાણ કરતા હતા. કલાવિવેચનને હિસાબે આખું હિંદુસ્તાન એમને એક ઘર જેવું હોય એ રીતે જ એ વાતો કરતા. સ્થાપત્ય અને શિલ્પકલાની નજરે આ વિશાળ દેશની નાની મોટી તમામ જગ્યાઓ એમણે એટલી ઊંડી દૃષ્ટિથી જોઈ હતી કે એ બધી એમની આંગળીને વેઢે હતી; અને આપણે જેમ 'ઘરના અમુક ગોખલામાં અમુક વસ્તુ પડી છે; પેલી પેટીમાં ફલાણી વસ્તુ છે' એમ કહીએ, તેમ એ હિંદના કોઇ પણ સ્થાપત્ય વિષે કહી શકતા. મોહેંજો ડેરો ને હર્રપાનાં કિવનાઇન જેવાં કડવાં પાણી પીને અને જિંદગીને જોખમે એમણે એ અપૂર્વ શોધો કરી હતી. એ શોધોની વિગતવાર હકીકત પ્રો. જદુનાથ સરકારની હાજરીમાં હિંદનો મોટો નકશો પોતાની આગળ રાખીને એમણે દાર્જીલિંગમાં અમને સમજાવી હતી.

શિલ્પકળા પરના પ્રેમથી એમના સંસ્કાર બહુ ઉચ્ચ પ્રકારના થયા હતા. અતિ કપરી ઐતિહાસિક શોધખોળોમાં ફતેહ મળ્યાથી એમને જે સંતોષ થયો હતો તેવો સંતોષ મેળવવાનું કોઇ હિંદીના ભાગ્યમાં ભાગ્યે જ લખ્યું હોય છે. જે બેચાર કલાક એમની સાથે ગાળવાનું અમને સુભાગ્ય પ્રાપ્ત થયું હતું તે દરમિયાન જાણે કોઇ પાઠશાળામાં ઉચ્ચ કેળવણી લેતા હોઇએ અથવા કોઈ સ્નાતકોને માટે યોજાએલી વ્યાખ્યાનમાળા સાંભળતા હોઇએ એવું લાગ્યું હતું. અતિશય મહેનત અને સિંધના એ ભાગનાં હવા-પાણીથી રાખાલબાબુ નરમ થઈ ગયા હતા અને આપણા ઘણા વિદ્વાનોનો કટ્ટો શત્રુ મધુપ્રમેહનો રોગ એમને લાગુ પડયો હતો. પાછળથી તો સરકારી નોકરી છોડી એ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પ્રોફેસર નીમાયા હતા. હમણાં થોડા જ સમય પહેલાં નબળાઇના કારણે એ દેવલોક પામ્યા. એમના જેવી વિદ્વત્તા ને કલાપ્રીતિ બીજા કોઈ હિંદી કે અંગ્રેજમાં મેં જોઈ નથી.

પાર્વતીની પેલી મૂર્તિ પછી અમે લગભગ એક કલાક સુધી જોઇ. શુદ્ધ આરસમાંથી એ કોતરેલી છે. એમાં નૃત્યનો કોઇ વિરલ અભિનય પાર્વતીના અંગ પર ઠર્યો છે. ગંભીર મુખ, ઢળેલાં નેત્રો, વસ્ત્ર ને અલંકારની છટા તથા માથાનો મુકુટ,—બધું દિવ્ય છે. કેડે રૂપાની ઘંટડીઓની કટિમેખલા છે અને અંગ પર એક આછી પદ્દણી, ઓઢણાની રીતે ઓઢી છે. કાને કુંડલ છે, ગળે હાર છે અને સુંદર અંગમરોડ છે. આનંદ એમના અંગેઅંગમાં ભર્યો છે અને હાથની આંગળીઓ સુદ્ધાં ચેતનથી ભરેલી લાગે છે. એ મૂર્તિની માત્ર ઉપરટપકેની નોંધ જેવો પેન્સિલ સ્કેચ કરતાં મારા મિત્ર શ્રી રવિશંકર રાવળને એક કલાક થયો. એટલો સમય લીધા છતાં એમને સંતોષ ન થયો ત્યારે આખરે એ મૂર્તિને પ્રણામ કરીને એ ત્યાંથી ઊઠી ગયા.

શિલ્પકળાની આ એક સર્વોત્કૃષ્ટ પ્રતિમા છે. જે પ્રજાનાં સમસ્ત જીવન ધર્મ, સાહિત્ય, સંગીત, નૃત્ય અને કલાભક્તિમાં તરબોળ થઇ ગયાં હોય તે જ પ્રજા આવી પ્રતિમાઓ ઘડી શકે. ભુવનેશ્વર આખું ઉત્કૃષ્ટ શિલ્પથી ભરેલું છે; પણ એમાં યે સૌથી સરસ આ પાર્વતીજીની મૂર્તિ છે.

પરંતુ આ બધી તો ભૂતકાળની વાત થઇ. ઓરિસ્સામાં આજે તો એટલી ગરીબાઇ છે કે માણસો તથા ઢોરનાં માત્ર ચામડાં અને હાડ રહ્યાં છે! ઓરિસ્સાની ભાષા પણ અમને ગુજરાતી ભાષા જેવી જ લાગી; પરંતુ એ વિષે ઊંડી તપાસ કરવાનો અમારી પાસે વખત ન હતો. પાસે ઉદયગિરિની ગુફાઓ છે તે પણ બહુ જૂના વખતની છે. એ જોઇ આવીને અમે મુકામ પર ગયા. અમારી ગાડી રાત્રે જતી હતી. ચોમાસાની પૂર્ણિમાની રાત્રિ હતી. ચોમાસાનાં તાજાં પાણીથી ભુવનેશ્વરનું એ બિંદુ સરોવર છલોછલ ભરાઇ ગયું હતું. એમાં રાજરાણીનાં દેવળોનાં દબદબાભર્યાં શિખરોની કારમી છાયા પડતી હતી. ભાઈ રાવળે પાછો

ફરીને એ રહસ્યમય દેખાવ જોવા અમને સૂચના કરી; પરંતુ હું એ દેખાવ બહુ વાર જોઇ શક્યો નહિ. કારણકે એ હૃદયદ્રાવક દેખાવમાં મને આપણી હિંદદેવી–પાંચાલી–નું કરુણ રુદન સંભળાતું હતું. એના ભૂતકાળના ગૌરવ સાથે એની વર્તમાન દુર્દશા સરખાવવા અમને એ રુદનમાં આજ્ઞા કરતી હતી!

જબલપુર પાસે ભેડા ઘાટમાં આરસના પહાડોમાં થઇને નર્મદા નદી વહે છે અને ઉપલાણની બાજુએ તેનો ધોધ પડે છે. એ સ્થળ અદ્‌ભુત-સુંદર છે. ત્યાં એક ટેકરી ઉપર ચોસઠ જોગણીઓનું મંદિર છે. વિક્રમ રાજાને આ ચોસઠ જોગણીઓ પ્રસન્ન હતી એમ કહેવાય છે. પરંતુ મૂર્તિઓ ઉપર નામો લખ્યાં છે તે ઉપરથી આ સ્થળ ઇ.સ. ૧૦૦૦ કે ૧૧૦૦ પછીનું હોવું જોઇએ એમ લાગે છે. કેમકે દેવનાગરી લિપિ ૧૦૦૦–૧૧૦૦ પછી શોધાઇ. બધી મૂર્તિઓ મુસલમાનોએ ખંડિત કરેલી છે. હાલમાં તો મંદિરની વચમાં માત્ર ગૌરી-શંકરની મૂર્તિની પૂજા થાય છે અને બાકીની મૂર્તિઓ અપૂજ્ય રાખવામાં આવે છે. પરંતુ આ ખંડિત મૂર્તિઓ બધી યે જોવા લાયક છે.

એ વિક્રમ રાજા કયા તે હજી નક્કી થયું નથી. સમુદ્રગુપ્તને વિક્રમ ગણવામાં આવે છે. એ ઇ.સ. ૪૦૦માં થઇ ગયો. એ સમુદ્રગુપ્તે હૂણ લોકોનાં ધાડાં પાછાં વાળ્યાં તેની યાદગીરીમાં એ વખતે એક જૂનો શક ચાલતો હતો તેને બદલીને તેમાં એનું નામ મેળવી દીધું અને એ રીતે આપણો આજનો વિક્રમ સંવત ચાલુ થયો એમ ઇતિહાસવેત્તાઓનું માનવું છે. એ સમુદ્રગુપ્તના વખતનું એક ખંડિત કરેલું વૈષ્ણવ મંદિર, દિલ્હીમાં કુતુબમિનાર પાસે છે. એ મંદિરમાં ‘ફીરોઝશાહની લાટ’ના નામથી ઓળખાતી મિશ્ર ધાતુની એક લાટ પણ છે. એ ગરુડસ્તંભ છે. આટલાં બધાં વર્ષ થયા છતાં એને જરાસરખો પણ કાટ લાગ્યો નથી, તેથી એની મેળવણી કરવાની રસાયણિક આવડત પણ એ કાળે આપણી કેટલી ઉચ્ચ પ્રકારની હશે એનો પુરાવો મળે છે.

એ સમુદ્રગુપ્ત આ ચોસઠ જોગણીઓના મંદિરમાં આવતો હોય એ તો કંઇ સંભવિત લાગતું નથી. પરંતુ માળવાના કોઇ રાજાનો આ મંદિર સાથે સંબંધ હોય, અને માળવાના એટલા બધા વિક્રમ, એમ કહેવાતું



ભુવનેશ્વરનાં મંદિરની દીવાલ પરનું શિલ્પ : આખા મંદિરની ભીંતો ને સ્તંભો આવી મનોહર કારીગરીવાળાં સુશોભનો અને આવી લાવણ્યભરેલી પૂતળીઓથી ખીચોખીચ ભરેલાં છે.

હોય તો નવાઇ નથી. જબલપુર પાસેના આ મુલકનું જૂનું નામ ત્રિપુરી છે. સ્વ. રાખાલદાસે ‘ત્રિપુરીના હૈહવો’ એ નામનું એક પુસ્તક લખેલું છે એમ એમણે અમને કહ્યું હતું, પરંતુ હજી એ પ્રસિદ્ધ થએલું જણાયું નથી.

આ દેવીઓ (ચોસઠ જોગણીઓ)નાં મોં છેદી નાખવામાં આવ્યાં છે; ઘણાંનાં નાક કપાએલાં છે. પરંતુ આપણી જૂની મૂર્તિઓમાં માત્ર મુખ જ કંઇ અંતરના ભાવ દર્શાવતાં નથી. એમનાં આખાં અંગ ચેતનવાળાં અને ભાવથી ભરેલાં હોય છે. આ દરેક દેવીને અંગ પર સુંદર વસ્ત્રાલંકાર છે. એમનાં શરીરો



જબલપુર આગળ ભેડાઘાટ પાસેના ચોસઠ જોગણીઓના મંદિરમાંની ગૌરી-શંકરની મૂર્તિ.

સુકોમળ નાજુક છે અને સુવર્ણના કળશ જેવાં મોટાં સ્તન તથા ભારે નિતંબો છે. આ બધાં માતાઓનાં સ્વરૂપો છે. હિંદુ ધર્મમાં દેવીઓ એ પૃથ્વીનું, કુદરતનું સ્વરૂપ છે ને કુદરત તથા પૃથ્વી બંને અન્નપૂર્ણા—પોષણ આપનારી માતા સમાન છે એમ હોવાથી એમનાં સ્તનોમાં આપણે જે બધાં એમનાં બાળકો છીએ તેમને પોષણ આપવાનાં અખૂટ દૂધ ભરેલાં છે એમ સૂચવવા એવા ઘાટ કરેલા છે. નિતંબ ભારેખમ હોય એ તો સાહિત્યકારોએ સ્ત્રીનું એક ભૂષણ ગણેલું તે જ શિલ્પીઓએ પરંપરાગત સ્વીકારેલું છે.

શક્તિપૂજા એ અસલ તો અહીંની મૂળ વતની અનાર્ય પ્રજાઓની કુળપૂજા હતી. મેલડી, કાળી એવા ભયંકર રૂપે એ પૂજાતી હતી. એને પાડા અને બકરાંના ભોગ આપવામાં આવતા અને નવરાત્રિમાં ઉત્સવો થતા. પરંતુ આર્ય પ્રજાએ એ દેવીપૂજક લોકોને પોતાનામાં ભેળવી લીધા અને શક્તિપૂજાને કવિત્વ, તથા તત્ત્વજ્ઞાનથી અને કલા તથા સાત્વિક વૈભવથી ભરી દીધી. એમના મંત્રતંત્રને યોગની ક્રિયાઓથી શુદ્ધ કર્યાં અને દેવીના ભયંકર રૂપને સુંદર, સૌમ્ય અને મોહક બનાવ્યાં. આપણી અંદર રહેલા પશુને એ મારનારી ગણવામાં આવી અને એને મારીને એ આપણું કલ્યાણ કરનારી એટલે જગદંબા કહેવામાં આવી. એને 'ચિન્મયી'—'આનંદમયી' એવાં પણ નામ આપવામાં આવ્યાં અને શ્રીમન્ શંકરાચાર્ય જેવા મહાન આચાર્યે 'આનંદલહરી' જેવાં એમનાં સ્તોત્રો રચ્યાં.

ગુજરાતે એ કાલિને ભદ્રકાળીનું રૂપ આપ્યું અને મહાકાળી, મહાલક્ષ્મી તથા મહા સરસ્વતી રૂપે પાવાગઢ પર એમને સ્થાપ્યાં. દિક્-કાળની સ્વામિની રૂપે એને કાળી કહી. એ સંહારક શક્તિ મહેશ્વરની પત્ની હતાં. મહાલક્ષ્મીરૂપે એ રક્ષણ અને પોષણ આપનાર વિષ્ણુની પત્ની બન્યાં. ધનધાન્ય, આરોગ્ય અને સંપત્તિ આપનાર કુદરતમાં વિષ્ણુ ભગવાનની શક્તિ રૂપે એ વિરાજે છે. સરસ્વતી એટલે વિદ્યા. એ બ્રહ્માની પુત્રી. એના વડે જ મનુષ્યો જીવનનું સાર્થક કરે છે, પશુમાંથી દેવ બને છે અને સંગીત, સાહિત્ય તથા કલાના લાભ લઇ શકે છે. ગુજરાતને જૈનોની પાસે 'અહિંસા પરમોધર્મ' શીખવો પડ્યો. દેવીઓના યજ્ઞમાં પાડા કે બકરાંને બદલે કોળાં કે નાળિયેર વધેરવામાં આવ્યાં. ઘોર ડાકલાં વાગતાં દેવીને ભૂતપ્રેત ધૂણતાં એને બદલે સુંદર સંગીત સાથે નવરાત્રિના સંસ્કારી ગરબા ગોઠવ્યા અને આમ અસલની જંગલી દેવીપૂજાનું ઝેર ગુજરાતે કાઢી નાખ્યું. હર્બર્ટ સ્પેન્સર પ્રભુને માનતો ન હતો. એ Agnostic—શંકાવાદી હતો. Unknown and Unknowable 'કોઇએ એને જાણ્યો નથી ને કોઈથી એ જણાય એવો નથી' એવું જ એ પ્રભુને વિષે કહેતો તેમ છતાં Force એટલે બળ કે શક્તિને એ સમજ્યો હતો અને વિજ્ઞાનના અવલોકનથી શક્તિની સર્વવ્યાપકતા જોઇને શક્તિ વિષે જ્યારેજ્યારે એ કંઇ બોલતો ત્યારેત્યારે ભક્તજન જેમ ભગવાનને માટે બોલતાં ગદ્ગદિત થઇ જાય છે તેમ એ ગદ્ગદિત થતો. આ Force, Energy કે Power એને જ અસલના હિંદુઓએ દેવી રૂપે ભજી છે. અને હાલ તો ભૌતિકશાસ્ત્રોમાં, પદાર્થવિજ્ઞાનમાં, રસાયણમાં અને જીવવિદ્યામાં જડ તથા ચેતનનાં સ્વરૂપો Matter and Energy વિષે ઘણું જ્ઞાન વધ્યું છે. એ Energy અને પ્રાણીવિદ્યામાં સિદ્ધ થએલી ચેતનશક્તિ જાણ્યા પછી

નિર્ગુણ કે સગુણ માયા—મહામાયાનાં આપણાં જૂનાં રૂપકો તરફ આદરભાવની દૃષ્ટિએ ન જોઈએ એવું કંઈપણ કારણ જડતું નથી. ઉલટું અણુપરમાણુમાં રહેલી શક્તિઓ અને રેડિયમના અગાધ બળથી એ જૂની આંખે નવા તમાશા જોઈ શકાય એમ લાગે છે. કવિત્વ બમણું વેગવાન બને એમ છે અને તત્ત્વજ્ઞાનને પણ નવાંનવાં દૃષ્ટાંતો હાલના વિજ્ઞાનમાંથી મળી શકે એમ લાગે છે.

જબલપુરની એ દેવીઓની મૂર્તિઓની તળે દેવ-નાગરી લિપિમાં દરેક દેવીનાં નામ લખેલાં છે. 'વારાહી' 'મહામારી' 'ડાંગા' ઇત્યાદિ. બીજી દેવીઓનાં સ્વરૂપો જે જે ગુણો તે દર્શાવતી હોય તેને અનુરૂપ છે. મહામારીનું સ્વરૂપ મૃત્યુ પોતે જાણે મૂર્તિ ધારણ કરીને આવ્યું હોય એવું છે. હાડકાં નીકળેલાં છે, હાડપિંજર જેવું શરીર અને ડાચું છે, ગળામાં ખોપરીઓની માળા છે, અને સ્તનો લાંબાં તથા જાણે અંદર ઝેર ભર્યું હોય એવાં છે! 'હિંદી પંચ' કોઈ વાર પ્લેગ કે કૉલેરાનું ચિત્ર આ મહામારીના જેવું જ બનાવે છે.

જેમ જૈન મંદિરોમાં મુખ્ય તીર્થંકર વચમાં અને બીજા બધા તીર્થંકરોનાં મંદિર આસપાસ રાખવામાં આવે છે, તેમ આ સ્થળે ગૌરી અને શંકર—શિવ શક્તિ—વચમાં મુખ્ય મંદિરમાં રાખવામાં આવ્યાં છે અને આસપાસ આ દેવીઓની મૂર્તિઓ છે. મથુરાના સંગ્રહસ્થાનમાં જેવું કનિષ્કનું બાવલું છે એવું જ એક આ મૂર્તિઓ સાથે ખંડિત દશામાં અહીં પણ પડ્યું છે, પણ એ કોનું છે તે સમજી શકાતું નથી. કોઇ કલા-વિવેચકોએ આ સ્થાનનું કે આ મૂર્તિઓનું વિગતવાર વર્ણન આપ્યું નથી એ દિલગીરીભરેલું છે. 'રૂપમ્' આપણું કલામિમાંસાનું ઉત્તમ ત્રિમાસિક છે, પરંતુ એમાં યે આ વિષે કંઇ લખાણ હજી સુધી પ્રસિદ્ધ થયું હોય એમ જાણવામાં નથી. આ મૂર્તિઓની શિલ્પ-શાસ્ત્રની દૃષ્ટિએ અને રસમિમાંસાની દૃષ્ટિએ ચર્ચા થવાની ઘણી જરૂર છે.

(ચાલુ)

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

ટપાલની ટિકિટો પર સંસ્કૃતિઓના સ્મરણાવશેષ

આ અંકમાં ખાસ ચિત્ર તરીકે આપેલો ટિકિટોનો સંગ્રહ તેની નીચે જણાવ્યા પ્રમાણે સમયના પ્રવાહમાં વહી ગએલી જગતની સંસ્કૃતિઓનાં પ્રતીક દર્શાવી આપણી નજર આગળ એ પ્રાચીન સંસ્કૃતિઓની મહત્તા, સમૃદ્ધિ અને શક્તિની ઇતિહાસગાથા ટૂંકી અને સારગર્ભરીતે રજુ કરે છે. એ બધાની ક્રમવાર વિગત નીચે પ્રમાણે છે. તેમાં પહેલું દેશનું નામ, તે પછી ટિકિટ બહાર પડ્યાનું વર્ષ, અને છેલ્લે ટિકિટમાંની સંજ્ઞા વર્ણવી છે.

(૧) ઇજિપ્ત ૧૯૧૪, ખડકમાંથી કોરેલાં અબુ સિંબેલનાં મંદિરો; (૨) અલ્જીરિયા-૧૯૩૦, ટીમગાડનાં ખંડિયેરો; (૩) આરમીનિયા-૧૯૨૧, આનીનું શિલ્પ; (૪) અલ્જીરિયા-૧૯૩૦, જેમીલાનાં ખંડિયેરો; (૫) ઇજિપ્ત-૧૯૧૪, લકઝર પાસેનો કરનાકનો દરવાજો; (૬) ઇજિપ્ત ૧૯૧૪, ગીઝેના પીરામીડ; (૭) ઇટલી-૧૯૨૬, સંત ફ્રાન્સિસના અસીસીમાંના દેવળ અને મઠ; (૮) ઇરાક-૧૯૨૩, જૂના બાબિલોનનો પાંખોવાળો દેવ દૂત; (૯) ઈટલી-૧૯૨૯, સંત બેનેડિક્ટનો મોન્ટે કેસીનોનો મઠ; (૧૦) ઇજિપ્ત-૧૯૧૪, સ્ફિંક્સ; (૧૧) આરમીનિયા-૧૯૨૧, આનીનું ભીંત પરનું ભાસ્કર્ય; (૧૨) ઇજિપ્ત-૧૯૧૪, થીબિસની જંગી મૂર્તિઓ; (૧૩) આરમીનિયા-૧૯૨૧, આનીનાં ખંડિયેરો; (૧૪) પૅલેસ્ટાઇન-૧૯૨૭, જેરૂસલેમનો કિલ્લો; (૧૫) ઇરાક-૧૯૨૩, પુરાતન બાબિલોનની દીવાલપરના ભાસ્કર્યમાંનો પાંખવાળો ગોધો; (૧૬) સીરીયા-૧૯૨૫, પાલમાયરાનાં ખંડિયેરો; (૧૭) ઇરાક, ૧૯૨૩, કાધિમેઇનની શિયા મસ્જિદ; (૧૮) ઈરાક-૧૯૨૩, મુઅઝ્ઝમની સુન્ની મસ્જિદ; (૧૯) સીરીઆ-૧૯૨૫, પાલમાયરાનાં ખંડિયેરોનું બીજું દર્શન; (૨૦) સાઈપ્રસ-૧૯૨૮, ઍમેથસનો રૂપાનો સિક્કો; (૨૧) ક્રીટ-૧૯૦૫, આરીએન દેવીનો જૂનો સિક્કો; (૨૨) ઈરાક-૧૯૨૩, ત્સેસીફોનની ભવ્ય કમાન; (૨૩) ક્રીટ ૧૯૦૦, હરમીસનો જૂનો સિક્કો; (૨૪) સાઇપ્રસ-૧૯૨૮, ઉમ હારમ મસ્જિદ; (૨૫) ઇટલી-૧૯૩૦, કૅપિટોલ, રોમ; (૨૬) ગ્રીસ-૧૯૨૭, ઍક્રોપોલિસ; (૨૭) ગ્રીસ-૧૮૯૬, પૅલાસ ઍથેઇનના દૃશ્યવાળું વાઝ; (૨૮) ગ્રીસ-૧૯૨૭, ગીસીઅસનું દેવળ; (૨૯) ગ્રીસ-૧૮૯૬, પારથેનોન સાથે ઍક્રોપૉલિસનું દૃશ્ય; (૩૦) મેક્સિકો-૧૯૨૩, ટીઓટીહુઆહનનું પીરામીડના આકારનું પુરાતન સૂર્યમંદિર; (૩૧) પ્રજાસત્તાક લિબૅનોન-૧૯૨૫, બાલબૅકનાં ખંડિયેરો; (૩૨) ટોંગા;૧૮૯૭, હૅમોંગા; (૩૩) પ્રજાસત્તાક લિબૅનોન-૧૯૨૫, બાલબેકનાં ખંડિયેરો-બીજું દૃશ્ય; (૩૪) ગ્વેતેમાલ-૧૯૨૧, ક્વીરીગુઆનો અખંડ પથ્થરનો સ્તંભ; (૩૫) ફ્રાન્સ-૧૯૨૯, પૉંત દુ ગાર્ડ; (૩૬) ક્રીટ-૧૯૦૫, મીનોસ મહેલનાં ખંડિયેરો; (૩૭) મેક્સિકો-૧૯૨૩, પ્રાચીન એઝ્ટેકનો દરવાજો; (૩૮) આરમીનિયા-૧૯૨૧, આનીનાં ખંડિયેરો; (૩૯) ઇટલી-૧૯૩૦, કલૌડીઅસની નહેર.

ભારતીય કલાનો રહસ્ય-સંદેશ

[અનુસંધાન પાછળ પાન ૧૭૯થી]

પ્રાચીન ભારતના શિલ્પના આ નવા મંદિરના ઉચ્ચથી ય ઉચ્ચ શિખર ઉપર આપણાં કલાશિલ્પ અને આધ્યાત્મિક સાધનાની પવિત્ર પતાકા આપણાં માનસિક સામ્રાજ્યના નવા જ પ્રકારના સ્વરાજ ગૌરવની હમેશાં ઘોષણા કરશે.

આપના અનુગ્રહ અને સૌજન્યને લીધે આ નવા કલા ભવનનાં—આ નવા રત્નમંદિરનાં દ્વાર ખોલવાનો આનંદભાર મારા ઉપર આવ્યો છે. હું મુક્તકંઠે કહી શકું છું કે આ કલામંદિરમાં જે શિલ્પભંડાર સંગ્રહાયો છે તેમાં પ્રાચીન હિંદી શિલ્પનાં અમૂલ્ય રત્નો છે, મણિમાણેક છે. આ સંસ્થાને, આ મણિમંદિરને જેમણે આંતરિક ભક્તિ અને અપૂર્વ દાનશક્તિ દ્વારા ચણ્યું છે, જેમણે ઉચ્ચ શિક્ષણનું આ નવીન વિદ્યામંદિર તૈયાર કરીને આપણા શિક્ષણસંચાલકો તથા વિદ્યાપીઠોની કૃપાથી વંચિત એવી એક નવીન વિદ્યાની આલોચનાનો માર્ગ જેમણે ઉજ્જવળ કરી આપ્યો છે તેમનું નામ શ્રીયુક્ત રાય કૃષ્ણદાસ. તેમના અંતરંગ મિત્રો સિવાય બહુ જ ઓછા માણસો જાણે છે કે કેટલા અક્લાન્ત પરિશ્રમ અને ઉદ્યોગપૂર્વક, દિવસોના દિવસો અને વરસોનાં વરસો, તેમણે આ હિંદી કલાનું સંગ્રહસ્થાન ઊભું કરવા પાછળ ગાળ્યાં છે. અતિશય વિનયપૂર્વક તેમણે પોતાની જાતને આજના ઉત્સવના સમારોહના પડદા પાછળ ઢાંકી રાખી છે, એટલું જ નહિ પણ આપણને મોકલેલાં નિમંત્રણપત્રો ને ઉત્સવની જાહેરાતમાં પણ તેમનું નામ સુદ્ધાં આપ્યું નથી! આવો, આપણે એ સહૃદય, વદાન્ય, અક્લાન્ત કર્મીને કૃતજ્ઞતા અને ભક્તિપૂર્વક નમસ્કાર કરીએ અને આજના ઉત્સવને સાર્થક કરીએ. હિંદની આ નવી રાષ્ટ્રીય ચિત્રશાળાના એ પ્રથમ ઉદ્યોકના અને અકૃત્રિમ મિત્રનું નામ ઇતિહાસના પટ પર ચિરસ્મરણીય રહેશે.

'નાગરી પ્રચારિણી સભા'ના સભ્યો અને સભાપતિ મહાશયના પણ આપણે કાંઈ ઓછા ઋણી નથી. છેલ્લાં કેટલાંક વરસોથી આ અપૂર્વ કલાસંગ્રહ માતાપિતા વિનાના બાળકની પેઠે એક જરા જેટલા આશ્રયની આશાએ, સહેજ પ્રીતિ ને આદર પામવાની આશાએ, બારણેબારણે ભીખ માગતો ફરતો હતો. 'નાગરી પ્રચારિણી સભા'એ રસ્તે ભટકતા એ બાળકને હેતપૂર્વક ઊચકી લીધું, પ્રેમના શબ્દોથી તેનું સ્વાગત કર્યું અને પોતાના ઘરમાં તેને માનભર્યું આસન દીધું. હું કહી ગયો તેમ આ કલ્યાણમય આનંદના સંમેલનમાં શિલ્પ ને સાહિત્યનો પ્રાચીન ને ઐતિહાસિક અતિ નિકટ સંપર્ક નવા પ્રેમનાબંધન દ્વારા ગાઢ થયો છે.

બંધુઓ! મેં શબ્દોની જાળથી આપને બહુ વાર રોકી રાખ્યા. પણ આપણાં પ્રાચીન મંદિરોના સુચતુર પુરોહિતો અને પંડાઓનું એ સનાતન કૌશલ છે. પથશ્રાંત યાત્રાળુઓનાં તરસ્યાં નેત્રો સામે રત્નવેદીનું દ્વાર ખોલી, ગભારાના દેવતાની પ્રતિમાનાં 'દર્શન' તેઓ સહેજે કરાવતા નથી. અધીરા યાત્રાળુઓને ઘણી વાર સુધી મંદિરનાં સિંહદ્વાર બહાર જ તેઓ રોકી રાખે છે. તેઓને એવો આગ્રહ હોય છે કે વિલંબના વળ ચડાવીને અને આગળના અવરોધ તથા અંતરાય વડે પ્રથમ ભક્તિની પિપાસા અને ધર્મની ક્ષુધા જાગ્રત તથા સચેતન કરવી.

મને તો બહુ આશા છે કે આપણા આ પ્રાંગણમાં ભેગા મળેલા ભક્ત યાત્રાળુઓ પોતાની પૂજા તથા શ્રદ્ધાની અંજલિ આપવાને તેમની શ્રદ્ધાનાં શ્રેષ્ઠ માલાચંદન અને ભક્તિના અતિ પવિત્ર તથા ઉજ્જવળ ધૂપની આરતી લઇને આ શિલ્પ મંદિરમાં આવ્યા છે. આપ સૌ જાણો છો કે જે યાત્રાળુઓ અનિબુદ્ધિના વાઘા પહેરીને આવે છે, કુંઠિત ભક્તિ કે કૃપણતાથી કલંકિત મન લઇને બારણે આવી ઊભા રહે છે તેમને આપણાં મંદિરના દેવતા દર્શન નથી દેતા. દર્શન તો તેમને જ મળે છે, જેઓ પ્રેમ અને ભક્તિનાં નેત્રો ખોલીને હૃદયનાં બધાં ય દ્વારો એકપટે ઉઘાડાં મૂકીને છૂટે હાથે શ્રદ્ધાનું દાન દેતાદેતા આવે છે. આવો, આપણે બધા ભેગા મળીને હાથ જોડીને પ્રાર્થના કરીએ કે આપણા આ નવા કલા મંદિરનાં—આ નવા શિલ્પતીર્થના---માહાત્મ્યની વાર્તા આ પવિત્ર કાશીનગરીની પંચકોશીની પાર દૂરદૂર ફેલાઓ અને દૂરના તેમજ પાસેના અનેક દેશદેશાંતરોમાંથી હમેશાં સેંકડો ભક્ત યાત્રાળુઓની સુવિમલ ધારાને આ મંદિરનાં દ્વારમાં બોલાવી લાવો—જેમની નિત્ય પૂજા ને વિરાટ સ્થાયી દાનના ભંડાર દ્વારા આપણું આ નવું આરાધના મંદિર દિવસે દિવસે ઉજ્જવળ ને સમૃદ્ધિશાળી બનતું જાય.

[ભારત કલા ભવનના ઉદ્ઘાટન-ઉત્સવ પ્રસંગે નાગરી પ્રચારિણી સભામાં શ્રી અર્ધેન્દ્ર કુમાર ગંગોપાધ્યાયે આપેલું વ્યાખ્યાન.]

—અનુવાદક **નગીનદાસ પારેખ**

ચિત્ર–પરખ

ચિત્રકારે એક વસ્તુનું દોરેલું ચિત્ર અને તે જ વસ્તુનો ફોટોગ્રાફ, એ બે વચ્ચે મોટો તફાવત છે. ચિત્રકારની કૃતિમાં વસ્તુના રૂપ ઉપરાંત એ વસ્તુ જોઇ ચિત્રકારને થએલો આનંદ પણ ખાસ કરીને પ્રગટ થાય છે. ફોટોમાં મૂળ વસ્તુ જડ રૂપે જણાય છે, પરંતુ ચિત્રકારનો આનંદ વ્યક્ત થતો નથી.

આપણે કહીએ કે કુદરતનો દેખાવ જોવામાં જેટલી મજા પડે તેટલી મજા તે વસ્તુની આબેહૂબ નકલ જોઇને પણ પડે. છતાં તેમ ન પણ થાય. કારણકે અમુક એક દૃશ્ય જોતાં સામાન્ય માણસને કાંઈ ભાવ ન જાગે, પણ કોઈ કવિ કે ચિત્રકારનું મન નાચી ઊઠે. એટલે ચિત્રમાં તેના દોરનારનાં જે ખાસ પ્રાણ ને પ્રેરણા મળે છે તે ફોટોમાં હોય નહિ. આથી સમજાશે કે ચિત્ર એ ચિત્રકારની ભાવભરતીનું સ્થૂલ સ્વરૂપ છે, તેણે અનુભવેલા અનહદ આનંદની મૂર્તિ છે.

ઇશ્વરની સૃષ્ટિમાં બે દુનિયા છે. એક બહારની ને બીજી અંતરની. બહારની દુનિયામાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, નક્ષત્રો વગેરે પદાર્થો છે; અંતરની દુનિયામાં વૃત્તિ, લાગણી, આનંદ વગેરે છે. એ મનની દુનિયાનો–અંતરના જગતનો આનંદ પ્રગટ કરવા માટે માણસજાતે ૬૪ કળાની ઉત્પત્તિ કરી છે. કોઇ ગાઇને, કોઈ નાચીને, કોઇ મૂર્તિ ઘડીને, કોઇ ચીતરીને એમ જુદીજુદી રીતે સૌ પોતપોતાનો આનંદ બીજાં આગળ મૂકવાને આતુર રહે છે.

પણ આ આતુરતા બીજાંઓ પાસે વ્યક્ત કરવાની શી જરૂર, એમ કોઇ પૂછે. ખુલાસો એ કે આનંદનો સ્વભાવ જ બહાર આવવાનો—પ્રગટ થવાનો છે. દીવો પ્રગટ્યો કે પ્રકાશ થાય છે. ફૂલ ખીલ્યું કે એનો સુવાસ ચોમેર ફેલાય છે; પછી ભલેને બીજાને એ પ્રકાશ કે સુવાસની જરૂર હોય વા ન હોય.

કોઇ કહેશે કે ચિત્રમાં વસ્તુનું રૂપ હોય છે તેમ જ ચિત્રકારના આનંદનો પ્રકાશ પણ મળે છે; તો એ બંને વસ્તુઓ સાથે કેવી રીતે બને ?

આ વાત સમજાવવા મારે ચિત્રપદ્ધતિ (ટેકનિક) વિષે કાંઇક કહેવું જોઇશે. ચિત્રો દોરી ન જાણે એવા બીજાઓ પણ સમજી શકે એટલી સહેલી રીતે સમજાવવા હું યથામતિ યત્ન કરીશ.

ચાલો, આપણે ચિત્ર સંબંધી જ વાતચીત કરીએ. ચિત્રનો વિચાર કરતાંવેંત આપણને ત્રણ જુદાજુદા ખ્યાલ આવે છે. ચિત્રકારની મનોદશા, ચીતરવાની વસ્તુ (એટલે કે ચિત્રનો વિષય) અને ચીતરવાનાં સાધન. ચક્ષુમાંથી જે બધું જુએ છે તે કોણ છે તે તમે જાણો છો ? એનું નામ મન. કેવળ આંખ જાતે કોઇ વસ્તુ જોઇ શકતી નથી, પણ મન જ આંખ વડે બધી વસ્તુઓ જુએ છે. જો આંખ જ જોઇ શકતી હોય, તો તો, ઘણીવાર, આપણે કોઈ બીજા વિચારમાં મગ્ન હોઇએ અને આંખ ખુલ્લી હોય છતાં સામે પડેલી વસ્તુ કેમ દેખાતી નથી ? કેટલીકવાર તો વસ્તુને અરધીપરધી જ જોઇએ છીએ તેનું કેમ ? અને ક્યારેક તો વસ્તુ હોય તેના કરતાં જુદી જ જાતની દેખાય છે એ શું ? એટલે આ ઉપરથી સાબિત થાય છે કે જોનાર આંખ નહિ પણ મન જ છે.

ઊંચાઊંચી ડાળીઓ નીચે લટકતી વડવાઇઓથી જટાજુટ વડને જોઇ કલ્પના કરીએ કે જાણે તે કોઇ જટિલ સંન્યાસી છે. અહીં સંન્યાસીનું રૂપ થોડુંઘણું વડના રૂપને મળતું આવે છે એમ ધારવામાં આવ્યું છે.

ક્યારેક આપણે એક વસ્તુને કોઇ બીજી જ વસ્તુ માની લઇએ છીએ. દાખલા તરીકે, દોરડું પડ્યું હોય તેને સાપ માની લેવાનો ભ્રમ થાય છે.

ઘણાં જાણે છે કે આપણી પ્રાચીન ચિત્રકળામાં 'વાસ્તવિક યથાદર્શન' (જેવું દેખાય તેવું ચીતરવાનું) જેવું ક્યાંય દેખાતું નથી. જો એ ચિત્રપદ્ધતિ કોઇ પણ ઠેકાણે હોય તો તે માત્ર ભૂમિતિશાસ્ત્રમાં છે. ઉપર કહ્યું તે પ્રમાણે ચિત્રકારનું મન—નહિ કે ચક્ષુ—જે રીતે એ વસ્તુ જુએ તે તેનું 'માનસિક યથાદર્શન' કહેવાય.

હવે ચીતરવાની વસ્તુ એટલે કે ચિત્રના વિષયની વાત કરીએ. જ્યારે આપણે કોઇ વસ્તુ જોઇએ છીએ ત્યારે તેમાં નીચેની વાતો નજરે પડે છે. (૧) આકાર, (૨) ઘનત્વ કે કદ, અને (૩) રંગ. તમે કોઇપણ ચિત્ર જોશો તો જણાશે કે ચિત્રકાર પોતાની ઇચ્છા મુજબ આમાંનાં એક કે બે લક્ષણો છોડીને ચિત્ર દોરી કાઢે છે.

હવે રહ્યાં ચીતરવાનાં સાહિત્ય. પહેલું તો જેના પટ–ભોં–ઉપર ચિત્ર દોરવું હોય તે સાધન. જેમકે કાગળ, કાપડ, પાટિયું, દીવાલ ઈત્યાદિ; બીજું, પેન્સિલ પીંછી વગેરે; અને ત્રીજું, રંગ.

આ બધી સામગ્રી વડે ચિત્ર દોરાય છે. એમાં જે જુદીજુદી જાતનું સાહિત્ય વપરાય તે પ્રમાણે ચીતરવાની રીતો પણ જુદી પડે છે. અને એમ બનો

એ બરોબર છે. કારણકે ચિત્રકારને ભાવ બતાવવામાં નવાંનવાં સાધનો અવનવી અડચણો ઊભી કરે છે. આ અડચણો ટાળવા ચિત્રકાર નવીન રીત ઉપજાવી કાઢે છે. આ રીત કે પદ્ધતિ તે ચિત્રકારની પોતાની જ છે. આ વિશે વધુ તો વળી કોઇ બીજે પ્રસંગે કહીશ.

(બંગાળી ઉપરથી) **નંદલાલ વસુ**

જ્ઞાનલીલા

ચૈત્રની જ્ઞાનલીલાના ઉત્તરોમાંથી બધા સાચા નીચેના ૧૨ ભાઇઓના છે. તેમાંના ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) હરજીવન આડતિયા--અમરેલી (૨) હરિલાલ પારેખ–ઘાટકોપર (૩) શંભુભાઇ પટેલ–નડિયાદ (૪) હરકિસનદાસ સોની –પોરબંદર (૫) દેવજીભાઇ–વડોદરા (૬) ભૂપતરાય ધોળકિયા -મુંબાઇ (૭) હરિલાલ અંતાણી–કચ્છ-ભૂજ (૮) વસંતલાલ ગાંધી–મુલુંડ (૯) સેક્રેટરી: જૈન ધર્મવિજય પુસ્તકાલય–વીરમગામ (૧૦) શાંતિલાલ જોશી–જેતપુર (૧૧) દીનકરરાય ભટ્ટ–ભાવનગર (૧૨) વલ્લભદાસ આસર–કચ્છ નાલિયા.

હજુ પણ કેટલાક ભાઇઓ જવાબ આપવામાં લાંબાં પિષ્ટપેષણ કરે છે. જ્ઞાનલીલામાં પૂછેલા સવાલ ઉતારવાની કે જવાબો કઇ રીતે મેળવ્યા તેના ખુલાસા જણાવવાની જરૂર નથી. મુદ્દાસર ને ટૂંકા ઉત્તરો જ જોઇએ. ખરા ઉત્તરો નીચે મુજબ:

(૧)ગણિત-ગમ્મત:(૨)અંકચોરસ(૪)શબ્દત્રિકોણ:

૧૩)૮૨૯૦(૬૩૭	૧૨	૧	૧૮		જ
૭૮	૯	૬	૪		વાર
૪૯	૨	૩૬	૩		હજાર
૩૯	**(૩)ઓળખી કાઢો:**				રજપુત
૧૦૦					લાવણ્યમયી
૯૧	વનવાસ				
૯					લજપતરાય

(૫) છુટ્ટા પાડી આપો: શૌર્ય, ખાનદાની, ટેક, ઉદારતા, ક્ષમા, સ્વદેશાભિમાન, સત્ય, નીતિ, ન્યાય, ધર્મ, મૈત્રી, કરૂણા, પ્રીતિ ને ભક્તિ. **(૬) શબ્દ–ફેરવણી:** (૧) વસંત, વરત, શરત, શરદ (૨) વસંત, વરત, હેરત, હેમંત **(૭) બનાવી દો:** દૂધ--દૂધી; મોગરી–મોગરો.

નવા સવાલ

આ સવાલોના ઉત્તર ૧૦મી જૂન સુધીમાં મળવા જોઇએ.

(૧) ગણિત–ગમ્મત: અંકગણિતના એક પ્રશ્નપત્રમાં બધા પ્રશ્નો ફરજિયાત હતા અને દરેકના માર્ક સરખા હતા. તેથી એક વિદ્યાર્થીએ તેમાં ૬૦ ટકા માર્ક મેળવ્યા. પરંતુ જો પ્રશ્નપત્રમાંથી ત્રણ સિવાયના બધા પ્રશ્નો ગણવાના હોત તે તો જ વિદ્યાર્થી તેમાં ૭૫ ટકા માર્ક મેળવી શકત. તો પ્રશ્નપત્રમાં બધા મળી કેટલા સવાલ હશે તથા વિદ્યાર્થીને કેટલા સવાલ આવડતા હશે? (મ.ના.ખત્રી)

(૨) ઓળખી કાઢો: (૧) ચાર પગવાળું ઘરઘરનું હું એક પ્રાણી છું. ચંદ્રના માથા ઉપર જેવો તારો છે તેવો જ મારા માથે પણ તારો છે. મારા માથાની બાજુમાં જ મારૂં ઘર છે. મારા માથા ઉપરનો તારો ખરી પડે તો પાછળ માત્ર પેટ જ રહે છે! ત્યારે મને ઓળખી કાઢો. (૨) જૂના વખતના એક રાજાનું નામ છે. તેના અક્ષરોને નીચે પ્રમાણે લેવાથી સૂચવ્યા પ્રમાણે અર્થ નીકળે છે. તમે તે નામ ઓળખી કાઢશો? ૧+૪=ગંધિયાણાની એક ચીજ; ૩+૧=ફરિયાદ; ૩+૨નો જે અર્થ થાય છે તે જ અર્થ ૧+૨નો થાય છે.

(૩) અંક–ચોરસ: બાજુની આકૃતિમાં ૦ થી ૨૪ સુધીના આંકડા આપેલ છે. તે બધાને ફરી એવી ખૂબીથી ગોઠવો કે મોટા સમચોરસમાં ઊભી આડી તથા કર્ણરેખામાં બધે પાંચ આંકડાનો સરવાળો ૬૦ આવે તથા ઘાટી લીટીથી બતાવેલ વચ્ચેના નાના સમચોરસમાં ઊભી આડી તથા કર્ણરેખામાં બધે ત્રણ આંકડાનો સરવાળો ૩૬ આવે. (ર.વિ.દલાલ)

૦	૧	૨	૩	૪
૫	૬	૭	૮	૯
૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૫	૧૬	૧૭	૧૮	૧૯
૨૦	૨૧	૨૨	૨૩	૨૪

(૪) શબ્દ–રચના: ૨૨૨ ગગન મમગ તજ ગરદન હય અન રણ—કક્કાના આ ૨૧ અક્ષરમાંથી ત્રણત્રણ અક્ષરના સાત શબ્દો બનાવી બાજુની ફૂદડીઓની જગ્યાએ એવી રીતે ગોઠવો કે પ્રથમ ઊભી લીટી વાંચતાં હિંદનું એક પ્રખ્યાત શહેર વંચાય.

```
*   *   *
*   *   *
*   *   *
*   *   *
*   *   *
*   *   *
*   *   *
```

(૫) શબ્દ–ગોઠવણ: બાજુની આકૃતિમાં નીચેની સૂચના પ્રમાણે દરેક આડી લીટીમાં બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી વચલી લીટીમાં આપણા એક શહેરનું નામ આવી જશે. પહેલો તથા પાંચમો બંને શબ્દ નદીઓનાં નામ છે; બીજો તથા ચોથો બંને કુદરતની એકએક મહાકૃતિ છે; વચ્ચેનો શબ્દ 'માનવી' માં છે અને 'જનાવર'માં નથી.

```
. . × . .
  . × .
    ×
  . × .
. . × . .
```

(૬) શી સગાઇ? મોહનની સ્ત્રીની જે સાસુ તે મણિના પતિની પણ સાસુ થાય છે: ત્યારે મોહન ને મણિ શાં સગાં?

(૭) શબ્દ–સાંકળી: નીચેના અર્થ પ્રમાણે છ શબ્દો એવા આપો કે દરેકના છેલ્લા બે અક્ષરથી શરૂ થઇ તેના પછીનો નવો શબ્દ બનતો જાય: (૧) ટેકો (૨) તોલમાં વપરાતો શબ્દ (૩) યોદ્ધો (૪) આપણું એક શહેર (૫) શહેરી (૬) જૂના વખતનો એક રાજા.

(૮) ૩૬ ખાનાના એક સમચોરસમાં બાર સિક્કા એવી રીતે ગોઠવો કે તેની દરેક આડી, ઊભી, તેમજ કર્ણહારમાં માત્ર બબ્બે સિક્કા આવે અને તમારી આકૃતિ પણ સુંદર દેખાય.

અમેરિકાના પત્રો



આ સાથે 'Time'નો છેલ્લો અંક મોકલું છું. ઉપરનું ગાંધીજીનું ચિત્ર કેટલું ફક્કડ છે! મને બહુ જ ગમે છે. તમને ગાંધીજીની વિખ્યાતીનો વિશેષ ખ્યાલ આપવાની મારી ઇચ્છા હતી, પણ આ ચિત્ર ઉપરથી તમે જોઇ શકશો કે, એ ક્યારનાએ 'The man of the year' થઈ ચૂક્યા છે. ઇંગ્લંડને બાદ કરતાં દુનિયાના બીજા બધા દેશો કરતાં અમેરિકા હિંદુસ્તાનની વાતોમાં સૌથી વધારે રસ લેતું જણાય છે. અમેરિકાની આપણા પ્રત્યેની સહાનુભૂતિ કેટલે અંશે નિઃસ્વાર્થી છે તે હું હજી નક્કી કરી શક્યો નથી; પણ સન્ડર્લૅન્ડ, હોવ્સ, કર્બી પેજ, વિલ ડ્યુરાન્ટ અને શેરવુડ એડી જેવાઓને બાદ કરતાં મોટા ભાગના લોકોની વૃત્તિ વેપારી આશયોથી દોરાતી હોય તો નવાઈ નહિ. છેલ્લા વર્ષથી અહીં પણ ગજબ મંદી અને બેકારી ચાલે છે. અહીંનાં મોટાં કારખાનાંના અને વેપારી નવાબો પણ તેનું કારણ કે નિવારણ શોધી શક્યા નથી. અર્થશાસ્ત્ર અને વેપારવ્યવસ્થાનો સૌથી વધારે પદ્ધતિસર અને ઊંડો અભ્યાસ આ લોકોએ કર્યો છે, છતાં પણ આ મુશ્કેલીનો ઉકેલ એમાંના કોઇનાથી થઇ શક્યો નથી. યંત્રવાદના યતિ જેવા અમેરિકાને over production (અતિ ઉત્પાદન)નો હમેશાં ભય રહ્યા કર્યો છે, અને આવા મંદીના સમયમાં વેપારધુરંધરો સહેજે ગભરાઇ ગયા છે. સૌ જાણે છે તેમ હિંદુસ્તાન એ વધારાનો માલ ઠાલવવાની કચરાપેટી છે અને તેનો ઉપયોગ અમેરિકા છૂટથી આજની સ્થિતિમાં કરી શકે તેમ નથી. જેમ હિંદુસ્તાન વહેલું સ્વતંત્ર થાય તેમ અમેરિકાની મૂંઝવણ કંઇક અંશે ઓછી થવાનો સંભવ છે. આ બધું છતાં યે એટલું ભૂલવું ન જોઇએ કે આ દેશમાં ગાંધીજી જેવા અનેક આદર્શવાદીઓ છે અને તે બધા સદૈવ કચડાયેલાં પીડિત રાષ્ટ્રોની મુક્તિ ઇચ્છે છે.

અમેરિકા અતિશય રમૂજી છે. અમેરિકાની વાતો લખવા બેસું તો પાર ન આવે. ન્યૂ યૉર્ક કે શિકાગોનાં ગગનવિહારી (ગગનવિહારી નહિ હો!) મહાલયોને મેં અમેરિકન સંસ્કૃતિના ચિહ્નરૂપ (પ્રતીક) કહ્યાં છે, તે મને પ્રતિદિન વધારે સાચું લાગતું જાય છે. જમીનના એક નાના ટુકડાનો બને તેટલો ઉપયોગ કરવાનો એ ઊર્ધ્વગામી ઇમારતોનો મુખ્ય આશય છે. નજીવી વસ્તુઓમાંથી પણ કસ કાઢી લેવાની અમેરિકન લોકોની વૃત્તિનું એમાં પ્રતિબિંબ નથી? એવી એકએક ઇમારતમાં હજારો સામાજિક અને આર્થિક દૃષ્ટિએ અસમાન એવી વ્યક્તિઓ પુરાએલી હોય છે તે પણ અમેરિકાના democratic spiritનું પ્રતીક નથી? બીજી બધી વાતને ન ગણકારતાં ઊંચે ને ઊંચે વધ્યે જવાનું એ ઈમારતોનું વલણ પણ અમેરિકન માનસની અતિશય સ્વતંત્રતાપ્રિય વૃત્તિનું સૂચક છે. વ્યક્તિગત અમેરિકન અતિશય અલિપ્ત અને અબાધિત છે. તેનાથી કોઇ પણ જાતનાં બંધનો સહન થઇ શકતાં નથી. સમૂહ કરતાં વ્યક્તિને વિકસવાની અહીં વધારે તક અપાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ભાગ્યે જ કોઇ ડખલ કરશે. અને એ જંગી ઈમારતોની અંદર અસામાન્ય વેગથી અવિરત ઉપર નીચે જતાં આવતાં elevator અથવા lift અમેરિકન માનસની ચંચળવૃત્તિને સૂચવે છે. હજારો માણસોની ધમાલભરી સતત અવરજવરથી એ ઇમારતોમાં શાંતિ જેવી વસ્તુ તો લગભગ અશક્ય ગણાય. અમેરિકનની માનસિક વૃત્તિઓ અત્યારે એક જબ્બર પરિવર્તનમાંથી પસાર થાય છે અને હિંદુસ્તાન જેવા શાંત, નિશ્ચેતન અને અધમુઆ દેશની નજરે એ પરિવર્તન ખરેખર વિસ્મયકારક છે. અત્યાર સુધીની પરાપૂર્વથી ચાલી આવતી બધી માન્યતાઓને ઉથલાવી પાડવી, ચાલુ રીતભાતમાં ક્રાંતિ કરવી અને જીવનવિચારને ફેરવી નાખવો એ આજના ઊગતા અમેરિકનની મહત્ત્વાકાંક્ષાઓ છે; અને આ મહત્ત્વાકાંક્ષાઓ જીવનના લગભગ દરેક ક્ષેત્રને સ્પર્શે છે. હું ઈચ્છું છું કે આપણે પણ આ રીતે જૂનું તોડીને નવું રચીએ, અંધારામાંથી પ્રકાશમાં આવીએ, દંભમાંથી સરલતામાં જઇએ, ઘોર નિદ્રામાંથી જાગૃત થઈએ. આ જીવન નિર્દોષ આનંદ માટે–સુખ માટે છે એ આપણે ભૂલી ગયા લાગીએ છીએ. આપણી પ્રચલિત રીતભાત ને સમાજરચના જીવનનાં ચેતન અને નૂર હરી લે છે અને બધાં જ લગભગ કાયમી ગુલામીઓમાં જકડાએલાં છે. આપણે ત્યાં વ્યક્તિ તથા વ્યક્તિત્વની કિંમત જ નથી રહી, અને કોઇપણ વ્યક્તિને જમાનાથી ચાલતા આવેલા ઊંડા ચીલામાંથી બહાર આવી ખુલ્લી સપાટ જમીન ઉપર ચાલવાની છૂટ નથી. નાનાંમોટાં, ઘરડાં, જુવાન–આપણે બધાં પુરાણી વિચારસરણીમાં ગોથાં ખાઇએ છીએ. 'અમુક વસ્તુ તો આમ જ થાય કે એમ જ થાય;' 'આ પ્રમાણે કરીશ તો મામાને ખોટું લાગશે કે ફઇને, 'આમ કરીશ તો ઘરબહાર કે જ્ઞાતિબહાર થઈશ', એવા મિથ્યા વિચારો હજી પણ આપણા ઊગતા જુવાનને હેરાન કરે છે. કદાચ એમનામાં ઉચ્ચ વિચારો અને આદર્શો હોય પણ તેને અમલમાં મૂકવાની તાકાત નથી હોતી અને તે વખતે આપણી સ્થિતિ અતિશય દયાજનક થાય છે. અંતર દુભાતું હોય, ચિત્ત અસ્થિર હોય, છતાં બહારથી આપણે શૂન્ય જેવા લાગીએ, અલિપ્ત લાગીએ અને અનિચ્છાએ પણ બધો દંભ આચરીએ. આ બધું ઓછું શોચનીય નથી?

નવા અમેરિકન માનસનાં બદલાતાં લક્ષણો ગણાવું?

સ્વનિયમનની જગ્યાએ સ્વપ્રકાશન આવે છે, સ્વાતંત્ર્યનું સ્થાન સમૃદ્ધિ લે છે, આરામને બદલે તનમનાટ આવે છે, કરકસરની જગ્યા ઉડાઉગીરી લે છે, દૃઢતાની જગ્યાએ બાહ્ય પ્રદર્શન, પુરાણા માટેના પ્રેમને બદલે અભિનવ માટેની ભૂખ, સ્વાશ્રયને બદલે પરવશતા, એકાંતને બદલે ધમાલિયાપણું, સાદાઇની જગ્યાએ એશઆરામ, સંપૂર્ણતાને બદલે સફળતા, રાષ્ટ્રીયની જગ્યાએ સ્થાનિક, વિચારને બદલે છાપ, આદર્શને બદલે હકીકત, કુલિનતાને બદલે સમાનતા, અને ઉત્તમને બદલે સાધારણની પસંદગી આવે છે, ને એમ ફેરફારો થયા જ કરે છે!

અમેરિકાનું ધમાલિયાપણું ફૂદકે ને ભૂસકે વધતું જ જાય છે એમાં શંકા નથી. સૂરજના તડકામાં ઊડતાં રંગબેરંગી પતંગિયાં જેવાં જ આ લોકો અસ્થિર છે. રેલ, બોટ, મોટર કે વિમાનથી દોડાદોડી કર્યા જ કરવી એ આ લોકોનો શોખ લાગે છે! તેમને ખબર નથી કે તેઓ ક્યાં જવા માટે ઉપડ્યા છે, પણ બધાને એમ તો છે જ કે ક્યાંક છેડો આવશે. છેડો કેવો આવશે તેની કોને પરવા હોય? અને અમેરિકાની જાહેરખબરની છટા ક્યાં કોઇથી અજાણી છે? એક પરદેશીએ રમૂજમાં કહેલું કે 'અમેરિકન લોકો પોતાનો બધો માલ દુકાનની બારીમાં પ્રદર્શન માટે મૂકે છે.' પણ આ હળવી મનોવૃત્તિના ઉદય પાછળ કેટલાંએક સબળ કારણો છે તે વિષે પછી કોઈવાર લખીશ.

તમે મને અહીંના entertainments (આનંદપ્રમોદનાં સાધનો) વિષે પૂછો છો? આનંદપ્રમોદનાં સાધનો ન હોય તો આ અમેરિકન લોકોને જીવવું આકરૂં થઈ પડે! તેમનું તો જીવન જ આનંદપ્રમોદ રૂપ છે. અહીં આવીને સીનેમા પાર નહિ એટલાં જોયાં. તેમાં ખાસ હમણાં 'અબ્રાહમ લિંકન' અને માર્ક ટ્વેઈનનું 'ટૉમ સૉયર' જોયાં. બંને અતિશય સુંદર! અબ્રાહમ લિંકન આજે સૌથી મહાન અમેરિકન તરીકે પૂજાય છે. અંકલ ટૉમ્સ કૅબિન (ગુલામગીરીનો ગજબ) વાંચી હશે તેમને ખબર હશે કે હબસીઓને ગુલામીમાંથી મુક્ત કરનાર લિંકન હતો. અમેરિકા નવો વસેલો જ દેશ છે એટલા માટે તેને રાષ્ટ્રીય અસ્મિતા જગાવે તેવા મહાપુરુષોની ખોટ છે. મનુષ્ય સ્વભાવમાં વીરપૂજા ઊંડી પેસી ગઇ છે, એટલે કોઇ પણ ઉપાયે એવા વીર પુરુષો અમેરિકન લોકોને જોઇએ છે. ખાસ કરીને શાળામાં ભણતાં બાળકો પાસે દેશની મહત્તા અને દેશના ગત મહાપુરુષોનું માહાત્મ્ય મૂકવાની અત્યારે મોટી હીલચાલ ચાલે છે. અમેરિકાના સૌથી મોટા પુરુષોમાં લિંકન અને વૉશિંગ્ટન મુખ્ય છે, અને જેમ વખત જતો જાય છે તેમ વૉશિંગ્ટન ગૌણ બનતો જાય છે અને સંતપુરુષ લિંકન આગળ આવતો જાય છે. કદાચ હજાર બે હજાર વરસ પછી લિંકન મહાત્મા તરીકે અમેરિકામાં પૂજાય તો પણ નવાઈ નહિ. આ સાથે તમને અમેરિકાનો સેંટ મોકલું છું. તેના ઉપર લિંકનની છાપ છે. એ પાઇ જેવડા સિક્કાની કિંમત આપણા ઢબ્બુ જેટલી છે. ઉપર વાંચ્યું ને? In God we trust Liberty! આ નાનકડો સિક્કો અમેરિકન democracyના ચિહ્નરૂપ છે.

ઉપરાંત મેં બે નાટકો પણ જોયાં. અમેરિકાના થિયેટર ગિલ્ડ તરફથી ગ્રીન ગ્રોઝ ધ લિલેક અને ઍપલ કાર્ટ અહીં ભજવાયાં હતાં, ત્યારે હું ત્યાં ગયો હતો. અહીંની રંગભૂમિ વિષે એક નિબંધ લખી શકાય, પણ તે મારૂં કામ નથી. મને બંને લગભગ સંપૂર્ણ લાગ્યાં! 'ઍપલ કાર્ટ' એ તો જ્યૉર્જ બર્નાર્ડ શૉનું છેલ્લું બહાર પડેલું નાટક. તમે વાંચ્યું પણ હશે. શું પણ જબરૂં છે. રાજકીય તેમજ પ્રજાસત્તાક શાસનની તેણે ગજબ મશ્કરી કરી છે, અને તેમાં યે ઇગ્લંડની શાસનપદ્ધતિનું તેણે લગભગ અપમાન જ કર્યું છે! શૉની કલમમાં જે તાકાત અને સુવાસ છે તે જ આ નાટકમાં ભજવવામાં પણ જળવાઇ રહ્યાં હતાં. —અંબુ



આપણું રાષ્ટ્રીય યૌવનધન

(ગયા અંકની 'માધુકરી'માંના લેખને અનુસંધાને)

હિંદના પાંચ કરોડ ને ત્રીસ લાખ યુવકો ધારે તો શું શું કરી શકે તેનાં ૨૭ પ્રમાણ આપણે જોઇ ગયા. હવે બીજાં:

૨૮ હિંદનું એ યૌવનબળ એક કલાકમાં દેશનાં સાતે લાખ ગામડાં વાળીને સાફ કરી નાખી શકે.

૨૯ „ એક દિવસમાં હિંદનાં ગામડાં માત્રને વાળીઝુડી ખોદી પૂરી, સમારી સુઘડ બનાવી દે.

૩૦ „ આળસ છોડી ઉદ્યોગ સજે તો વર્ષે ૬૦ કરોડ રૂપિયા બચાવે અને હિંદમાં આવતા તમામ પરદેશી કાપડ જેટલી કમાણી કરી શકે.

૩૧ „ = પ્રત્યેક યુવક વર્ષે પાંચ જ દિવસ ગ્રામ્યરચના પાછળ આપે તો હિંદનાં ૭ લાખ ગામડાં બારે માસ એક ગ્રામસેવક પામે.

આળસ તથા માંદગીનો હિસાબ અને ઉથલપાથલ

આપણો યુવકવર્ગ આળસ, ગપ્પાં, ઊંઘ અને એવા સ્વચ્છંદી ફેલફીતુરો પાછળ ઓછામાં ઓછો એક જ કલાક ગુમાવે છે એમ માનીએ, અને તેની કલાકની કમાવાની શક્તિ કલાકે કેવળ એક આનો ગણીએ તો

૩૨ હિંદના યુવકોની એક કલાકની એ આળસ એટલે અઢી કરોડ રૂપિયાની બરબાદી!

૩૩ હિંદી યુવક ૭ મહિના સુધી રોજ ૧ કલાકની સેવા સમર્પે તો ૧૦ કરોડ અભણ હિંદીઓ ભણતા થઇ જાય. (પ્રત્યેક પાછળ ૯૬ કલાક લેખે.) એટલે કે

૩૩ ટકા નિરક્ષરતા નાબુદ થઇ જાય; અર્થાત્ દોઢથી બે વરસની રગતવાતમાં સમસ્ત હિંદ લખતુંવાંચતું થઈ જાય.

૩૪ હિંદનો દરેક યુવક બેદરકારીથી માંદગી કે એવા કશા પરિહાર્યં કારણ કે ચ્છેલછા પાછળ વર્ષે જીવનનું માત્ર એક જ અઠવાડિયું એળે વીતાવે તો હિંદનાં ૧૦ લાખ સશક્ત માણસો વરસભર બેકાર રહ્યા ગણાય!

૩૫ ,, =હિંદની તમામ મીલો, ખાણો વગેરે કારખાનાં માંહેના કામદારોની એક સાલભરની હડતાળ જેટલું નુકસાન થાય. (બંનેની સરખી આવક ગણીએ તો પણ)

૩૬ હિંદનો એક યુવકદિન સાલભર ઝૂઝતા સવા લાખ યોદ્ધાઓ—કર્મવીરો.

૩૭ હિંદનું યુવકસપ્તાહ=૫ કરોડ રૂપિયાની કમાણી. (યુવક દીઠ રોજીના બે ત્ર આના લેખે—આર્થિક, સાંસ્કૃતિક કે ગમે તે રીતે)

૩૮ હિંદી યુવકનું સમયબળ=પાંચ મિનિટમાં હજાર પાનાંના ૫૩૦૦૦ ગ્રંથો ઉથલાવી કાઢે. (૫ મિનિટે ૧ પાનું ગણે તો યે.)

૩૯ ,, =દરરોજ પા કલાકનું ઇતર વાચન (૩ પાનાં ત્ર) રાખે તો પણ સવા પાંચ કરોડ પાનાં વાંચી કાઢે.

૪૦ ,, =એ જ હિસાબે બસો પાનાંનાં તેમને લાયક અઢી લાખ પુસ્તકોનો ખુરદો થઇ જાય.

૪૧ ,, =એ તમામ પુસ્તકોનો એક માઈલ ઊંચો ખડકલો થાય તે એક સાલમાં વાંચી કાઢે. (બસો પાનાનું પુસ્તક અર્ધા ઈંચના દળનું ગણીએ તો પણ.)

૪૨ ,, =નવટાંકનું એક પુસ્તક ગણતાં ૧૪ ટન પુસ્તકોનો ઘાણ કાઢી નાખે.

૪૩ હિંદના યુવકોનું સંકલનાબળ=૫૦૦૦૦ માઇલ લાંબી કતાર (આંગળે ~~આંગળાં અડાડીને~~ લાંબા હાથ પસારીને ઊભા રહે તો પાચ ફૂટના વામને હિસાબે).

૪૪ ,, =૪૪૦૦૦ માઇલની કડીતોડ સાંકળ-કૉર્ડન બનાવે.

૪૫ ,, =૭ હજાર માઈલ ત્રિજ્યાનું કુંડાળું રચી કરોડો મણ મીઠું બચાવે.

૪૬ ,, =આખી પૃથ્વી ફરતી ડબલ કૉર્ડન રચી કાઢે.

૪૭ હિંદી યુવકોનો વહેમ=હિંદી યુવકો શુકન અપશુકનના વહેમમાં વર્ષે અઠવાડિયું જ ગુમાવે છે એમ ગણીએ તો પણ પાંચ કરોડ રૂપિયાની વરસદહાડે ખોટ.

૪૮ હિંદના યુવકની આરોગ્ય વિષયક બેદરકારી=હિંદી યુવકો આંખ કાન દાંત નખ વગેરે અવયવોની બેદરકારીથી જે પીડા ભોગવે છે અને તે પાછળ દવા વગેરેનું ખર્ચ ઉપાડે છે તે વર્ષે એક રૂપિયો જ ગણીએ તો પણ વરસદહાડે સવા પાંચ કરોડનું નુકસાન.

૪૯ હિંદનો યુવક જણદીઠ એક ઝાડ ઉછેરે તો દસદસ ફૂટને છેટે સામસામાં બંને બાજુ વાવેલાં ઝાડોથી છવાએલી ૫૦ હજાર માઇલ લાંબી સડક બનાવી દે.

૫૦ ,, =પૃથ્વી ફરતી ચચ્ચાર ઝાડની બેવડી હાર ઊભી કરે.

યૌવન એટલે જ ધન! યૌવન એટલે જ બળ! યૌવન એટલે જ શક્તિ!

યુવાન × સમય × ઇચ્છા (સંયમ અને સંસ્કારયુક્ત)= સ્વરાજ્ય, સુખ અને સંપત્તિ. પણ આજે તો આપણો યુવાન=

$$\frac{\text{(આળસ × ગફલત) × નબળાઇ}}{\text{ભાંગ્યોતુટ્યો પ્રયાસ}} = \text{હાલની દશા ને દરિદ્રતા.}$$

દેશની ચડતી અને પડતીનો આધાર રાષ્ટ્રીય કાર્યબળ Nation's Labour Force ઉપર નિર્ભર છે, અને રાષ્ટ્રીય કાર્યબળ (N. L. F.)=સમય × સંખ્યા × ક્ષમતા = રાષ્ટ્રોદ્ધાર ક્ષમતા માટે સંયમ અને તાલીમ જોઇએ.

N.L.F. = Time × Number × Efficiency = Nationl Emancipation

આપણા યુવકો માથે ખુશામતિયા, ભીરુ અનિશ્ચિત અને ધડા વગરના હોવાનો આરોપ કંઇ કાળથી મૂકવામાં આવતો, પણ આજે એ આરોપ આજના સ્વરાજ્ય-સૈનિકોએ ધોઇ નાખ્યો છે. આપણે યુવકો ઉપલાં સમીકરણો સાધીશું ત્યારે હિંદને તો શું પણ પૃથ્વીને પાટલે પ્રભુતા અવતરશે.

युवास्यात्साधु युवाध्यायक:आशिष्ठो दृढिष्ठो बलिष्ठ: ।
तस्येयं पृथ्वी सर्वं वित्तस्य पूर्णा स्यात् ॥

(હસ્તલિખિત 'કૃષિવિજ્ઞાન'માંથી) —ડાહ્યાલાલ હ. જાની

અથાણું

તમારે મને દસ રૂપિયા ઉછીના આપવા. એમાંથી તમે પાંચ રાખીને પાંચ હમણાં મને આપજો, એટલે તમારા મારી પાસે પાંચ લેણા થશે, ને મારા તમારી પાસે પેલા પાંચ લેણા હશે તે તેના બદલામાં વળી રહેશે. હિસાબ સરભર!

શિક્ષક—અલ્જીરિયા દેશમાં કઈ ભાષા બોલાય છે?

ડાહ્યો—ઍલ્જીબ્રા, સાહેબ!

(ગામડામાં)

શહેરી—કેમ, આજે છાપાં હજી નથી આવ્યાં? આટલું મોડું કેમ થયું હશે?

દુકાનદાર—મોડાં તો કાંઇ નથી પડ્યાં; પણ આ કાલનાં છે તે વેચાઈ રહે એટલે તાજાં કાઢું.

(અતિ ઝડપે ચાલતી મોટરમાં વાતચીત)

ઉતારૂ—આપણે કોઇ કબ્રસ્તાન પાસેથી પસાર થઇએ છીએ?

ડ્રાઇવર—ના રે. તમે જેને કબરના પત્થર ધારો છો એ તો માઇલના પત્થરો છે.





ફોટો હરીફાઈનું પરિણામ

આ વખતની હરીફાઇ માટે આવેલા ફોટોગ્રાફોમાંથી ઇનામને ખરા લાયક ફોટોગ્રાફો મળવાથી અમને ઘણો આનંદ થાય છે પહેલું ઇનામ જીતી જનાર પાલણપુરના આબીદમિયાં સૈયદનું ચિત્ર 'સારંગીવાળો' પાત્ર, સ્થાન અને ફોટોગ્રાફીમાં સંપૂર્ણ છે. બીજા નંબરનું ચિત્ર 'સિદ્ધપુરની પનિહારીઓ' લેવામાં ભાવનગરના મનવંતરાય ભટ્ટે સુરુચિ ને ગ્રામ દિનચર્યાનો આકર્ષક પ્રસંગ શોધ્યો છે. આ ચિત્ર મોટું કરતાં તેની ખૂબી વધુ બહાર આવે. ત્રીજા નંબરનો પણ ચિત્રપ્રસંગ સરસ છે, પરંતુ ભાઇ અસદમિયાં (પાલણપુર) એ છાયાનું પ્રમાણ કમી કરવા યત્ન કર્યો હોત તો તેની ગમ્મત વધુ જણાત ત્રણેને અનુક્રમે રૂા. ૩, ૨ અને ૧નાં ઇનામ મળે છે.

આ સિવાય નોંધવાલાયક ફોટોગ્રાફીમાં મોંબાસાના મિ. બી.એચ. પટેલનું 'ટાયરમાં પંક્ચર' નામનું બાલ-રમૂજ ચિત્ર ખરેખર તેમની કલ્પના બતાવે છે. માત્ર ચિત્રનું મુખ્ય વસ્તુ જોઇએ તેટલું મોટું નથી રાખ્યું. એવી જ સંસ્કારી નજરે ભાઇ શકરલાલ પટેલે પણ મોંબાસાથી જ 'બાલ ફોટોગ્રાફર'નું ચિત્ર મોકલ્યું છે. ફોટો પડાવનાર ઢીંગલો પાછળના ઘેરા કપડામાં મળી જતો હોઇ ચિત્રપ્રસંગ ફિક્કો પડે છે. પાલણપુરના સૈયદ અખ્તરહુસેને 'ગેટ વે આફ ઇન્ડિયા'ની કમાનમાંથી મુંબાઈની તાજમહાલ હોટેલ પાડી છે તેમાં ~~[illegible]~~ નથી; ફોટોગ્રાફી ઠીક લાગે છે. બીજા ઉમેદવારો ઘણા છે, પણ તેમનાં કામો ખાસ નોંધ માગતાં નથી ઉપરની ચર્ચા ઉપરથી તેઓ પોતાને માટે વિચારી લે એવી ભલામણ છે.



હરીફાઇ માટે ફોટોગ્રાફો મોકલનારાઓનું ધ્યાન ફરીથી નીચેના નિયમો તરફ ખાસ દોરીએ છીએ: (૧) દરેક ફોટોગ્રાફનું નામ, પાડનારનું નામ તથા સરનામું વગેરે ફોટોગ્રાફની પાછળ જ લખેલાં હોવાં જોઇએ; (૨) ખાસ અગત્ય સિવાય કોઈ પણ પ્રકારના પત્રો ફોટોગ્રાફ સાથે ન બીડવા; (૩) ફોટોગ્રાફ પાછો મેળવવા માટે છૂટી ટિકિટ નહિ, પણ ટિકિટ-સરનામા વાળું કવર જ મોકલવું. (૪) ફોટોગ્રાફની પહોંચો મોકલાતી નથી; ઉત્તર કે પહોંચ ખાસ મેળવવા ઇચ્છનારે પોસ્ટેજ મોકલવું જોઇએ.

બ્હેનબા

એ નામનો પચીસ નાનકડાં કન્યાગીતોનો સંગ્રહ ભાઇ વ્રજલાલ શાહે હમણાં બહાર પાડ્યો છે. ભાઇ વ્રજલાલ કુમારના —ખાસ કરીને બાળવિભાગના—વાચકોને પરિચિત છે. એમનાં બાળગીતોમાં બાળકોને રોચક કલ્પનાઓની સાથે રમતિયાળ ભાષા તથા ભાવની મીઠાશ છે. બાળકો વાંચે કે સાંભળે ને તરત પોતાનાં કરી લે એવી સરળતા તથા સ્વાભાવિકતા પણ એમનામાં છે. કોઇ ઠાવકી ગરવી મોટી બ્હેન જેવાં આ 'બ્હેનબા' પાસે નાની કન્યાઓને માટે પ્રાર્થના, હાલરડાં, રાસ અને ગીતનો નાનો પણ વિવિધ મઝાનો સંગ્રહ છે. સારાં કન્યાગીતો આપણે ત્યાં ઓછાં છે એવા વખતમાં આ ત્રણ આનાની કિંમતનો સોંઘો નવો ગીતસંગ્રહ સૌનો આવકાર પામશે. કર્તાને દેરાસર પાસે વઢવાણ શહેર એ સરનામે લખવાથી મળશે.

કેળાંના ઝાડનું પોટલું છોડીને તેનું ઝાડ કેવી રીતે વાવવું એ તેણે કીંડુને શીખવ્યું. પછી વલ્કલના ઝાડનું બી વાવ્યું અને તે ઝાડની છાલમાંથી કપડાં બનાવતાં કીંડુને શીખવ્યું. પછી જુદાંજુદાં અનાજનાં બીયાં કીંડુને આપી તેની વાવણી કરતાં શીખવ્યું. આવી રીતે તે બેઉનો બધો વખત કામમાં વીતવા લાગ્યો અને એકબીજાના પ્રેમમાં અને સહવાસમાં બેઉને બહુ સુખ મળવા લાગ્યું.

એવામાં એક દિવસ વાલુંબે તેમને મળવા આવી પહોંચ્યો. તેને જોઇને નાંબી બહુ ગભરાઇ ગઈ અને કીંડુને તેના વિશે બધી વાત કરીને કહેવા લાગી કે આને આપણે કોઇ પણ રીતે અહીંથી કાઢવો જોઇએ, કારણકે મારા બાપુએ કહ્યું છે કે એ આપણું સુખ ભાંગી નાખશે. પણ વાલુંબે કીંડુના કે નાંબીના સમજાવ્યાથી કોઇ રીતે ખસે તેમ નહોતો. છેવટે કીંડુએ તેને ટાળવા માટે એવું વચન આપ્યું કે 'જો તું અહીંથી ચાલ્યો જા અને પાછો કદિ ન આવે તો મારે જે પહેલું બાળક થશે તે હું તને આપી દઇશ.' આ શરત કબૂલ કરી વાલુંબે ચાલ્યો ગયો.

ત્યાર પછી કીંડુ અને નાંબી ઘણાં વરસ સુખમાં રહ્યાં અને તેમને ઘણાં દીકરા–દીકરીઓ થયાં પણ કીંડુ પોતે આપેલું વચન ભૂલી ગયો. એવામાં ફરીથી એકવાર વાલુંબે પાછો પૃથ્વી ઉપર આવ્યો, અને કીંડુની પાસે આવી તેનાં બાળકની માગણી કરી. કીંડુ એથી બહુ ગુસ્સે થયો અને વાલુંબેને મારી હાંકી કાઢવા લાગ્યો, પણ આ વખતે વાલુંબે ખાલી જાય તેમ નહોતો. તેણે કીંડુને કહ્યું કે 'તારૂં પહેલું બાળક મને આપવાનું તેં વચન આપ્યું હતું તે વચન તેં પાળ્યું નથી માટે હવે તો કાયમ હું આ પૃથ્વી ઉપર જ રહેવાનો અને મને જે જોઇશે તે મારી મેળે જ લઈ લેવાનો.


તે પછી કીંડુ અને નાંબીને ઘણાં છોકરાં, છોકરાંના છોકરાં અને તેનાંયે છોકરાં થયાં અને આખો યુગાંડા માણસોથી ભરચક ભરાઈ ગયો. પણ વાલુંબે જ્યારેત્યારે આવીને તેમાંથી કોઈવાર કોઇ ઘરડાં ડોસાડોસીને, કોઇવાર કોઇ જુવાન છોકરાછોકરીને અને કોઇવાર કોઇ નાનકડાં બાળકને ઉપાડી જવા લાગ્યો.

છતાં, આજ પણ યુગાંડામાં માણસોની ભરચક વસતી છે અને તે માણસોને આંગણે રૂપાળાં કેળનાં ઝાડ ઊગે છે. તેમની પાસે ઘણી ગાયો અને ઘણાં કુકડાં–મરઘાં છે અને ઘેરા રંગનાં હૃષ્ટપુષ્ટ બાલકો હજુ તેમનાં ઘરમાં રમે છે. મેઘધનુષ્ય હજુ પણ આકાશમાંથી ઊતરીને યુગાંડાની ધરતીને અડકે છે—જેમ નાંબી પોતાના ભાઇઓ સાથે રમતી ત્યારે અડકતું હતું તેમજ.

(લુગાઝી–યુગાંડા) રામુ ઠક્કર



નકલ ઉતારવાના કાર્બન પેપરની મદદ વડે આ ચિત્રને મજબૂત જાડા કાગળ કે નકામા પોસ્ટ કાર્ડ ઉપર ઉતારી લઈ પછી ધારદાર ચપ્પુ કે નરેણી વડે તેમાંના કાળા ગાળા કાપી કાઢશો એટલે એક સ્ટેન્સિલ (જાળીચિત્ર) તૈયાર થશે. પછી બુઠા બ્રશ કે ઝીણા કુચાવાળા દાતણથી જુદાજુદા રંગ અથવા શાહી એ કોતરેલા ગાળા સોંસરી પૂરીને કાગળ કે ભીંતો ઉપર, જ્યાં ધારશો ત્યાં ટપોટપ આવી જ મોરની અનેક ભાત પાડી શકશો. રંગોળીમાં અથવા ઘર ધોળાયા પછી ભીંતો ઉપર કિનાર-પટ્ટા છાપવામાં એ જાળી ઉપયોગી થશે.



પૃથ્વી ઉપર મોત શી રીતે આવ્યું? [યુગાંડાની લોકવાર્તા]

ઘણાં વરસો પહેલાં જ્યારે આખા યુગાંડામાં માણસની મુદ્દલ વસતી નહોતી ત્યારે કીંટુ નામનો ફક્ત એક જ માણસ ત્યાં રહેતો હતો. તેની પાસેં એક ગાય હતી. તે તેને બહુ જ વહાલી. એ ગાય સિવાય તેને આ પૃથ્વી ઉપર બીજું કોઈ સોબતી નહોતું.

એ વખતે આકાશમાં 'વાદળ દેશ' નામનું એક ગોટું રાજ્ય હતું અને તેના રાજાનું નામ ગુલુ હતું. તે રાજાને ઘણા દીકરા ને દીકરીઓ હતી. આ બધાં છોકરાંઓને એવી ટેવ કે આકાશમાં મેઘધનુષ્ય થાય ત્યારે તેના પર બેસીને લસરતા લસરતા જે છેડો પૃથ્વીને અડે ત્યાં ઊતરી આવે ને ધરતી પરનાં ઝાડવાંઓમાં રમે. પણ મેઘધનુષ્ય કાંઇ ઝાઝી વાર રહે નહિ; એટલે પાછું તરત એમને ઉપર ચડી જવું પડે. નહિ તો ક્યાંક ધનુષ્ય ઊડી જાય ને બધાં નીચે રહી જાય તો?

એક દિવસ ગુલુના બે દીકરાઓએ મેઘધનુષ્યને ધરતીને અડતું દીઠું કે તરત તેમણે પોતાની બેન નાંબીને પોતાની સાથે નીચે ઊતરવા માટે બોલાવી. નાંબી બહુ દેખાવડી છોકરી હતી. અને રાજા ગુલુને તેના ઉપર ઘણું હેત હતું. તે દોડતી પોતાના ભાઇઓ પાસે ગઇ અને મેઘધનુષ્ય ઉપરથી નીચે સરકી આવી. તે વખતે મેઘધનુષ્યનો નીચેનો છેડો યુગાંડાને અડકયો હતો. ત્યાં પહોંચતાં પહેલાં છોકરાંઓએ કીંટુને એકલો-એકલો પોતાની ગાય ચરાવતો દીઠો. તેમણે કદિ માણસ દીઠેલો નહિ, એટલે પહેલાં તો તેને જોઇને જરા ડરી ગયાં. પણ પછી તરત જ સૌ કીંટુના દોસ્ત બની ગયાં અને તેની સાથે વાતો કરતાં ઘણીવાર સુધી બેઠાં. કીંટુ કહેવા લાગ્યો કે 'હું અહીં તદ્દન એકલો છું એટલે મને ગમતું નથી.' તે સાંભળીને કુમળાં હૈયાં વાળી નાંબીને તેની બહુ દયા આવી અને તે બોલી કે 'ફરીથી હું પાછી ધરતી ઉપર આવીશ અને તને પરણીશ. પછી આવા રૂપાળા દેશમાં તને એકલુંએકલું નહિ લાગે.' જ્યારે બધાં ભાઇબેન પાછાં વળ્યાં ત્યારે નાંબીને તેના ભાઇઓએ ઠપકો આપ્યો કે તેં એવું વચન શા માટે આપ્યું? તને ખબર છે કે આપણા પિતા ગુલુ રાજા તને કદિ કીંટુની સાથે પરણવા દેશે નહિ.

પણ નાંબી કહે 'હું તો જવાની જ. મેં વચન આપ્યું છે અને બાપુ મને કદિ મારૂં વચન તોડવા નહિ દે. હમણાં હું ઘેર જઇને બધી વાત બાપુને કરીશ ને પછી મારો સરસામાન બાંધીને ધરતી ઉપર જઇશ ને કાયમ કીંટુની સાથે જ રહીશ.'

પછી વાદળ દેશમાં પાછા પહોંચતાં જ સૌએ ગુલુ રાજાને બધી વાત કરી. નાંબીએ પણ પોતે આપેલ વચનની વાત કહી. એ સાંભળી ગુલુ પહેલાં તો બહુ નારાજ થયો પણ પછી નાંબીના કાલાવાલાથી પીગળી તેને ધરતી ઉપર જઇ રહેવાની રજા આપી. પણ તેની સાથે ગુલુએ નાંબીને ચેતવણી આપી કે 'તારે ધરતી ઉપર ગુપચુપ કોઈ ન જાણે તેમ ચાલ્યા જવું અને જોઇતો સરસામાન સંભાળથી બાંધી લેવો. તારા બેઉ ભાઇઓ તને મૂકવા આવશે. પણ તેમના સિવાય બીજા કોઇને તારે આ વાત કહેવી નહિં. નહિ તો જો તારા ત્રીજા ભાઇ વાલુંબેને આ વાતની ખબર પડી તો એ પણ તારી સાથે ધરતી ઉપર આવવાની હઠ કરશે અને ત્યાં આવીને તારી સુખી પૃથ્વીને દુ:ખી કરી નાખશે.'

વાલુંબે એ મૃત્યુનું નામ હતું. તેને કશું જણાવા દીધા વગર નાંબીએ પોતાના બેઉ ભાઇઓ સાથે મળીને બધો સરસામાન બાંધી લીધો અને બાપને નમન કરીને મેઘધનુષ્ય તરફ ત્રણે જણાં જવા લાગ્યાં. રસ્તે જતાં નાંબીને યાદ આવ્યું કે અરે, મારાં મરઘાંને ખવડાવવાના દાણા લેવા તો હું સાવ ભૂલી ગઈ. કીંટુ પાસે મરઘાં નથી એટલે દાણા પણ નહિ હોય અને દાણા વગર મારાં મરઘાં ભૂખે મરી જશે. આમ કહી પોતાના ભાઇઓને થોડીવાર રાહ જોવાનું કહી નાંબી દાણાનો ડાબલો લેવા દોડી ગઇ.



પાંચ રાજા



રાજ મળે નહિ પાટ મળે નહિ,
વગર મફતના રાજા થયા;
ઊજડ ગામમાં ધણી એરંડો,
એવા રાજા વરરાજા!

રાજ ખરૂં વળી પાટ ખરૂં ને,
પ્રધાન મંત્રી દાસ ઘણા;
મહેલ મનોહર વાડી ગાડી,
એવા રાજા નરરાજા!



ત્રાડે જંગલ ગાજી ઊઠે,
બીકણુ તો થરથર ધ્રૂજે;
પશુ માનવી ચેતી ચાલે,
એવા રાજા વનરાજા!



આધીન જેને આખી દુનિયા,
જેના વિણુ સહુ ભૂખે મરે;
પરોપકારી દયાળુ પૂરા,
એવા રાજા મેઘરાજા!

હસતું મુખ મનોહર જેનું,
અંતર ઉજ્જ્વળ સ્નેહભર્યું;
માતપિતાનાં મોંઘાં ફૂલડાં,
એવા રાજા બાલ રાજા.



વ્રજલાલ શાહ

ડાબલો લઇને નાંબી જ્યાં ધનુષ્ય ઉપર પાછી આવે છે ત્યાં વાલુંએ તેને સામો મળ્યો. તેને જોઇને નાંબી બીચારી ગભરાઈ ગઇ. પેલાએ પૂછ્યું કે 'તું ક્યાં જાય છે?' નાંબી કંઇ બોલ્યા વગર આગળ ચાલવા લાગી, પણ વાલુંએ એમ ખસે તેવો નહોતો. તેણે નાંબીને કહ્યું કે 'જ્યાં તું જઇશ ત્યાં હું પણ તારી સાથે જરૂર આવવાનો.

નાંબી બીચારી રડી પડી. તે બોલી કે તારાથી મારી સાથે નહિ અવાય, હું પૃથ્વી ઉપર જાઉં છું. અને બાપુએ મને તને ત્યાં તેડી જવાની ના પાડી છે.

આથી વાલુંએ ચીડાઇ ગયો અને બોલ્યો કે મારાથી તમે બધા છાનગપતીયાં રમો છો, એમને ? ઠીક છે, હમણાં તું ભલે જા; પણ હું તારી પછવાડે પૃથ્વી ઉપર આવીને તને ને તારા કીંહુને મળવાનો એ ચોક્કસ માની લેજે.

નાંબી બીચારી બહુ રડતીરડતી પોતાના બેઉ ભાઇઓ રાહ જોઇ ઊભા હતા ત્યાં આવી અને તેમને વાત કહી તે ભાઇઓને પણ બાપ તરફથી ઠપકો મળવાના વિચારે બહુ બીક લાગી. નાંબીને તેઓ ઠપકો દેવા લાગ્યા કે તેં બાપુનું કહ્યું માન્યું હોત તો આ દશા ન આવત. પણ હવે બીજો ઉપાય નહોતો, એટલે એ ત્રણે જણાં સરકીને મેઘધનુષ્ય ઉપરથી નીચે પૃથ્વી ઉપર આવી પહોંચ્યાં, અને કીંહુને જોતાં જ નાંબી પોતાનું બધું દુઃખ વિસરી ગઇ.

ભાઇઓ તો નાંબીને પ્રણામ કરીને ચાલતા થયા. નાંબીએ પોતાનું નવું જીવન શરૂ કર્યું. પહેલાં તેણે



માધુકરી

કદી ચહું ન હે પ્રભો! અગિત તારૂં ઐશ્વર્ય હું,
ન તો અમર લોકનું સુખ અનંત સ્વપ્ને ચહું!
પરંતુ ચહું એક હું જનમજન્મનું સ્વપ્ન જે
સદા ઉર ગહીં વહું રગરગે ઊંડે આત્મ મેં.
ચહું તુજ કને પ્રભો! વચન એક કે જ્યાહરે
પડે ભરતભૂમિની રજકણે બન્યો દેહ આ,
પડે ભરતની વિશુદ્ધિ થકી એ ભર્યો ત્યાહરે!

—'સ્નેહરશ્મિ'

અધ્યાપક કુમારપ્પા



સ્વરાજની હિલચાલમાં ખ્રિસ્તી સમાજનો ફાળો પૂરતો નોંધાવવા માટે જ જાણે આવ્યા હોય તેમ, શ્રી જૉસેફ કૉર્નેલિયસ કુમારપ્પા, ગયા વર્ષની સ્વાતંત્ર્યની લડતની શરૂઆત પહેલાં જ ગાંધીજી પાસે આવ્યા. એમનું ખાનદાન મૂળ તાંજોર તરફનું. ખ્રિસ્તી થયા પહેલાંની ન્યાત સંભારીએ તો તેઓ ક્ષત્રિય ગણાય. દસ ભાઇબહેનોના બહોળા કુટુંબમાં બધાં જ સંસ્કારસંપન્ન છે. એ લોકો ધારે તો ભાઇબહેનો ને આસપાસનાં થોડાં સગાંસંબંધી મળીને એક સરસ વિદ્યાપીઠ ચલાવી શકે. આ બધાનું શ્રેય એમની ધર્મનિષ્ઠ અને વિદ્યાપ્રેમી માતાને ઘટે છે. પોતાનાં બાળકોની કેળવણી પાછળ માતાએ પોતાનું આખું જીવન નીચોવ્યું. સાત વરસ પર એ સ્વર્ગવાસી થયાં.

કુમારપ્પાએ મદ્રાસ યુનિવર્સિટીની કેળવણી પૂરી કરી લંડનમાં છ વરસ હિસાબી કામની કેળવણી લીધી અને ત્યાં જ ધંધો આરંભ્યો. પણ માતાને એ ન રૂચ્યું, એટલે પાછા આવ્યા અને મુંબાઇમાં ધંધે વળગ્યા. વળી એમને અમેરિકા જવાનું સૂઝ્યું. ત્યાં કોલંબિયા યૂનિવર્સિટીમાં બે વરસ રહી વિખ્યાત અર્થશાસ્ત્રી સેલીગમૅનના હાથ તળે રાષ્ટ્રીય જમાખર્ચનું અધ્યયન કર્યું. એ અધ્યયનને અંતે એમણે હિંદુસ્તાનના દારિદ્રય વિષેનો એમનો વિખ્યાત નિબંધ લખ્યો.

એમની શક્તિ ઓળખીને દેશસેવાના કાર્યમાં એમને પ્રવૃત્ત કરનાર અને કમાણીનો ધંધો છોડી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ઝંપલાવવાનું સુઝાડનાર એક અંગ્રેજ બાઇ હતી એ જાણીને આપણને જરૂર આનંદ થાય. જ્યારથી તેઓ ગુજરાતમાં આવ્યા છે ત્યારથી લોકોમાં ભળી જવાની એમની શક્તિ, એમની સાદાઇ, નિયમિતતા અને ઉદ્યોગીપણું, ને ધાર્મિકતાના ડોળ વગરની ઊંડી ધર્મનિષ્ઠા,—બધા જ ગુણોથી એમણે મિત્રોને તેમજ વિદ્યાર્થીઓને મોહિત કર્યા છે. એમની રહેણીકરણીમાં એમની સ્વતંત્ર વૃત્તિ સહેજે તરી આવે છે. અને એની સાથે પ્રતિષ્ઠાના લોભ કે ધમાલથી તેઓ તદ્દન અસ્પૃષ્ટ છે.

એ હાડના અધ્યાપક છે. ગુજરાતના ખેડુતોની આર્થિક દશા કેટલી નબળી છે એની તપાસમાં તેઓ મશગૂલ હતા. છાપાં માટે લેખો લખવા એ તો એમના ક્ષેત્રની બહારની વાત હતી પણ જ્યારે યંગ ઇન્ડિયાનું તંત્ર સંભાળવાનું કામ માથે આવી પડ્યું ત્યારે અધ્યાપકની ચોકસાઇથી એમણે એ કામ કર્યું અને શોભાવ્યું. એમના લેખોમાં મોળાશ ન મળે. મિત્રો એમના લેખોને મદ્રાસી લવીંગિયા મરચાની ઉપમા આપતા. એ ઉપમા બરાબર નથી. ઉપમા આપવી જ હોય તો એ લેખોને આદુ સાથે સરખાવાય. તિખાશ હોવા છતાં સાત્ત્વિકતાનો ભંગ ક્યાં યે ન મળે. ગાંધીજીના છાપામાં પોતે લખે છે એ ભાન અખંડ રાખીને એમણે લખ્યું છે. પોતે

ખ્રિસ્તી હોઈ હિંદુસ્તાનના ખ્રિસ્તી અધિકારીઓ અને ઉપદેશકોનો દંભ તેમને અસહ્ય થતો. ખ્રિસ્તી સમાજ પરના એમના ચાબખા અંગ્રેજી સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ભોગવશે. એમણે પોતાના ધર્મબંધુઓ વિષે જે લખ્યું છે તે આપણે પોતાને વિષે પણ ઘટાવવું જોઇએ. (નવજીવન)

બલ્બન

દિલ્હીના બજારમાં ગુલામોનો સોદો થતો હતો. દેશ-પરદેશના ગુલામોને શણગારીકારવીને રીતસર ઊભા રાખ્યા હતા. ગુલામોના માલિકો ઘરાકોની પાસે પોતાના માલનાં વખાણ કરતા હતા. સુલ્તાન અલ્તમશ પોતાના રસાલા સાથે આજે ગુલામોની ખરીદી કરવા આવ્યા.

'જહાંપનાહ! આ ગુલામ ઠેઠ બાલ્ખથી હું લાવ્યો છું. આપના જનાનાને એ બરોબર લાયક બંદો છે.'

સુલ્તાને ધ્યાન ન આપ્યું.

'જહાંપનાહ! આ છોકરો તો જુઓ. આપના જ મુલકનો છે એ; જોયો એનો તુર્કી ચહેરો?'

સુલ્તાન ચમક્યો. વર્ષો પહેલાં પોતે જાતે ગુલામ રૂપે ગઝનીના બજારમાં સોદા માટે ઊભો હતો તે દિવસો યાદ આવ્યા. તેણે છોકરા તરફ નજર નાખી.

'પણ આ તો બહુ જ કદરૂપો છે. આને લઇને હું શું કરૂં? જોને એનું શરીર પણ કોઈ છે? સાવ ઠીંગણો.' સુલ્તાનનો પગ જાણે ઊપડ્યો. માલિક પોતાના માલ પર ધૂરકવા લાગ્યો.

એવામાં એ ગુલામ બલ્બન દીન વદને બોલ્યો, 'ખાવિંદ, આપે આ બીજા ગુલામો ખરીદ્યા તે કોને ખાતર?'

'કેમ વળી? મારા પોતાને ખાતર.'

'તો પછી આપ એક મને આપની ખાતર નહિ તો ખુદાની ખાતર પણ ન ખરીદો?'

આ ચાતુરીભરી વાણી સાંભળી સુલતાન થંભી ગયો અને પછી તેને ખરીદીને ચાલતો થયો.

※

દિલ્હીની કચેરીમાં આજે કાંઇક જુદું જ દેખાય છે. ચાળીસ વર્ષ ઉપરનો ગુલામ બલ્બન આજે દિલ્હીનો સુલ્તાન થયો છે. દિલ્હીના ગર્વિષ્ઠ ખાનોનાં માથાં તેણે ધડથી જુદાં પાડ્યાં છે; તોફાની સરદારોને તેણે તોબા પોકરાવી છે; બલ્બનના મોઢામાંથી કઇ ઘડીએ શું નીકળશે તે કોઈ કળી શકતું નથી; તેની આંખોમાં નર્યું ખૂન વરસે છે. હસવું એ તો બલ્બન શીખ્યો જ નથી. ક્રૂરતા ને દમામની જાણે મૂર્તિ!

'આ અપ્તગીનને ઝબ્બે કરો!'

'પણ ખાવિંદ...' લાંબા નાકવાળો અપ્તગીન કાકલુદીભર્યા અવાજે બોલ્યો.

'ખામોશ! બલ્બન આવી બાબતોમાં 'પણ'ને ઓળખતો નથી. એક કુત્તા જેવા તોઘ્રલને તમે હરાવી ન શકયા? બંગાળામાંથી નામોશી લઇને મારી પાસે આવ્યા તે કરતાં તો લખનૌના દરવાજા પાસે ખપી ગયા હત તો વધારે સારૂં હતું.'

'પણ જહાંપનાહ...' એ અમીર બોલ્યો.

'બસ કરો. મને બરોબર માલૂમ છે કે તોઘ્રલની તલવાર કરતાં તેની સોનામહોરો વધારે પાણીદાર છે. મારૂં ફરમાન અડગ છે. ચલાવ જલ્લાદ, અપ્તગીનનું માથું હવે વધારે વખત ધડ પર નહિ જોઇએ. હું જોઉં છું તોઘ્રલ કેમ નથી તાબે થતો.'

બંગાળામાં તોઘ્રલનું જોર જામતું હતું; ઉત્તર તરફ મોગલો રંજાડ કરતા હતા. ચોમાસાના દિવસો હતા ને રસ્તે નદીનાળાંની ભારે હરકત હતી. તોપણ બલ્બન જાતે જ તોઘ્રલને વશ કરવા ઊપડ્યો. પોતાના પુત્ર બઘ્રાખાનને તેણે સાથે લીધો.

ખુદ બલ્બન લશ્કર લઇને આવે છે એ સમાચાર મળતાં જ તોઘ્રલ લખનૌ છોડીને જંગલોમાં ભરાઈ ગયો.

'જહાંપનાહ, તોઘ્રલ તો બાયલાની માફક નાસી ગયો. વરસાદના દિવસો છે એટલે જંગલોમાં જવું ભારે થઇ પડશે. માટે આપ દિલ્હી સિધાવો; અમે પાછળથી તોઘ્રલને તાબે કરીને આવીશું.' અમીરોની આ સલાહ સાંભળતાં બલ્બન ફૂંફાડી ઊઠયો,'તમને ખબર છે, બંગાળા એટલે દિલ્હીની અરધી પાદશાહી? તોઘ્રલ અને તેના લશ્કરનું ખૂન પીધા વિના બલ્બન દિલ્હીમાં પગ મૂકવાનો નથી.'

બલ્બન તોઘ્રલની પાછળ જંગલમાં પેઠો. પણ ઊંડે ગીચ જંગલમાં પેઠેલા તોઘ્રલનો પત્તો લાગવો ઘણો મુશ્કેલ હતો. એક વાર કોઇ વણઝારાની પોઠ ત્યાંથી નીકળી. બલ્બનને શક પડયો એટલે પહેલાં તો તેણે બેચાર જણાનાં માથાં જ ઉડાવી દીધાં, અને પછી તેમની પાસેથી તોઘ્રલનો પત્તો મેળવ્યો. ચુનંદા ચાળીસ માણસોની ટુકડી તોઘ્રલના મુકામ તરફ ઊપડી. તોઘ્રલ તો પડાવ નાખી નિરાંતે પડ્યો હતો. આસપાસ હાથીઓ ઝાડ સાથે મસ્તી કરતા હતા ને ઘોડા ચરતા હતા.. બલ્બનની ટુકડી એકદમ છાપો મારી તૂટી પડી. તોઘ્રલને કાને અવાજ પડતાંવેંત તે પોતાની ઘોડી ઉપર કૂદી નાઠો. પણ નદી ઓળંગતાં પકડાયો. બલ્બન તોઘ્રલને કબજે કરી લખનૌ લાવ્યો.

લખનૌની બજારમાં ફાંસીના મોટા માચડા ઊભા કરી તોઘ્રલને તેના દીકરા તથા સગાંવહાલાં અને સરદારો સાથે ફાંસીએ ચડાવ્યો. આખા લખનૌમાં ફેં ફાટી ગઈ.

આ હત્યાકાંડ પૂરો કરી બલ્બને પોતાના દીકરા બઘ્રાખાનને બોલાવ્યો. બંગાળાની સૂબાગીરી તેને સુપ્રત કરી તે બોલ્યો, 'મહમુદ, આ જોયું કે?' બઘ્રાખાન સમજ્યો નહિ.

'તોઘ્રલના કેવા હાલ થયા તે જોયું? ભવિષ્યમાં બદમાશો તને દિલ્હીના સુલતાનની સામે બંડ કરવાની સલાહ આપે ત્યારે આ લખનૌની બજારને યાદ કરજે. કદી ભૂલતો મા. સિંધ કે માળવા, ગુજરાત કે લખનૌ કોઇ પણ ભાગના સૂબાઓ સુલતાનની સામા થાય તો તેમને માથે, તેમનાં સ્ત્રી બચ્ચાંઓને માથે, તમામ માણસોને માથે મારી તલવાર લટકે છે, એ ભૂલતો મા.'

બખ્ત્યારખાનને બંગાળ સોંપી બલ્બન દિલ્હી આવ્યો. ઇ. સ. ૧૨૦૦માં તે મરણ પામ્યો.

(દક્ષિણામૂર્તિના 'વિદ્યાર્થી' પાસેથી) —નાનાભાઈ

યુગાંડાની લોકવાર્તાઓ


આફ્રિકાને આપણે જંગલી પ્રજાનો દેશ માનીએ છીએ. તેમાં યે ખાસ કરીને યુગાંડા તો બહુધા પશુ જેવા માણસોથી ભરેલો દેશ લાગે. ખરી વાત એ છે કે યુગાંડાના મૂળ વતનીઓ કેવળ કુદરતની સાથે જ એકાંત જંગલમાં ઘાસનાં ઝુંપડાઓમાં વસનારા અને ફલફૂલનો આહાર કરનારા, ઝાડની છાલથી અંગ ઢાંકનારા અથવા તો ઉઘાડે અંગે ફરનારા, પ્રાચીનકાળમાં આપણા આર્ય ઋષિમુનિઓ રહેતા તે પ્રમાણે રહેનારા એ લોક છે. યુરોપીઅનો અને હિંદીઓ યુગાંડામાં વસતા થયા ત્યારથી તેમના સહવાસબળે હાલ આપણે જેને 'Civilisation'—'સંસ્કૃતિ' કહીએ છીએ તે એ લોકો શીખતા થયા છે અને ઘણાખરા તો તેમાં બહુ હોશિયાર બની ચૂકેલા છે. છતાં ઊંડાઊંડાં જંગલોમાં આ પ્રજાના મોટામોટા જથ્થાઓ હજી એવા પડેલા છે કે જે આપણી દૃષ્ટિએ પશુ કરતાં કોઇ રીતે ચડિયાતું જીવન ગાળતા ન જણાય.

આવી છેક Primitive—આદિકાળની પશુવત્ જણાતી પ્રજામાં પણ દેવ, ઇશ્વર વગેરેની માન્યતા અને વહેમો ખૂબ પ્રચલિત છે. અને જગતની સુધરેલી પ્રજાઓમાં જેમ પોતાની પ્રાચીન દંતકથાઓ અને લોકવાર્તાઓ હોય છે તેવી આ પ્રજાના લોકોમાં પણ હોય છે. લોકસંગ્રહ કરનારા કેટલાક અંગ્રેજોએ એવું બધું કંઠસ્થ સાહિત્ય એકત્ર કરી છપાવવા માંડ્યું છે. તેવા સંગ્રહમાંથી એક વાર્તા આ અંકના બાળવિભાગમાં આપવામાં આવી છે. જન્મ, મૃત્યુ વગેરે અણઉકેલ્યા કોયડા વિશે ભોળી અને અણસમજુ પ્રજા પણ અમુક જાતની માન્યતાઓ દેશેદેશમાં બાંધી બેઠેલી હોય છે. તેવી માન્યતા યુગાંડામાં કેવા પ્રકારે ઉપજી તે આ વાર્તાથી જાણી શકાય છે. હિંદુઓનાં પુરાણો અને ખ્રિસ્તી બાઈબલમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને એવી બીજી બાબતો વિશે જે બુદ્ધિમાં ન ઊતરે એવી હકીકતો લખાએલી છે તેની સાથે સરખાવતાં યુગાંડાના અર્ધમાનવી, અર્ધપશુ જેવા બીહામણા લાગતા લોકોની એ વાર્તા છેક નીરસ કે અર્થ વગરની નહિ લાગે.

—રામુ ઠક્કર

ગણિતના આંકડાઓનું ઉત્પત્તિસ્થાન

સંખ્યા ગણવાની બે જ રીત પ્રચલિત છે. એક આંકડાઓને ફરીફરી મૂકવાની રીત; અને બીજી રીત અક્ષરોમાં લખી બતાવવાની. પહેલી રીતમાં સંખ્યા વધી જાય ત્યારે વિસ્તારના ભયે તેની ગુણસંખ્યા બતાવનારું નવું ચિહ્ન મુકાય છે. દુનિયાના દરેક દેશોમાં અતિ પ્રાચીન કાળથી વ્યવહાર અને હિસાબની ખાતર આવાં ચિહ્નો વપરાતાં આવ્યાં છે. યુરોપમાં બારમા સૈકા સુધી રોમન ચિહ્નો વપરાતાં—આપણાં ઘડિયાળોના ચંદા પર હોય છે તેવાં. (આ પ્રમાણે: I II III IV V VI VII VIII IX X XI XII વગેરે. પછી L એટલે પચાસ C એટલે સો અને M એટલે હજાર.) પછીથી દરેક સંખ્યાને બદલે દસ સુધીના આંકડાઓ જ વપરાવા લાગ્યા. આ દસ આંકડાઓને યુરોપમાં 'અરેબિક' નામથી ઓળખવામાં આવે છે; પરંતુ તેનું મૂળ સ્થાન અરબસ્તાન નહિ પણ હિંદુસ્તાન છે.



આ ઉપરના ચિત્રમાં નં. ૧ના કોઠામાં આસીરીઅનો અને મિસરવાસીઓ કેવી રીતે આંક લખતા તે બતાવ્યું છે. પ્રાચીન ગ્રીક લખાણમાં ગણત્રી બતાવવાને આંકને બદલે અક્ષરોનો પ્રયોગ થયો છે તેમાં પણ કેટલાક ફીનીશિયન અપ્રચલિત અક્ષરો ઘુસાડયા છે. ગ્રીકના મહાભારત કાવ્ય ઇલિયડના સર્ગોની સંખ્યા એવા અક્ષરોમાં જ લખેલી છે.

તે પછી તેના કરતાં વધારે સુધરેલી રીત ગ્રીકોએ અને હિબ્રુઓએ પાછળથી પ્રચલિત કરી. તેમણે અક્ષરોમાંથીજ એકમ દશક અને સેંકડો બતાવવાને ત્રણ પ્રકાર ઘડયા હતા. તેમાં પછી ડાબી બાજુએ એક લીટો કરવાથી હજારની સંખ્યા બનતી.

આ પદ્ધતિમાં મોટી મુશ્કેલી એ હતી કે જુદીજુદી કિંમતના

આંકડા જુદેજુદે સ્થાને નહોતા. એકમ, દશક, સો વગેરે કિંમત માટે જુદાંજુદાં સ્થાન રાખવાનું આ લોકોને તે વખતે સૂઝયું નહોતું, કારણકે શૂન્યના આંકડા (૦)ની શોધ તો ત્યાર પછી બહુ મોડે થઈ!

દશક પદ્ધતિ આરબ વેપારીઓએ હિંદુસ્તાન પાસેથી શીખીને સ્પેનમાં દાખલ કરી, અને ત્યાંથી પછી તે આખા યુરોપમાં પ્રસરી, આ ઉપરથી તે 'અરેબિક' આંકડા કહેવાયા.

વિદ્વાનો કહે છે કે ખ્વારાઝમ નામે એક અરબ ગણિતશાસ્ત્રીએ દશકપદ્ધતિ અરબસ્તાનમાં દાખલ કરી. તેણે બીજગણિત ઉપર એક પુસ્તક રચ્યું હતું, તે ઉપરથી જ દશક પદ્ધતિના આંકડાઓનું જ્ઞાન મળ્યું. પંદરમા સૈકા સુધી તો આ આંકડાનો ઉપયોગ માત્ર ગણિતશાસ્ત્રનાં પુસ્તકોમાં થતો હતો, પણ સંખ્યા બતાવવા માટે અક્ષરો કરતાં આંકડા વાપરવામાં જે વધારે સગવડ રહેલી છે તેને લીધે આંકડાનો પ્રચાર છેવટે સામાન્ય વ્યવહારમાં પણ થયો.

નં. ૨ના કોઠામાં આંકડાઓના આકારનો વિકાસ ધીરેધીરે કેમ થયો તે બતાવ્યું છે. આ કોઠો કૅનન ટેલરે ૧૮૮૨ની જાન્યુઆરીના 'ધિ ઍકેડેમિ' ઉપર મોકલ્યો હતો.

ગ્રીક લોકો છેવટે દશક પદ્ધતિ ઉપર આવ્યા હતા કે નહિ તે બરાબર જાણવામાં નથી. તેઓ હજારની સંખ્યા બતાવવાને ડાબી બાજુએ એક લીટી કરતા હતા એ ઉપરથી છેવટે તેઓ દશક પદ્ધતિને મળતી કોઇ પદ્ધતિ ઉપર કદાચ આવ્યા હોય, એવું અનુમાન થાય છે. (ઇનલૅન્ડ પ્રિન્ટર)

જિંદગીની જીવલેણ પંદર મિનિટ!

અમેરિકાની યેલ યૂનિવર્સિટીના સુવિખ્યાત ડૉ. યાન્ડેલ હૅન્ડરસન એક જગ્યાએ લખે છે કે 'જન્મ પછીની પહેલી પંદર મિનિટ એ માણસની મહા ભયંકર ઘડી છે.'

તરતનું જન્મેલું સાધારણ બાળક પૃથ્વી ઉપર અવતરતાંની સાથે જ રડે છે. આ પ્રથમ રુદનની સાથે જ ફેફસામાં પ્રાણવાયુ ભરાય છે અને શરીર-યંત્ર ચાલુ થાય છે. ગમે તેમ થતું હોય, પણ જ્યારે એ વખતે કંઇ વિઘ્ન આવી પડે છે અને એ 'પ્રથમ રડવું' બાળકને આવતું નથી (અને તેમાં યે જો કોઇ હોશિયાર ડૉક્ટર કે જાણકાર તે પળે હાજર નથી હોતો) તો બીચારૂં બાળક આ દુનિયાનો એક પણ શ્વાસ લીધા વિના મરણ પામે છે. જન્મ પછીના કોઇ પણ મહિનામાં જેટલાં બાળકો મરણ પામતાં હશે તેના કરતાં ઘણા મોટા પ્રમાણનાં બાળકો, ઘણુંખરૂં આ રીતે જન્મ પામતાંની સાથે પહેલી પંદર મિનિટમાં મરણશરણ થાય છે. આમાંના ઘણાંખરાં તો હોશિયાર, જાણકાર ડૉક્ટરની મદદ વડે બચાવી શકાય એમ ડૉ. યાન્ડેલ માને છે. વળી તે જણાવે છે કે મગજની નીચેના ભાગમાં મજ્જાતંતુનું કેંદ્ર હોય છે. જ્યારે લોહીમાં વધારે પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઇડ ગૅસ થાય છે ત્યારે શ્વાસ જોરથી ચાલે છે. આ જ વાયુ આપણે શ્વાસ વાટે બહાર કાઢીએ છીએ. આ વાયુ હવામાં થોડા પ્રમાણમાં ઉમેરવામાં આવતાં માણસનો શ્વાસ ઝડપથી ચાલે છે. તરતનું જન્મેલું બાળક જો તરત શ્વાસ ન લઈ શકતું હોય તો જરા જેટલો કાર્બન ડાયોક્સાઇડ વાયુ ભેળવેલી હવા બહુ જ ધીમે ધીમે તેના ફેફસાંની અંદર અને બહાર દાખલ કરવી, આથી મજ્જાકેન્દ્ર ઉત્તેજિત થઇ બાળક કુદરતી શ્વાસ લેવા માંડશે.

('લિટરરી ડાઇજેસ્ટ')

ઝેરી ગૅસ

છેલ્લા મહાયુદ્ધ પછી ઝેરી ગૅસ બહુ જાણીતો થઇ પડયો છે. ૧૯૧૫ના ઍપ્રિલની ૨૨મી તારીખે જર્મનોએ તે પહેલવહેલો વાપરી ૨૧૦૦૦ બ્રિટિશ અને ૧૮૦૦૦ ફ્રેન્ચ સૈનિકોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો. તે પછી તો એ યુદ્ધના અગત્યના અસ્ત્ર તરીકે ગણાયો છે. પણ જીનીવામાં થતા યુદ્ધનાબૂદીના પ્રયત્નોને અંગે હમણાં એક કરાર યોજવામાં આવ્યો છે અને ગ્રેટબ્રિટન, ફ્રાન્સ અને જર્મની એ ત્રણે સત્તાઓએ હમણાં એ કરાર પર સહી કરીને કબૂલ કર્યું છે કે હવેથી માણસનું મૃત્યુ નિપજાવનારા અને તેને પાંગળા બનાવી દેનારાં એવાં કોઇ શસ્ત્રઅસ્ત્ર યુદ્ધમાં વાપરવાં નહિ.

પરંતુ આ કરાર જ્યારે અમેરિકા સંમુખ આવ્યો ત્યારે ત્યાંના સત્તાધીશોએ ઝેરી ગૅસ સંબંધમાં બહુ વિચિત્ર પણ સબળ બચાવ કર્યો છે. તેઓ કહે છે કે દારૂગોળા, બંદુકો અને બૉંબ કરતાં ઝેરી ગૅસ એ વધુ દયાભર્યું અસ્ત્ર છે. એના વપરાશથી માણસને કશી વેદના નથી થતી કે તેને રીબાવું નથી પડતું. અને લાંબાવિવેચનને અંતે એક લેખક તે વિષે જણાવે છે કે લડાઇનાં આવાં વૈજ્ઞાનિક સાધનો એ વધારે સુધરેલાં અને દયાળુ છે એટલું જ નહિ પણ જગતમાં શાંતિ જાળવવામાં ઘણાં ઉપયોગી થઇ પડશે. કેમકે એવાં સાધનો તો માત્ર જગતની મોટી સુધરેલી સત્તાઓ જ બનાવી શકતી હશે, અને અર્ધ સુધરેલાં નાનાં નાનાં રાજ્યો જે ટંટાફિસાદ કરતા હશે તેને એ સાધનોથી સારીરીતે કાબુમાં રાખી શકશે. વળી જે દહાડે એ સાધનો બનાવનારી ખુદ મોટી સત્તાઓ યુદ્ધમાં ઊતરશે ત્યારે પણ, આજના દારૂગોળા કરતાં ઘણું ઓછું નુકસાન થશે. કેમકે ગૅસ જેવાં વૈજ્ઞાનિક સાધનોથી માલમિલ્કત, મકાનો શહેરો વગેરેનો કંઇ વિનાશ થવાનો નથી; માણસો મરશે ઘણાં ઓછા અને જેટલા તેની અસરમાંથી બચીને શુદ્ધિમાં આવશે તે, દારૂગોળાની પેઠે અપંગ નહિ બની ગયાં હોય!

જગતનો કુબેર ગણાતો હેનરી ફૉર્ડ વરસ દહાડે લોહીનું પાણી કરી માંડમાંડ ત્રણ કરોડ રૂપિયા કમાય છે; જ્યારે શ્રીમંત ગાયકવાડ જરા યે પરસેવો વાળ્યા વિના વરસ દહાડે દસ કરોડ રૂપિયા મેળવે છે.

બુદ્ધિશક્તિ વધારવાનો સાચો નુસખો સારસ્વત ચૂર્ણ નથી, પણ કામગરૂં જીવન છે. —બા.

'કેટલું ગંદુ!' 'કેવી દુર્ગંધ!' 'તેની પાંસળીઓ બહાર નીકળી પડી છે.' 'ને આવી દશા આવે તેમાં કાંઇ નવાઇ નહિ.' એ રીતે માર્ગે જતા લોકો રસ્તા પર મરેલા પડેલા કુતરા તરફ તિરસ્કાર દર્શાવતા હતા. ત્યાં ઠપકાભર્યો મૃદુ અવાજ સંભળાયોઃ 'મોતીથી યે સુંદર એના દાંત કેવા સફેદ છે!' ચમકીને લોકો ધીમેથી વાતો કરવા લાગ્યા: 'મરેલા કુતરા માટે આવા મીઠા શબ્દો ઈશુ વિના બીજું કોણ બોલે?'

અનેકાર્થી શબ્દ : **જાન**=જીવ; વર સાથેનું મંડળ; નુકસાન; ગાયિકા તથા નર્તકીના નામને છેડે લગાડાતો શબ્દ.

વીંછી ડંખે કે તરત 'કૉપીઇંગ પેન્સિલ' (જાંબલી રંગની આવે છે તે) જરા પાણીમાં બોળી ડંખ ઉપર ઘસવી; તથા હાથ, પગ કે જે અંગ પર ડંખ હોય તેની આસપાસ, વીંછી ચડતો જાય તેમતેમ, ઉપરના ભાગમાં તે ભીની પેન્સિલ વડે કુંડાળાં કરતાં જવાં. તરત વીંછી ચડતો અટકશે; ને પછી જલદી ઊતરી જશે.

બનાવટી ઘી પારખવા માટે કાચની રકાબીમાં પાવલીભાર ઘી લઇ તેમાં નાઇટ્રિક ઍસિડનાં પાંચ ટીપાં નાખી કાચની સળીથી હલાવો. ઘી બનાવટી હશે તો લાલ થઇ જશે, ભેગ વાળું હશે તો થોડું લાલ થશે, ચરબીનું હશે તો રૂનાં પુમડાં માફક ગોટો વળી જશે ને ખરૂં ઘી હશે તો મૂળ રંગ જેવો ને તેવો કાયમ રહેશે. ઍસિડ નાખેલું ઘી રાખ અગર માટીમાં ભેળવી દાટી દેવું. (વ.ર.હી.)

• એક ભાગ દળેલી હળદર અને વીસ ભાગ ફટકડીનો ભૂકો સારી પેઠે મેળવી તે કાનમાં દરરોજ બેત્રણ વાર નાખતા રહેવાથી વહેતા કાન મટશે

આફ્રિકામાં કિલિમાંજારો નામનાં ફૂલ થાય છે તે પાણીમાં નાખતાં કરમાઇ જાય છે અને સૂકાતાં ખીલે છે! બારે માસ ખીલેલાં; માત્ર સુગંધ નહિ.



કેળામાં પહેલાં બી હતાં તે કાઢી નાખીને કૃષિવિજ્ઞાનશાસ્ત્રીઓએ બી વિનાનાં કેળાં તો બનાવ્યાં છે. હવે બી વિનાનાં નારંગી બનાવે છે; એટલું જ નહિ પણ બટેટા ને ટમેટાના છોડના મિશ્રણથી એવા છોડ બનાવ્યા છે કે જેનાં મૂળ પર જમીનની અંદર બટેટાં થાય, અને ઝાડ પર ટમેટાં જામે!

કાગળમાં ઉષ્ણમાન સાચવવાની સારી શક્તિ છે. ગરમાગરમ પૂરી-ભજિયાં વગેરે ન્યુસપેપરના જાડા થોકડામાં વીંટાળી રાખવાથી ઘણો વખત ગરમ રહેશે. એ જ રીતે બરફ લપેટી રાખવાથી બહુ ધીમેથી પીગળશે.

હાજી અલી નામનો મિસરી આરબ એકી ટશે ૧૫૦ ગ્લાસ પાણીના (દારૂના, ને કોઇ વાર રવાડે ચડે તો ગૅલનબંધ ઘાસલેટ પણ) ગટકાવી જવાના અદ્ભુત પ્રયોગો વારંવાર અમેરિકામાં કરે છે. આ વિચિત્ર પાચનશક્તિનું કારણ એવું કહેવાય છે કે તેને બે પેટ છે; અને તે સામાન્ય માણસના કરતાં મોટા કદનાં!

પ્લાસ્ટરમાં સ્ક્રૂ બેસાડવો હોય તો ફટકડીના પાણીમાં મેળવેલો પ્લાસ્ટર વેહમાં રેડીને પછી તેમાં સ્ક્રૂ મૂકી સુકાવા દેવો. સજ્જડ થઇ જશે.

• સરખે ભાગે મેળવેલાં ઍમોનિયા ને ટર્પેન્ટાઇન કપડાં પરથી રંગના ડાઘ કાઢશે.